# સ્વર્ગ-નરકની સ્વસંચાલિત પ્રક્રિયા

-શ્રીરામ શર્મા આચાર્ય

# સ્વર્ગ-નરકની સ્વસંચાલિત પ્રક્રિયા

લેખક :

પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક :

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

ગાયત્રી તપોભૂમિ, મથુરા.

ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિસ્થાન :

ગાયત્રી જ્ઞાનપીઠ

પાટીદાર સોસાયટી, જૂના વાડજ,

અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન : ૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ-૨૦૧૨ કિંમત રૂા. ૨૨.૦૦

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at

www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


૧. આ સંસાર કર્મફળની વ્યવસ્થાના આધારે જ ચાલી રહ્યો છે ૩
૨. ભાગ્યવાદની ભ્રામક માન્યતા અને પ્રારબ્ધની વાસ્તવિકતા ૧૯
૩. સ્વર્ગ અને નરકની સ્વસંચાલિત પ્રક્રિયા ૩૪
૪. કુસંસ્કારો દૂર કરો, ભૂલો સુધારો ૪૭
૫. પ્રાયશ્ચિત્ત પ્રક્રિયાથી ભાગશો નહિ ૬૪
૬. અભિવર્ધન કરતાં પહેલાં શુદ્ધિ અનિવાર્ય ૮૨
૭. ઇષ્ટપૂર્તિ તથા તીર્થયાત્રા ૯૬


**સ્વયં કર્મ કરોત્યાત્મા, સ્વયં તત્ફલમશ્નુતે ।**
**સ્વયં ભ્રમતિ સંસારે, સ્વયં તસ્માદ્વિમુચ્યતે ॥**

**- ચાણક્ય**

જીવ પોતે કર્મ કરે છે અને પોતે જ તેનું ફળ ભોગવે છે. તે પોતે જ સંસારમાં ભ્રમણ કરે છે અને પોતે જ તેનાથી મુક્ત બને છે.


મુદ્રકઃ
યુગનિર્માણ યોજના પ્રેસ,
ગાયત્રી તપોભૂમિ, મથુરા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# આ સંસાર કર્મફળની વ્યવસ્થાના આધારે ચાલી રહ્યો છે

આ સમગ્ર સંસાર કર્મફળની વ્યવસ્થાના આધારે ચાલી રહ્યો છે. જે જેવું વાવે છે તેવું જ લણે છે. દરેક ક્રિયાની હંમેશાં પ્રતિક્રિયા થાય છે. લોલકને એક બાજુ ધકેલવામાં આવે તો ફરી પાછું પોતાના મૂળ સ્થાને આવી જાય છે. દડાને જોરથી દીવાલ પર ફેંકવામાં આવે તો પાછો જ્યાંથી ફેંકવામાં આવ્યો હતો ત્યાં જ આવીને પડે છે. મગજમાં પેદા થયેલા સારા કે ખોટા વિચારો શબ્દવેધી બાણની જેમ અંતરિક્ષમાં આંટો મારીને પાછા તેના ઉદ્ભવસ્થાને આવીને બેસી જાય છે. કર્મની બાબતમાં પણ આવું જ છે. બીજાઓના હિત કે અહિત માટે જે કંઈ કરવામાં આવે છે તેની પ્રતિક્રિયા કર્મ કરનાર પર તો ચોક્કસપણે થાય છે, પછી ભલે જેના માટે કર્મ કરવામાં આવ્યું હતું તેને કોઈ ફાયદો કે નુકસાન થાય કે ન થાય. ઘઉંમાંથી ઘઉં જ પેદા થાય છે અને ગાય પોતાના જેવું જ બચ્ચું પેદા કરે છે. કર્મની બાબતમાં પણ એવું જ છે. કર્મ ક્યારેય વાંઝણું કે નપુંસક હોતું નથી. તે પોતાની પ્રતિક્રિયારૂપ સંતાન અવશ્ય પેદા કરે છે. તેનું પ્રતિફળ ચોક્કસ પેદા થાય છે. જો આવું ન થતું હોત તો આ સૃષ્ટિમાં ઘોર અંધકાર છવાયેલો જોવાં મળત. આ સ્થિતિમાં બધા ગમે તેવું વર્તન કરતા હોત અને કોઈ તેના પરિણામની ચિંતા ન કરત. આ સંદર્ભમાં શાસ્ત્રો પોતાનો મત સ્પષ્ટ કરે છે-

**યત્ કરોત્યશુભં કર્મ શુભં વા યદિ સત્તમ ।**
**અવશ્યં તત્ સમાપ્નોતિ પુરુષો નાત્ર સંશયઃ ॥**

- મહાભારત (વન પર્વ), અ.૨૦૯/૫

મનુષ્ય જે કંઈ શુભ કે અશુભ કર્મ કરે છે તેનું ફળ તેણે અવશ્ય ભોગવવું જ પડે છે, તેમાં કોઈ શંકા નથી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**જ્ઞાનોદયાત્ પુરાઽઽરબ્ધં કર્મ જ્ઞાનાન્ન નશ્યતિ ।**
**અદત્વા સ્વફલં લક્ષ્યમુદ્દિશ્યોત્સૃષ્ટબાણવત્ ॥**

– અધ્યાત્મોપનિષદ ૨/૫૩

જ્ઞાનનો ઉદય થઈ જવા છતાં પણ અગાઉ કરેલાં કર્મોનું ફળ તો ભોગવવું જ પડે છે. તેનો નાશ થઈ શકતો નથી. ધનુષ્યમાંથી છૂટેલું બાણ પ્રહાર અવશ્ય કરે છે.

**આત્માપરાધવૃક્ષસ્ય ફલાન્યેતાનિ દેહિનામ્ ।**
**દારિદ્રયદુઃખરોગાનિ બન્ધનવ્યસનાનિ ચ ॥** – ચાણક્ય

મનુષ્યોને પોતાના અપરાધરૂપી વૃક્ષનાં દરિદ્રતા, રોગ, દુઃખ, બંધન, વિપત્તિ વગેરે ફળો પ્રાપ્ત થાય છે.

**ઉભયમેવ તત્રોપયુજ્યતે ફલં ધર્મસ્યૈબેતરસ્ય ચ ॥**

– મહાભારત (ઉદ્યોગપર્વ), ૪૨/૨૩

રાજન ! ધર્મ અને પાપ બંનેનાં જુદાંજુદાં ફળ હોય છે અને તે બંનેને અવશ્ય ભોગવવાં પડે છે.

પોતે કરેલાં પાપ કે પુણ્યનાં સારાંખોટાં ફળ માણસોએ ભોગવવાં જ પડે છે. ભોગવવાથી જ કર્મફળ ચૂકવી શકાય છે. ભોગવ્યા સિવાય કોઈ રસ્તો નથી, ભોગવ્યા વગર શુદ્ધિ થતી નથી અને ભોગવ્યા પછી જ કર્મબંધનમાંથી છુટકારો મળે છે.

જેઓ પાપી છે તેઓ દરિદ્ર છે. તેઓ ક્લેશ, ભય, સંકટ અને સંતાપોથી ઘેરાયેલા રહે છે અને અંતે વગર મોતે મરે છે. પુણ્યાત્માઓની સામે તેમનાં શુભ કર્મોનાં સત્પરિણામો અનેક સુખસુવિધાના રૂપમાં ઉપસ્થિત થતાં રહે છે.

**પાદન્યાસકૃતંદુઃખં કણ્ડકોત્થંપ્રયચ્છતિ ।**
**તત્પ્રભૂતતરંસ્થૂલશંકુકીલકસમ્ભવમ્ ॥**
**દુઃખંયચ્છતિતદ્વચ્ચશિરોરોગાદિદુઃસહમ્ ।**
**અપથ્યાશનશીતોષ્ણશ્રમતાપાદિકારકમ્ ॥**

– માર્કંડેય પુરાણ (કર્મફળ) ૧૪/૨૫



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પગમાં કાંટો વાગે તો એક જ જગ્યાએ પીડા થાય છે, પરંતુ પાપકર્મોના ફળથી તો શરીર અને મનમાં નિરંતર પીડા થતી રહે છે.

**ન કેચિત્પ્રાણિનઃ સન્તિ યે ન યાન્તિ યમક્ષયમ્ ।**
**અવશ્યં હિ કૃતં કર્મ ભોક્તવ્યં તદ્વિચાર્યતામ્ ॥**

- શિવપુરાણ

પોતે કરેલું કર્મ સૌએ અવશ્ય ભોગવવું જ પડે છે, આથી એવું કોઈ પણ પ્રાણી નથી કે જે યમરાજના લોકમાં જતું ન હોય. શુભ-અશુભ કર્મોનો નિર્ણય ત્યાં જ થાય છે.

**આત્મનૈવ કૃતં કર્મ હ્યાત્મનૈવોપભુજ્યતે ।**
**ઈહ ચ પ્રેત્ય વા રાજસ્ત્વયા પ્રાપ્તં યથાતથમ્ ॥**

- મહાભારત (ભીષ્મ) અ.૭૭/૪

આત્માથી એટલે કે જાતે કરેલું કર્મ આત્માએ જ એટલે કે જાતે જ ભોગવવું પડે છે. પછી ભલે તે આ લોકમાં હોય કે પરલોકમાં, પણ પોતે જ ભોગવવું પડે છે.

**નાભુક્તં ક્ષીયતે કર્મ કલ્પકોટિશતૈરપિ ।**
**અવશ્યમેવ ભોક્તવ્યં કૃતં કર્મ શુભાશુભમ્ ॥**

- બ્રહ્મવૈવર્ત પ્રકૃતિ અ.૩૭

ભોગવ્યા વગર તો સો કરોડ કલ્પો સુધી પણ કર્મનો નાશ થતો નથી. જે કંઈ કર્યું છે તેનું ફળ તો જરૂર ભોગવવું પડશે. આ ભોગનું કારણ કર્તૃત્વનું અભિમાન છે. જીવ અભિમાનના કારણે એવું વિચારે છે કે હું જ કર્તા છું, પરંતુ વાસ્તવમાં જીવ અકર્તા છે.

**સ્વયમાત્સકૃતં કર્મ શુભં વા યદિ વાઽશુભમ્ ।**
**પ્રાપ્તે કાલે તુ તત્કર્મ દશ્યતે સર્વ દેહિનામ્ ॥**

હરિ. પ. ઉગ્રસેન અભિ. ૨૫



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંસારનાં બધાં જ પ્રાણીઓએ પોતાનાં કર્મોનું ફળ ભોગવવું જ પડે છે, પછી ભલે તે શુભ કર્મો હોય કે અશુભ કર્મો હોય. શુભ કર્મોનું પરિણામ સુખદ હોય છે અને અશુભ કર્મોનું ફળ દુઃખદ હોય છે.

**સ્વયં કર્મ કરોત્યાત્મા, સ્વયં તત્ફલમશ્નુતે ।**
**સ્વયં ભ્રમતિ સંસારે, સ્વયં તસ્માદ્વિમુચ્યતે ॥** – ચાણક્ય

જીવ પોતે કર્મ કરે છે અને પોતે જ તેનું ફળ ભોગવે છે. તે પોતે જ સંસારમાં ભ્રમણ કરે છે અને પોતે જ તેનાથી મુક્ત બને છે. તેમાં કોઈ ભાગીદાર બનતું નથી.

**તસ્મિન્ વર્ષે નરઃ પાપં કૃત્વા ધર્મ્મંચ ભો દ્વિજાઃ ।**
**અવશ્યં ફલમાપ્નોતિ અશુભસ્ય શુભસ્ય ચ ॥**

– બ્રહ્મપુરાણ

મનુષ્ય પાપકર્મ કરીને તથા ધર્મનું કર્મ કરીને અવશ્ય ફળ પ્રાપ્ત કરે છે. જો તે કોઈ શુભ કર્મ કરે તો તેનું સારું ફળ તેને ચોક્કસ મળે છે અને જો કોઈ અશુભ કર્મ કરે તો તેનું પણ ફળ તેણે ભોગવવું જ પડે છે.

**સુખં વા યદિ દુઃખં યત્કિંચિત્ ક્રિયતે પરે ।**
**તતસ્તતુ પુનઃ પશ્ચાત્ સવોત્મનિ જાયતે ॥**

– દક્ષ સ્મૃતિ ૨૧

સુખ કે દુઃખનાં જે પણ કર્મો બીજા માટે કરવામાં આવે છે તે બધાં થોડા સમય પછી પોતાના માટે જ પેદા થઈ જાય છે.

**યથા મૃત્પિણ્ડતઃ કર્તા કુરુતે યદ્યદિચ્છતિ ।**
**એવમાત્કૃતં કર્મ માનવઃ પ્રતિપદ્યતે ॥**
**યથા છાયા તપૌ નિત્યં સુસમ્બદ્ધૌ નિરંતરમ્ ।**
**તથા કર્મ ચ કર્તા ચ સમ્બદ્ધાવાત્મકર્મભિઃ ॥**

– મહા. અનુ.પ.અ.૧/૭૪-૭૫

જેવી રીતે માટીના લોંદામાંથી તેનો કર્તા (કુંભાર) જે ઇચ્છે તે બનાવે છે તેવી જ રીતે મનુષ્ય પોતે કરેલાં કર્મો અનુસાર ફળ પ્રાપ્ત કરે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેવી રીતે તડકો અને છાંયડો નિત્ય સાથેસાથે રહે છે તેવી જ રીતે કર્મ અને કર્તા પોતે કરેલાં કર્મોથી બંધાયેલ રહે છે.

**શુભાનામશુભાનાં ચ નેહ નાશોસ્તિ કર્મણામ્ ।**
**પ્રાપ્યપ્રાપ્યાનુપચ્યન્તે ક્ષેત્રં ક્ષેત્રં તથા તથા ।**
**ક્ષેત્ર કર્મજમાપ્નોતિ શુભં વા યદિ વાઽશુભમ્ ॥**

- મહા. આશ્વ.પર્વ, અ.૧૮/૫

આ સંસારમાં શુભ અને અશુભ કર્મોનો નાશ થતો નથી. જેવી રીતે બીજ ખેતરને પ્રાપ્ત કરીને પાકતું જાય છે, ફળ લાવતું જાય છે તેવી જ રીતે કર્મોના પાક કે ફળનો પણ ક્રમ ચાલતો રહે છે. તે પ્રમાણે જ શુભ અને અશુભ શરીરને મનુષ્ય કર્માનુસાર પ્રાપ્ત કરે છે.

## ● દેર છે, પણ અંધેર નથી

કર્મનું પરિણામ મળવામાં થોડી વાર લાગવાથી અધીરા લોકો આસ્થા ગુમાવી બેસે છે અને દુષ્કર્મના દંડમાંથી બચવાની વાત વિચારવા લાગે છે. વિલંબના કારણે કોઈ આસ્થા ગુમાવી ન બેસે તેવી ચેતવણી આપતાં શાસ્ત્રો કહે છે -

**નાધર્મઃ કારણોપેક્ષી કર્તામભિમુંચતિ ।**
**કર્તાખલુ યથા કાલં તતઃ સમભિપદ્યતે ॥**

- મહા. શાંતિ પર્વ, અ-૨/૯૮

અધર્મ કોઈ પણ કારણોની અપેક્ષાથી કર્તાને છોડતો નથી. નિશ્ચયપણે કર્મ કરનાર સમય પ્રમાણે કરેલા કર્મનું ફળ અવશ્ય પ્રાપ્ત કરે છે.

**અવશ્યમેવ લભતે ફલં પાપસ્ય કર્મણ ।**
**ભર્તઃ પર્યાગતે કાલે કર્તા નાસ્ત્યત્ર સંશયઃ ॥**

- વાલ્મીકિ. યુદ્ધ. સ. ૧૧૧/૨૫

પાપકર્મોનું ફળ ચોક્કસ મળે જ છે. હે પતે ! સમય આવતાં કર્મ કરનાર ફળ ભોગવે છે તેમાં કોઈ સંશય નથી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**યદા ચરતિ કલ્યાણિ શુભં વા યદિ વાઽશુભમ્ ।**
**તદેવ લભતે ભદ્રે કર્તા કર્મજમાત્મનઃ ॥**

- વાલ્મીકિ. અરણ્ય. સ. ૬૩

**અવશ્યં લભતે કર્તા ફલં પાપસ્ય કર્મણઃ ।**
**ઘોરં પર્યાગતે કાલે દ્રુમઃ પુષ્પનિવાર્તપમ્ ॥**

- વાલ્મીકિ. અરણ્ય. સ. ર૯/૯

હે કલ્યાણી ! જ્યારે પણ જે કોઈ શુભ કે અશુભ કર્મ કરે છે તે કર્મોનું ફળ અહીં જ તેનો કરનાર અવશ્ય પ્રાપ્ત કરે છે.

જેવી રીતે ઋતુ આવતાં વૃક્ષો ફળફૂલને પ્રાપ્ત થાય છે તેવી જ રીતે કર્મ કરનાર પોતાનાં પાપકર્મોનું ફળ ઘોર સમય આવતાં અવશ્ય પ્રાપ્ત કરે છે.

**યથા ધેનુ સહસ્રેષુ વત્સો વિન્દતિ માતરમ્ ।**
**એવં પૂર્વ કૃતં કર્મ કર્તારમનુગચ્છતિ ॥**
**અચોદ્યમાનાનિ યથા પુષ્પાણિ ચ ફલાનિ ચ ।**
**તત્કાલં નાતિ વર્તન્તે તથા કર્મ પુરાકૃતમ્ ॥**

- મહા. અનુ. અ.૭

જેવી રીતે વાછરડું હજારો ગાયોમાંથી પોતાની માને શોધી લે છે તેવી જ રીતે અગાઉ કરેલાં કર્મો તેના કર્તાને શોધી લે છે. ॥ રર ॥

કોઈ પ્રેરણા વગર જેવી રીતે ફૂલ અને ફળ પોતાના સમયનું ઉલ્લંઘન કરતાં નથી એવી જ રીતે અગાઉ કરેલું કર્મ સમયનું ઉલ્લંઘન કરતું નથી. ॥ર૪॥

આજનું વાવેલું બીજ થોડા સમય પછી ફળ આપે છે. આજનું જમાવેલું દૂધ કાલે દહીં બની જાય છે. આજે શરૂ કરેલાં અધ્યયન, વ્યાયામ અને વ્યવસાય તાત્કાલિક ફળ આપતાં નથી. તેમની પ્રતિક્રિયા પેદા થવામાં થોડો સમય લાગે છે. આ વિલંબમાં મનુષ્યની દૂરદર્શિતા અને બુદ્ધિમત્તાની કસોટી રહેલી છે. જો તાત્કાલિક જ ફળ મળ્યા કરતું હોત તો કોઈને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સારા-ખોટાનો નિર્ણય કરવાની જરૂર જ ના પડત. ખોટું બોલનારનું મોઢું સૂઝી જાત, કુદૃષ્ટિ કરનારની આંખો દુઃખવા લાગત, ચોરી કરનારના હાથ જકડાઈ જાત તો પછી કોઇ વ્યક્તિ કુકર્મ કરત જ નહિ. ઈશ્વરે મનુષ્યના પોતાના વિવેક અને કર્મ સ્વાતંત્ર્યને કાર્યાન્વિત થતાં રહેવા દેવા માટે કર્મ અને ફળની વચ્ચે અંતર રાખ્યું છે. આ ધૈર્યની કસોટીમાં જેઓ નિષ્ફળ જાય છે તેઓ સત્કર્મની સુખદ સંભાવનાઓ પર અવિશ્વાસ કરીને તેમને છોડી દે છે અને કુકર્મોનું તરત જ ફળ ન મળતું જોઈને તેમની પર તૂટી પડે છે. આવી જ અદૂરદર્શિતાના કારણે પક્ષીઓ શિકારીની જાળમાં ફસાઇ જાય છે. તેઓ દાણા જુએ છે, પણ જાળ જોઈ શકતાં નથી. લોટની ગોળીના લોભમાં માછલી પોતાનું ગળું ફસાવી લે છે અને વગર મોતે મરી જાય છે. ચાસણીના લોભમાં આંખો બંધ કરીને કૂદી પડનારી માખીઓની પાંખો ચોંટી જાય છે અને તરફડીને પ્રાણ ગુમાવી દે છે. આ અદૂરદર્શી પ્રાણીઓ દુર્ગતિનો શિકાર બને છે. કર્મફળ અનિશ્ચિત હોવાની વાત વિચારવાથી જ માનવી કુમાર્ગ પર ચાલે છે, કુકર્મ કરે છે અને દુર્દશાની જાળમાં ફસાય છે.

ભગવાને સંસાર બનાવ્યો અને તેની સાથે સાથે જ કર્મના ફળનું ચોક્કસ વિધાન રચી દીધું. પોતાની અવતારી લીલાઓમાં પણ તેમણે પોતાનું આ લક્ષ્ય પ્રગટ કર્યું છે. ભગવાન રામે વાલીને સંતાઈને તીર માર્યું તો બીજા જન્મમાં કૃષ્ણ બનીને જન્મેલ રામને શિકારી બનેલા વાલીના તીરનો જ શિકાર બનવું પડ્યું. રામના પિતા દશરથે શ્રવણને તીર માર્યું ત્યારે તેના પિતાએ શ્રાપ આપ્યો કે શ્રવણની હત્યા કરનારને મારી જેમ જ પુત્રવિયોગમાં તડપી તડપીને મરવું પડશે. સમય આવ્યે એવું જ થયું. રામ પણ તેમના પિતાને કોઈ મદદ ના કરી શક્યા અને તેમને કર્મનું પરિણામ ભોગવવું જ પડ્યું.

અભિમન્યુ ચક્રવ્યૂહમાં ફસાઈને માર્યો ગયો ત્યારે તેની માતા સુભદ્રાએ પોતાના ભાઈ શ્રીકૃષ્ણને કહ્યું કે તમે તો અવતાર છો, તો પછી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તમારા ભાણેજ અને મિત્ર અર્જુનના પુત્રને કેમ બચાવ્યો નહિ? કૃષ્ણે વિસ્તારથી કર્મફળની પ્રબળતાનું વર્ણન કરીને સુભદ્રાના મનનું સમાધાન કર્યું કે ભગવાન કરતાં પ્રારબ્ધ મોટું છે. કર્મફળ ભોગવવાનો નિયમ સૌના માટે ફરજિયાત છે.

કર્મફળની ચોક્કસતાને એક અટલ સત્ય સમજવું જોઈએ. કરવામાં આવેલાં સારાં-ખોટાં કર્મોનું પરિણામ સુખ કે દુઃખના રૂપમાં આવે જ છે. દુઃખોથી બચવું હોય તો દુષ્કર્મોથી છુટકારો મેળવવો જ પડશે, સુખ મેળવવાની અભિલાષા હોય તો સત્કર્મ કરવાં જ પડશે. ઈશ્વરને પ્રસન્ન કે નારાજ કરવા એ સત્કર્મો તથા દુષ્કર્મોના આધારે જ બની શકે છે.

## ● કર્મફળની વ્યવસ્થા પ્રત્યે અનાસ્થા રાખવી એ જ નાસ્તિકતા-

કર્મનું ફળ મળવામાં થતા વિલંબને કારણે જ સત્કર્મો પ્રત્યેનો ઉત્સાહ નબળો પડી જાય છે અને દુષ્કર્મો કરવાનું સાહસ વધે છે. જો કર્મોનું ફળ તાત્કાલિક મળી જાય તેવી વ્યવસ્થા હોત તો પછી કોઈનામાં પણ અનાસ્થા ના હોત. ચોરી કરનારના હાથે લકવો થઈ જાત, ખોટું બોલનારની જીભ બોલતી બંધ થઈ જાત, કુદૃષ્ટિ કરનારની આંખો ફૂટી જાત, કુમાર્ગે ચાલનારના પગ જકડાઈ જાત, ષડ્યંત્ર કરનારની યાદ-શક્તિ ચાલી જાત, ઉદ્દંડતા કરનારને ટી.બી. જેવો અસાધ્ય રોગ થઈ જાત તો પછી કોઈ પણ વ્યક્તિ કુકર્મ કરવાનું સાહસ જ ના કરત. એવી જ રીતે સજ્જનો દ્વારા અપનાવવામાં આવેલી સત્પ્રવૃત્તિઓના ફળસ્વરૂપે તેમને સારું આરોગ્ય, વિદ્વત્તા, સંપત્તિ, સફળતા જેવા લાભો તાત્કાલિક મળવા લાગે તો પછી કોઈને ધાર્મિક શિક્ષણ સાંભળવાની કે સંભળાવવાની જરૂર જ ના રહેત. પ્રત્યક્ષ ફળ મળવાની કઠોર વ્યવસ્થા જળવાઈ રહેત તો પછી અનિષ્ટ પ્રવૃત્તિઓ ક્યાંય જોવા જ ના મળત કે તેમનું નામ પણ સાંભળવા ના મળત. પછી તો ધર્મોપદેશકોની કે શાસ્ત્રોની પણ જરૂર ના રહેત. પોલીસ, કોર્ટ, કાયદો, જેલ, વકીલ,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાક્ષીઓ વગેરેની પણ કોઈ ઝંઝટ ના રહેત. જ્યારે તાત્કાલિક દંડ મળવાની વ્યવસ્થા જ ચાલતી હોત તો પછી અધર્મના નાશ અને ધર્મની સ્થાપના માટે ઈશ્વરને અવતાર લેવાની પણ કોઈ જરૂર ના રહેત. સુધારકો અને સેવાભાવીઓનું તો કાર્યક્ષેત્ર જ નાબૂદ થઈ જાત. જો કે વિકૃતિઓનું નિરાકરણ અને સત્પ્રવૃત્તિઓનું સંવર્ધન જ તેમનો ઉદ્દેશ્ય હોય છે, પરંતુ જો તાત્કાલિક કર્મફળ મળવાની વ્યવસ્થા હોત તો કોઈપણ વ્યક્તિ મર્યાદા તોડવાનું કે સન્માર્ગ છોડવાનું સાહસ ના કરત. આગને સ્પર્શ કરવાથી દાઝી જવાય તે વાત પ્રત્યક્ષ છે, પરિણામે કોઈ પણ જાણીજોઈને તેને સ્પર્શ કરવાનો કે દાઝી જવાનો પ્રયાસ કરતું નથી. અજાણતાં કોઈ દુર્ઘટના બની જાય તો વાત જુદી છે. એવી જ રીતે અધર્મ કરવાની કોઈ શક્યતા જ ના રહેત. ઠંડું પાણી પીતાં જ તરસ છીપે છે, તેવી રીતે જો સત્પ્રવૃત્તિઓનું સત્પરિણામ તરત જ મળતું હોત તો પછી ભોજન, વિશ્રામની સુવિધાઓની જેમ તેનો લાભ પણ કોઈ ગુમાવત નહિ.

વિચારવાની વાત એ છે કે વિલંબના કારણે આપણને આભાસ થાય છે તેમ જો કર્મફળ ખરેખર મળતું જ ના હોય તો પછી આ સ્પષ્ટીકરણ પણ થઈ જવું જોઈએ, જેથી કાં તો બધા લોકો અનૈતિકતાના લાભો સમજીને એવી જ નીતિ અપનાવે. જો કર્મફળ જેવો કોઈ નિયમ જ ન હોય તો પછી ન્યાય, શાસન, ઈશ્વર વગેરેની મદદથી આત્મરક્ષાની કોઈ આશા ન રાખવાની અને પોતાના બચાવ માટે જે કોઈ ઉપાયો શક્ય હોય તેમને અપનાવવાની સૌને તક મળવી જોઈએ. જો કે આ સ્પષ્ટીકરણથી ખૂબ જ ઊથલપાથલ મચી જશે, પરંતુ અંતે સત્ય તો સામે આવશે. તેનાથી માનવી વાસ્તવિક રીતે વિચારવાનો અને પરિસ્થિતિઓનો સામનો કરવાનો કોઈ અસરકારક રસ્તો વિચારવા લાગશે.

પરંતુ સૃષ્ટિવ્યવસ્થા વિશે આટલે દૂર સુધી જવાની કે મુઝાવાની કોઈ જરૂર નથી. આ વિશ્વનો સર્જનહાર ખૂબ જ દૂરદર્શી અને વ્યવહાર-



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કુશળ છે. તેણે આટલું મોટું સર્જન કર્યું છે. તેણે જડમાં હલચલ અને ચેતનમાં ચિંતનની એટલી અદ્‌ભુત સત્તાનો સમાવેશ કર્યો છે કે કોઈ સૂક્ષ્મદર્શીને પણ આશ્ચર્ય થાય. તેણે નિર્માણ, વ્યવસ્થા અને પરિવર્તનની જે પદ્ધતિઓ બનાવી છે તે જોઈને વિદ્વાનોએ કલાની કલ્પના કરી અને વિજ્ઞાનની ધારણાઓને સાકાર સ્વરૂપ આપ્યું છે. આવા સર્વસંપન્ન સર્જનહારથી કર્મવ્યવસ્થાની બાબતમાં કોઈ ભૂલચૂક રહી જાય એવું વિચારવું એ આપણી બાળબુદ્ધિના છીછરાપણાનું પ્રદર્શન કરવા જેવું છે. જેની સૃષ્ટિમાં રાત-દિવસની, ગ્રહોનક્ષત્રોના ઉદય–અસ્તની, પદાર્થની પ્રકૃતિ અને પ્રાણીઓની વંશપરંપરાની વિધિવ્યવસ્થામાં ક્યાંય કોઈ રતીભાર પણ ફરક ના પડતો હોય ત્યાં કર્મફળની શંકાસ્પદ વ્યવસ્થાને કારણે અરાજકતા કે આત્મવિગ્રહની સ્થિતિ ઊભી કરવામાં આવે તે શક્ય નથી.

તો પછી કર્મફળ વિલંબથી કેમ મળે છે ? આ પ્રશ્નના ઘણાબધા ઉત્તરો છે. પહેલું તો એ કે મોટેભાગે એવું થતું નથી. વિલંબ થવાનો અપવાદ બહુ ઓછો જોવા મળે છે. સામાન્ય સૃષ્ટિવ્યવસ્થામાં, લોક-વ્યવહારમાં મોટાભાગનાં કર્મોનું ફળ સમયસર જ મળતું રહે છે. જો ના મળતું હોત તો ખેતી, પશુપાલન, શિક્ષણ, ચિકિત્સા વગેરેની જે અનેક પ્રકારની ઉપયોગી પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેમનો ક્રમ આવી અનિશ્ચિતતાના કારણે ચાલી જ ના શકત. પરસ્પર વ્યવહારમાં પણ સજ્જનતા કે દુર્જનતાની કોઈ ચોક્કસ પ્રતિક્રિયા ના હોત તો માણસોએ પોતાના સ્વભાવ અને આચરણને કોઈ ચોક્કસ માળખામાં ઢાળવાની જરૂર જ ના રહેત. કાર્યોના પરિણામ પર વિશ્વાસ ના હોત તો પછી કોઈ પણ યોજનાની રૂપરેખા જ બની ના શકત. પછી અહીંયાં બધું જ અનિશ્ચિત, અચોક્કસ અને અસ્તવ્યસ્ત જોવા મળત. સભ્યતા, સંસ્કૃતિ, નીતિ, ધર્મ, ન્યાય વગેરેનું કોઈ સ્વરૂપ જ ઊભું ના થઈ શકત. પછી વિજ્ઞાનની શોધખોળો તથા ક્રિયાપ્રક્રિયાનું કોઈ તારતમ્ય જ ના બેસી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકત. પદાર્થોમાં જોવા મળતી હલચલો પણ એક સર્વાંગસંપૂર્ણ વિધિવ્યવસ્થા છે. તેની જ રૂપરેખા રજૂ કરવા માટે ભૌતિકવિજ્ઞાનનું આખું માળખું ઊભું થયું છે. પ્રાણીઓની ઇચ્છા, વિચારણા તથા ક્રિયા પાછળ પણ પ્રકૃતિની કેટલીક પ્રેરણાઓ કામ કરે છે, તાલમેળ બેસાડનારી કોઈ વ્યવસ્થા રહે છે. જીવવિજ્ઞાન, મનોવિજ્ઞાન તથા તત્ત્વજ્ઞાનની શાખા-પ્રશાખાઓમાં ચેતનાના સ્વરૂપ અને પ્રવાહનું વિવેચન કરવામાં આવે છે, તો પછી કર્મોનું ફળ મળે નહિ એવું તો બની જ ના શકે. પુણ્યનું ફળ સુખ અને પાપનું ફળ દુઃખ રૂપે મળવાની વાત પણ એટલી જ સ્પષ્ટ છે. આપણી ચારે બાજુ દરેકને તેનાં અનેક ઉદાહરણો જોવા મળી શકે છે.

સવાલ વ્યવસ્થાનો નથી, અપવાદનો છે. આવું ક્યારેક ક્યારેક બને છે. ક્યાંક ક્યાંક એવું જોવા મળે છે કે અનીતિ કરનારા લોકો ખૂબ ઊંચા સ્થાને પહોંચે છે અને નીતિ પર ચાલનાર હારે છે. જો આવા અપવાદો વધુ સંખ્યામાં બને તો આવા અસંતુલનથી સાર્વભૌમ સંકટ ઊભું થાય છે. આ સંભાવના દૂર કરવા માટે સુધારકો અને દેવદૂતોની એક સેનાને અવારનવાર મહાભારત રચવાનો, સમુદ્ર પર સેતુ બાંધવાનો અને ગોવર્ધન ઊંચકવાનો પુરુષાર્થ કરવો પડે છે.

તેમ છતાં એટલું તો માનવું પડશે કે આવા અપવાદોનું અસ્તિત્વ છે અને અવારનવાર તે જોવા પણ મળે છે. તે એટલા પ્રમાણમાં હોય છે કે જેનાથી ભ્રમ પેદા થઈ શકે. દુષ્ટતાની દિશામાં સાહસ વધી શકે અને સદાશયતા પ્રત્યે નિરાશા પેદા થઈ જાય. વિચારણીય બાબત એ છે કે આખરે આવું થાય છે કેમ ?

જોવા મળતી બૂરાઈની પાછળ કેટલીક વાર ભલાઈનાં તત્ત્વો છુપાયેલાં હોય છે. બીમારી કષ્ટદાયક હોય છે એ વાત સાચી છે, પરંતુ એ વાત પણ સાચી છે કે તેની પાછળ પ્રકૃતિની પરિશોધન વ્યવસ્થા જ રહેલી છે. શરીરમાં પ્રવેશી ગયેલાં વિજાતીય દ્રવ્યો સાથે જીવનશક્તિના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રચંડ સંઘર્ષનું નામ જ બીમારી છે. આ એક જાતની પ્રાકૃતિક ચિકિત્સા છે. જો પ્રકૃતિને તેનું કામ કરવા દેવામાં આવે અને તેના પ્રયાસમાં યથાયોગ્ય અનુકૂળતા પૂરી પાડવામાં આવે તો એટલા માત્રથી રોગ દૂર થઈ શકે છે, સાથે સાથે આ સંગ્રહિત મલિનતાથી ભવિષ્યમાં થનાર સંકટથી પણ છુટકારો મળી શકે છે. બિલકુલ એવી જ રીતે કર્મફળ મળવામાં થતા વિલંબ પાછળ પ્રાણીઓને સજાગતા, પ્રખરતા અને દૂરદર્શિતા જાળવી રાખવાનો એક મોટો આધાર સમજી શકાય છે. જો આટલો વ્યતિક્રમ ના હોત તો લોકોને વિકાસના માર્ગે ચાલવાની તક જ ના મળત. સજાગ રહેવાની કોઈ જરૂર જ ના રહેત. તો પછી પરાક્રમ કરવાની શું જરૂર રહેત ? ચિંતન પણ ખૂબ સામયિક જ રહી જાત. યોગ્ય-અયોગ્યનો, લાભ-નુકસાનનો વિચાર કરવાથી જ બુદ્ધિમત્તાનો વિકાસ થાય છે. જો સંસારમાં બધું જ વ્યવસ્થિત ચાલતું હોત, કોઈ વ્યતિક્રમ આવતો જ ના હોત તો પછી બુદ્ધિ વિકસિત કરવાની જરૂરિયાત જ ના રહેત. પરિણામે લોકો અવિકસિત સ્થિતિમાં જ પડ્યા રહેત. અનિચ્છનીયતાનાં દુષ્પરિણામોના ભય તથા સત્પ્રવૃત્તિથી મળતાં સત્પરિણામોના લોભે જ માનવીને ક્રમશઃ આગળ ધકેલીને ઊંચે ઉઠાવ્યો છે અને વિકાસની અત્યારની સ્થિતિએ પહોંચાડ્યો છે. સર્જનાત્મક કાર્યોમાં સંલગ્ન રહેવાથી મળતા લાભોની લાલચની જેમ પ્રતિકૂળતાઓ અને વિપત્તિઓનો ભય પણ પ્રગતિનો મોટો આધાર છે. દિવસનું મહત્ત્વ રાત્રીના અસ્તિત્વના કારણે જ છે. રાત્રી ના હોત તો દિવસનો આનંદ અને લાભ લઈ શકાત નહિ. અનિચ્છનીયતાઓ દુઃખ પહોંચાડે છે અને અવ્યવસ્થા ફેલાવે છે તેની સાથે સાથે એક લાભ એ પણ થાય છે કે તુલનાત્મક અધ્યયન કરવાની અને ગુણદોષ સમજવાની તક મળે છે. જો કર્મફળમાં અપવાદ ન હોત, પરાક્રમ એક ચોક્કસ રીત પ્રમાણે ચાલી રહ્યું હોત તો પછી અયોગ્યને અપનાવવાની કોઈ શક્યતા જ ના રહેત અને ઝઘડાનું કોઈ મૂળ જ ના રહેત. પરિણામે સતર્કતા અને પ્રખરતા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિકસિત કરવાની કોઈ જરૂર જ ના રહેત. જાગૃતતા, સાહસિકતા, દૂરદર્શિતા અને બુદ્ધિમત્તાને આશ્રય આપનારો એક મોટો આધાર જ નષ્ટ થઈ જાત. એવી સ્થિતિમાં સરળતા અને વ્યવસ્થા તો જળવાઈ રહેત, પરંતુ પ્રબળ પુરુષાર્થની કોઈ જરૂર જ ના રહેત કે ન તો કોઈ એવી ચેષ્ટા કરત. આ સ્થિતિમાં પ્રગતિ ચોક્કસપણે રૂંધાઈ જાત અને મનુષ્યને અત્યારે જ્યાં પહોંચ્યો છે ત્યાં પહોંચવાનું સૌભાગ્ય ના મળત. તેમાં તેની સુખેચ્છા જ નહિ, પરંતુ અનીતિ અપનાવવાના કારણે સંકટ બનીને સામે આવે છે તેવા અવરોધોને દૂર કરવાની ઈચ્છા જ જવાબદાર છે. સરખામણી કરવામાં આવે તો જ સારા-ખોટાનો ખ્યાલ આવે છે. સરખામણીથી પ્રેરણા મળે છે. ભલાઈની ગરિમા જાણવા માટે બૂરાઈથી થતી દુર્ગતિને પણ જાણવી જરૂરી છે. સંસારમાં ફેલાયેલી દુષ્પ્રવૃત્તિઓથી થતા અપાર નુકસાનની સાથે સાથે આ એક લાભ પણ છે.

જેવી રીતે અનાસ્થાથી આતંકવાદી ઉચ્છૃંખલતા અપનાવવાનો ઉત્સાહ વધે છે, તેવી જ રીતે આસ્થાથી અનૌચિત્યને નાબૂદ કરવા માટે દેવમાનવોને વધારે પ્રખરતા પેદા કરવાની, સંગઠિત થવાની તથા અનાચાર સામે ઝઝૂમવાની અંતઃપ્રેરણા પેદા થાય છે. આવા પ્રયાસોને પરિણામે સત્પ્રવૃત્તિઓનું પ્રમાણ અને સજ્જનોની સંખ્યા વધે છે. સાથે સાથે માનવીય શાલીનતાને મજબૂત કરનાર અને સર્વાંગી પ્રગતિના અનેક આધાર ઊભા કરનાર શૌર્ય, સાહસ, ત્યાગ અને બલિદાન પણ પેદા થાય છે. ધરતીકંપ, રોગચાળો, પૂરપ્રકોપ, યુદ્ધ વગેરેના કારણે અસંખ્ય લોકોને જે નુકસાન થાય છે તે સૌ જાણે છે, પરંતુ તેનું એક વિચારણીય પાસું એ પણ છે આવાં સંકટોથી અનેક લોકોમાં કરુણા પેદા થાય છે, સેવાવૃત્તિ જાગે છે અને પરમાર્થ તરફ વળવાની ભાવભરી સ્પર્ધા પણ શરૂ થાય છે. આમ, ખરાબ વસ્તુમાં પણ કંઈક સારાપણું રહેલું છે.

કર્મફળ વિલંબથી મળવાના અપવાદથી થતા નુકસાનને નકારી શકાય તેમ નથી. તેનાથી અનાસ્થા પેદા થાય છે અને ચરિત્રનું સંકટ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઊભું થાય છે, તેમ છતાં તે કોઈ પણ સ્વરૂપમાં જળવાઈ રહે તેવું કોઈ સૂક્ષ્મ કારણવશ સર્જનહારને જરૂરી લાગ્યું છે. પરિણામે તેનું અસ્તિત્વ કુદરતના નિયતિક્રમમાં જળવાઈ રહ્યું છે.

સામાન્ય રીતે આ વિલંબવાળી પરંપરા પણ કુદરતી વ્યવસ્થાનો એક સામાન્ય ક્રમ જ છે. સમજદાર લોકો તેની ધીરજપૂર્વક પ્રતીક્ષા કરે છે અને વિલંબ થવાની વાતને સ્વાભાવિક સમજીને અધીરા થતા નથી, પરંતુ કર્મફળમાં થોડોક પણ વિલંબ થતો જોઈને માનવી કોણ જાણે કેમ ધીરજ ખોઈ બેસે છે અને અનાસ્થાના સંકટમાં ફસાઈ જાય છે. આજનું દૂધ કાલે દહીં બને છે. આજનું વાવેલું અનાજ થોડાક મહિના પછી પાક બને છે. વાવેલો છોડ વૃક્ષ બનવામાં અને ફળ આપવામાં ઘણાં વર્ષોનો સમય લે છે. અખાડામાં પ્રવેશ કરવા અને પહેલવાન બનવાની વચ્ચે લાંબો સમયગાળો રહે છે. વિદ્યાર્થીએ શાળામાં પ્રવેશ લીધા પછી સ્નાતક બનવા માટે વર્ષો સુધી અધ્યયન સાધના કરવી પડે છે. કારખાનું ઊભું કરવાથી લઈને નફો રળવાની પ્રક્રિયા વચ્ચે ઘણો સમય જાય છે. જ્યારે દરેક મોટું કાર્ય સમય લે છે, તો પછી કર્મફળ મળવામાં થોડોક વિલંબ થતો જોઈને ધીરજ ખોઈ બેસવી અને તાત્કાલિક પરિણામ ના મળ્યું તેથી ક્યારેય નહિ મળે એવું માની લેવું એ તો બાળબુદ્ધિ છે.

બાળક અત્યારે કમાતું ન હોય, ઉપરથી સેવા અને ખર્ચો કરાવતું હોય એટલે તે જીવનભર આવી જ રીતે સેવા કરાવશે, ક્યારેય કમાશે નહિ કે ઘરની કોઈ જવાબદારી સંભાળશે નહિ તેવું માની લેવું યોગ્ય નથી. સાધના શરૂ કરવાથી લઈને સિદ્ધિ સુધી પહોંચવામાં ઘણો સમય લાગે છે. યાત્રા શરૂ કર્યાના દિવસે જ લક્ષ્ય સુધી કોણ પહોંચી શકે છે ? લાંબી મુસાફરી કરવામાં સમય તો લાગે જ છે. ખટલો શરૂ થવાથી લઈને ન્યાય મળવા સુધીમાં અદાલતો ઘણો સમય પસાર કરી દે છે. કર્મફળ મળવામાં જો વિલંબ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થાય તો સમજદાર માણસે એવો વિશ્વાસ પણ રાખવો જોઈએ કે સૃષ્ટિની આ સુનિશ્ચિત વ્યવસ્થામાં જેવું વાવીશું તેવું જ લણવું પડશે.

સ્વર્ગનરક, દુર્ગતિ-સદ્ગતિ, મરણોત્તર જીવન, પુનર્જન્મ વગેરેમાં માનવીને મળતાં સુખદુઃખ એ સાબિત કરે છે કે થોડાક સમય પહેલાં કરવામાં આવેલાં કર્મો સમય અનુસાર ફલિત થાય છે અને પરિપક્વ થયા પછી તેનું ફળ આપે છે.

સમાજની સુવ્યવસ્થાનો આધાર એ બાબત પર છે કે માણસો વચ્ચે પારસ્પરિક સદ્ભાવના અને સહકારિતાનાં સૂત્રો મજબૂત બની રહે. સામૂહિક પ્રગતિના માર્ગે ચાલવાનું અને સુખશાંતિની પરિસ્થિતિઓ જાળવી રાખવાનું આવા જ વાતાવરણમાં શક્ય બને છે. સમાજ વ્યક્તિઓનો સમૂહ છે. વ્યક્તિઓ સારી હશે તો તેમનો સમુદાય પણ ઉન્નત અને વિકસિત જોવા મળશે. વ્યક્તિઓને સજ્જન અને સુસંસ્કૃત બનાવી રાખવા માટે કર્મફળની સુનિશ્ચિતતાનું તત્ત્વદર્શન સૌ કોઈની આસ્થાઓમાં ઊંડે સુધી સ્થાપિત થઈ જવું જોઈએ.

કર્મફળના સમર્થનમાં હજારો તર્ક, તથ્ય અને પ્રમાણ હાજર છે, પરંતુ તેમાં એક ખામી એ છે કે અપવાદરૂપે સારાં કર્મોનાં સત્પરિણામો અને ખરાબ કર્મોનાં દુષ્પરિણામો પેદા થવામાં વિલંબ લાગી જાય છે. આ વિલંબથી જ અદૂરદર્શી લોકો ધીરજ ગુમાવી બેસે છે અને અનાસ્થા અપનાવે છે. તેને બાળબુદ્ધિની ક્ષુદ્રતા અને વિવેકહીનતાનો અભિશાપ જ કહેવો જોઈએ. આ અધીરાઈ જીવનની ધારાને અવળા માર્ગે દેવાનું મુખ્ય કારણ બની જાય છે. આથી આવી મનઃસ્થિતિની શાસ્ત્રકારોએ કડક ટીકા કરી છે. નાસ્તિકતાનો ઉપરછલ્લો અર્થ ઈશ્વરમાં ન માનવું એવો સમજવામાં આવે છે અને કોઈને નાસ્તિક કહેવો એ તેની સદાશયતા પર આક્ષેપ કરવા સમાન ગણાય છે. વિચારણીય બાબત એ છે કે ઈશ્વરને માનવા ન માનવાથી તેનાં અનુદાનોમાં કોઈ ફરક પડતો નથી,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તો પછી નાસ્તિકતાની આવી આકરી ટીકા કેમ કરવામાં આવી ? તેના તાત્ત્વિક વિવેચન પરથી એક જ તારણ નીકળે છે કે ઈશ્વરને ન માનવાનો મતલબ વાસ્તવમાં તેની કર્મફળની વ્યવસ્થામાં અવિશ્વાસ કરવો તે છે. પૂજાપાઠ કરવા અને ઈશ્વરનાં ગુણગાન ગાવા છતાં પણ જો કોઈ કર્મફળની વ્યવસ્થાને માને નહિ તો તેને નાસ્તિક જ કહેવો જોઈએ. આનાથી ઊલટું, કોઈ માણસ ઈશ્વરની ચર્ચા કરતો ન હોય, પરંતુ કર્મફળના અનુશાસનને સુનિશ્ચિત માનીને પોતાની પ્રવૃત્તિઓને સજ્જનોચિત બનાવી રાખે તો તાત્ત્વિક દૃષ્ટિએ તેને આસ્તિક કહેવામાં કોઈ વાંધો હોવો ના જોઈએ. 'અસ્તિ' અને 'નાસ્તિ'નો ઉપરછલ્લો અર્થ ઈશ્વર 'છે' અને 'નથી' એવો સમજવામાં આવે છે. આ અર્થ અધૂરો છે. સાચો અર્થ એ છે કે કર્મફળ વ્યવસ્થા સુનિશ્ચિત છે કે નહિ. કર્મફળની અટલ ઈશ્વરીય વ્યવસ્થા પર વિશ્વાસ કરીને પોતાનું હિત-અહિત નિર્ધારિત કરે છે તે આસ્તિક છે. આવી વ્યક્તિ દુર્ગુણોથી દૂર રહી ચરિત્રનિષ્ઠ, ઉદાર, પરમાર્થપરાયણ અને સમાજનિષ્ઠ બની શકે છે. પાપોથી દૂર રહીને દુઃખોમાંથી છૂટવાનો અને પુણ્ય અપનાવીને સુખી રહેવાનો આ જ રાજમાર્ગ છે.

સ્વર્ગનરકની સ્વસંચાલિત પ્રક્રિયાને સમજી લેવાથી આપણાં હવે પછીનાં કર્મોને પુણ્ય, પવિત્ર, સત્ અને શ્રેષ્ઠ બનાવવાની સ્પષ્ટ પ્રેરણા પ્રાપ્ત થાય છે.

★



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ભાગ્યવાદની ભ્રામક માન્યતા અને પ્રારબ્ધની વાસ્તવિકતા

સુખસુવિધા મેળવવાં દરેકને ગમે છે. અનુકૂળ પરિસ્થિતિઓ મળે તો વધારે કમાણી થઈ શકે છે. બીજા લોકો સહયોગ કરે અને જરૂરી સાધનો મળી રહે તો સંપન્નતા અને સફળતાની કોઈ કમી ના રહે, પરંતુ પ્રયત્નો કરવા છતાં પણ એવી અનુકૂળતા સર્જાતી નથી. ઈચ્છિત સફળતા દૂર ને દૂર ભાગતી જાય છે ત્યારે મન નિરાશાથી ખિન્ન થઈ જાય છે. બીજા લોકો મારા જેટલી જ યોગ્યતા ધરાવતા હતા, મારા જેટલા જ પ્રયત્નો કરતા હતા, પરંતુ તેમને યોગ્ય સફળતાઓ મળી ગઈ અને મને એટલાં સાધનો તથા એવી તકો ન મળવાને કારણે મારી પ્રગતિ રૂંધાઈ ગઈ. પરિસ્થિતિઓ અનુકૂળ થઈ જ નહિ, તકો મળી જ નહિ, સાધનો એકઠાં થઈ શક્યાં નહિ, કોઈનો સહયોગ ના મળ્યો, પછી હું એકલો શું કરી શકું ? હાથ મસળીને દુર્ભાગ્યનાં રોદણાં રોઈને મન મારીને બેસી રહેવું પડ્યું. ઉન્નત પરિસ્થિતિમાં પહોંચવાનાં સપનાં અધૂરાં જ રહી ગયાં.

આવી નિરાશાજનક પરિસ્થિતિઓમાં મોટાભાગના લોકોની પોતાની કુશળતા અને પુરુષાર્થની કમી જ જવાબદાર હોય છે. એક સુભાષિત છે કે નિષ્ફળતા મળે ત્યારે એવું વિચારવું જોઈએ કે સફળતા મેળવવા માટે જેટલા પ્રયત્નની જરૂર હતી તેમાં જરૂર કોઈ ખામી રહી ગઈ છે. બીજી વાર બમણા ઉત્સાહ અને સાહસથી નવો પ્રયત્ન કરવો જોઈએ અને વારંવાર નિષ્ફળતા મળે, તો પણ સફળતા મળતાં સુધી પુરુષાર્થ જાળવી રાખવો જોઈએ. સામાન્ય લોકોને પુરુષાર્થની શક્તિ અને ભવિષ્યની આશા પ્રત્યે આસ્થાવાન બનાવવાની દૃષ્ટિએ આવું ઉત્સાહવર્ધક માર્ગદર્શન આપવું યોગ્ય અને જરૂરી છે. આવાં વાક્યોનું સમર્થન કરવું જ જોઈએ. સતત પરિશ્રમ, અથાગ પુરુષાર્થ, અડગ સાહસ અને અવિચળ ધૈર્યની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઉત્તમ છે. લોકશિક્ષણની દૃષ્ટિએ પુરુષાર્થપરાયણતાનું જ સમર્થન કરવું જોઈએ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નીતિકારોનો પણ આવો જ પ્રયત્ન રહ્યો છે. આવી રીતનાં પ્રતિપાદનોની ઉપયોગિતા વિશે કોઈ બેમત નથી.

પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ ગંભીરતાપૂર્વક જ્યારે હકીકતો વિશે વિચાર કરવામાં આવે છે ત્યારે બીજું પાસું પણ પ્રગટ થાય છે કે કેટલાય લોકોની સામે આવાં સંકટો અચાનક આવીને ઊભાં રહે છે, જેના માટે તેમને કોઈ પણ રીતે જવાબદાર ઠેરવી ના શકાય. તેમણે એવું કોઈ કામ કર્યું હોતું નથી, જેનાથી તેમના પર આવી મુસીબત તૂટી પડે. દુર્ઘટનાઓને કોણ નોતરું આપે? અનાચારીઓના આક્રમણથી થતા નુકસાનમાં કોઈનો શું વાંક હોય છે ? ચોર, લૂંટારાઓ જે રીતે હાથ સાફ કરે છે તેમાં અસાવધાની નહિ, પરંતુ કુટિલતાનું કુચક્ર જ મુખ્ય હોય છે. પ્રકૃતિના પ્રકોપોની જેમ ઘણી વાર પરિસ્થિતિઓ અકારણ જ એટલી બધી પ્રતિકૂળ થઈ જાય છે કે તેમાં આપણો કોઈ દોષ હોતો નથી. પોતાની કઈ ભૂલના કારણે આ આફત આવી પડી હશે ? ઘણું વિચાર્યા પછી કંઈ સમજાતું નથી અને ભાગ્યનો ખેલ માનીને મન મનાવવું પડે છે.

પ્રગતિ માટેના પ્રયાસો નિષ્ફળ નીવડતાં ઘણી વાર આવી જ નિરાશા થતી હોય છે. એટલી જ યોગ્યતા ધરાવતા, તે જ માર્ગે ચાલનારા, એવા જ ઉપાયોનો આધાર લેનારા બીજા લોકો દરેક ક્ષેત્રે સફળ થતા જાય છે, પરંતુ પૂરી ઈમાનદારી અને સમજદારી સાથે કરવામાં આવેલા પ્રયત્નો ખૂબ જ ઓછું પરિણામ આપે છે. ઘણી વાર તો ખૂબ નિરાશા થાય છે. જો પોતાની ભૂલના કારણે જ આવું થતું હોય તો તે કઈ ભૂલ હતી ? જો એવી કોઈ ભૂલ હતી તો શું તે જાણીજોઈને કરવામાં આવી હતી ? આવા પ્રશ્નો વિશે ઘણી શોધખોળ કરવા છતાં પણ કોઈ એવી હકીકતો સામે આવતી નથી કે જેને નિષ્ફળતાનું કારણ માની શકાય, ભૂલ માની શકાય અને ભવિષ્યમાં તેને સુધારવાનો પ્રયત્ન કરી શકાય. ઘણી વાર માણસ પોતે તદ્દન નિર્દોષ હોય છે. પરિસ્થિતિઓ જ કંઈક એવી વિચિત્ર બની જાય છે કે બધું કર્યું-કારવ્યું પાણીમાં જાય છે. અતિવૃષ્ટિ, હિમ કે તીડોના આક્રમણને કારણે ખેડૂતનો શ્રમ નકામો ચાલ્યો જાય છે ત્યારે તેની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમજમાં એ નથી આવતું કે તેનાથી ક્યાં ભૂલ થઈ છે અને આવી ભૂલ ભવિષ્યમાં ન થાય તે માટે આગળ કેવી સાવધાની રાખવી ? આવા અનેક સવાલો પેદા થાય છે, જેનાથી પુરુષાર્થની ઉપયોગિતાની તરફેણમાં રજૂ કરવામાં આવેલા પુરાવાઓના વાસ્તવિકતા સાથેના સંબંધમાં શંકા પેદા થવા લાગે છે.

આવી જ શંકાઓના કારણે ભાગ્યવાદ જન્મ લે છે. એવું કહેવાય છે કે "મનુષ્ય તો ભાગ્યના હાથનું પૂતળું છે. ભાગ્યને ટાળી શકાતું નથી. જે થવાનું છે તે થઈને જ રહે છે." જ્યારે પ્રયત્નો નિષ્ફળ જાય છે, કોઈ આકસ્મિક સંકટ આવી પડે છે અથવા છેક મોઢામાં આવેલો સફળતાનો કોળિયો છીનવાઈ જાય છે ત્યારે આવાં તેમ જ બીજાં અનેક વાક્યો સાંભળવા મળે છે. જો કે ક્યારેક કોઈ આંધળાના હાથમાં રામપાત્ર આવી જાય ત્યારે પણ આવું જ કહેવામાં આવે છે. કેટલાય લોકોને આવી અણધારી સફળતા મળી જાય છે, જેના માટે તેમના પુરુષાર્થને કોઈ પણ રીતે શ્રેય આપી શકાતું  નથી. પૂર્વજોની અઢળક સંપત્તિ વારસામાં મળી જાય તો તેમાં તે મેળવનારનું શું શ્રેય છે ? લોટરી લાગી જાય તો તેમાં કઈ કુશળતા કે પુરુષાર્થની પ્રશંસા કરી શકાય ? તેજીમંદીના ચક્કરમાં કેટલાય વેપારીઓ જોતજોતામાં દેવાળિયા અથવા તો લખપતિ થતા જોવા મળે છે. તેમાં કોઈને મૂર્ખ કે વિદ્વાન કેવી રીતે કહી શકાય ? નદીમાં પૂર આવે છે. કોઈકના ખેતરનો પાક તાણી જઈને તેની આજીવિકા નષ્ટ કરી નાખે છે. કોઈકના ખેતરમાં ક્યાંકથી લાવીને એવી ઉપજાઉ માટી નાખી દે છે કે જેથી તેનું ઉત્પાદન વધી જતાં તે જોતજોતામાં અમીર બની જાય છે. નદી દ્વારા એકની જમીનને તાણી જવું અને બીજાને સમૃદ્ધિનું વરદાન વરસાવવું, આને શું કહેવાય ? તેના માટે દોષ કે શ્રેય કોને આપી શકાય ? આંધીતોફાનમાં જેનું છાપરું ઊડી જાય અને કોઈનું ઘર તૂટી જાય તેમાં તેની કઈ ભૂલ ગણી શકાય કે ભવિષ્યમાં કઈ સાવધાની રાખવાનું કહી શકાય ?

જો કે આ અપવાદો છે એ ઠીક છે. આ સામાન્ય ક્રમ નથી, તેમ છતાં અપવાદ પણ સાવ ઉપેક્ષણીય નથી. તેનું પણ કારણ શોધવું જોઈએ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખાસ કરીને એવી સ્થિતિમાં કે જ્યારે વધારે પ્રમાણમાં આવું થતું જોવા મળતું હોય. જો અતિશયોક્તિ ના લાગે અને પુરુષાર્થની તરફેણ કરનારાઓને ખોટું ના લાગે તો નમ્રતાપૂર્વક એટલું જરૂર કહી શકાય કે 'ભાગ્યનો ખેલ' લગભગ ૩૦ ટકા ઘટનાઓમાં જ કામ કરતો હોય છે. આમ તો કર્મનિષ્ઠાનું જ મહત્ત્વ છે અને તેનું જ ખુલ્લું સમર્થન કરી શકાય, પરંતુ આવાં અણધાર્યાં પરિણામો વિશે વિચાર તો અવશ્ય કરવો જ જોઈએ.

વિજ્ઞાન કહે છે, "આ સંસારમાં પ્રકૃતિના નિયમોથી વિરુદ્ધ હોય તેવું ક્યારેય કશું થતું નથી." ધરતીકંપ, વીજળી પડવી, જ્વાળામુખી ફાટવો, તોફાન જેવી ઘટનાઓ સામાન્ય બુદ્ધિને આકસ્મિક લાગે છે અને તેની પાછળ વિરોધાભાસ જોવા મળે છે, પરંતુ વાસ્તવમાં આવું કશું હોતું નથી. તેની પાછળ પણ પ્રકૃતિના સૂક્ષ્મ નિયમો જ કામ કરી રહ્યા હોય છે. જો કે આવા નિયમોની જાણકારી બધાને ના હોય અથવા તો આ જાતની ઘટનાઓ રોજેરોજ ન થવાના કારણે કદાચ આશ્ચર્યજનક લાગતી હોય તે વાત જુદી છે. જે દૃશ્યો મોટેભાગે જોવા મળતાં નથી તેમને જ ચમત્કાર કહેવામાં આવે છે. જ્યારે પણ વિજ્ઞાનની શોધ પહેલી વાર થઈ ત્યારે તેને મોટા ચમત્કાર તરીકે જોવામાં આવતી હતી. રેલવે, ટેલિફોન, વીજળી, રેડિયો, સિનેમા વગેરેની જ્યારે સૌ પહેલી શોધ થઈ ત્યારે સામાન્ય બુદ્ધિના લોકો તો હતપ્રભ થઈ ગયા હતા અને તેને જાદુ કે કોઈ ભૂતપ્રેતની કરામત સમજતા હતા. પછી જ્યારે વિજ્ઞાનની શોધખોળો વિશે સમજણ આવવા લાગી ત્યારે અંતર્ગ્રહયાત્રાએ નીકળેલાં અવકાશયાનો, અણુશસ્ત્રો, લેસર કિરણો જેવી આશ્ચર્યજનક શોધોને પણ હવે સામાન્ય બાબત માની લેવામાં આવે છે.

જાદુ નામની કોઈ વસ્તુ દુનિયામાં નથી. લોકોની આંખોની પરખશક્તિને ભ્રમમાં નાખી શકવામાં સફળ થઈ શકે તેનું નામ જ જાદુગરી છે. અધ્યાત્મક્ષેત્રમાં સિદ્ધિ તથા ચમત્કારોનું ઘણું વર્ણન જોવા મળે છે. તે જોઈને આશ્ચર્ય તો થાય છે, પરંતુ એવું ના માનવું જોઈએ કે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તે આકસ્મિક છે. તેની પાછળ પ્રકૃતિની સામાન્ય નિયમપરંપરાનો હાથ નથી. તેમાં અવ્યવસ્થા માટે જરા પણ શક્યતા નથી. અહીં કશું જ એવું બનતું નથી કે જેને અસ્વાભાવિક, અસંભવ કે ચમત્કારિક કહી શકાય. જેને આપણે જાણતા નથી તેવી અજાણી બાબતને અપવાદ કહી શકીએ છીએ. વાસ્તવમાં આવા અપવાદો પાછળ પણ પ્રકૃતિનો પરિપૂર્ણ વ્યવસ્થાક્રમ કામ કરી રહ્યો હોય છે. આદિકાળમાં સૂર્ય, વીજળી, આગ, વરસાદ વગેરે શક્તિઓને દેવતા માનવામાં આવતા હતા. તેમની માનતા માનવામાં આવતી હતી અને બલિ ચઢાવવામાં આવતો હતો. સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણને કોઈ રાક્ષસોનું આકસ્મિક આક્રમણ માનવામાં આવતું હતું, પરંતુ હવે આજે એવું નથી. વિજ્ઞાનનાં સંશોધનોએ એ વાત સારી રીતે સમજાવી દીધી છે કે અહીંયાં કશુંય અચાનક બનતું નથી. અજાણી બાબતને જ અપવાદ કહેવામાં આવે છે. વાસ્તવમાં આ સૃષ્ટિમાં અરાજકતા કે વ્યતિક્રમ માટે કોઈ અવકાશ નથી.

અવિજ્ઞાતને જ અપવાદ કહેવામાં આવે છે. વાસ્તવમાં અહીં યથાર્થવાદનું જ અસ્તિત્વ છે. અપવાદનો અર્થ એટલો જ છે કે જેના આધારે તે અસામાન્ય ઘટનાક્રમ પેદા થયો તેની આપણને જાણકારી નથી. આમ તો અપવાદોની પરંપરા ચાલુ જ રહેશે કારણ કે આપણને સામાન્ય વ્યવસ્થાની જ જાણકારી છે અને તેને જોવાની-સમજવાની ટેવ પણ છે. સૃષ્ટિના અવિજ્ઞાત નિયમોના આધારે જ્યારે પણ કંઈક અસામાન્ય ઘટના બને છે ત્યારે તેને અપવાદ ગણી લેવામાં આવે છે. પ્રકૃતિનાં રહસ્યો અનંત છે અને માનવીય બુદ્ધિ અત્યંત અલ્પ છે. આવી સ્થિતિમાં અસાધારણ ઘટનાઓ તો બનતી જ રહેશે. યોગ્ય તો એ છે કે તે વિશે આપણો દૃષ્ટિકોણ સ્વચ્છ કરી લઈએ. આપણી મર્યાદાનો સ્વીકાર કરીએ અને વાસ્તવિકતા સુધી પહોંચવાનો યથાયોગ્ય પ્રયત્ન કરતા રહીએ.

પાછલા દિવસોમાં એક સસ્તો ઉપાય અજમાવવામાં આવતો હતો કે દરેક અપવાદને દેવદાનવોનું કૃત્ય માનીને મનનું સમાધાન કરી લેવામાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવતું હતું. ભાગ્યવાદ પણ કંઈક આવી જ જાતનું દર્શન છે, જેમાં દેવતાઓ દ્વારા ભાગ્યનિર્માણની વાત કહીને એક વિચિત્ર પ્રકારની ભ્રાંતિ પેદા કરી દેવામાં આવી છે. વિચારશીલ વર્ગમાં અપવાદોને 'ચાન્સ', 'લક' વગેરે કહેવામાં આવે છે. તેને માત્ર અણધારી બાબત ઠરાવવામાં આવે છે. તેના માટે કોઈ દેવતાને શ્રેય કે દોષ આપવામાં આવ્યો નથી. તેમાં અવિજ્ઞાતને, અપવાદને માત્ર માન્યતા આપવામાં આવી છે, પરંતુ તેનાં કારણો ન જાણતા હોવા છતાં તેને કોઈ દેવતાનો કોપ કે અનુગ્રહ કહીને એક નવો ભ્રમ પેદા કરવાની ચેષ્ટા કરવામાં આવી નથી. આ સમજદારીની નિશાની છે. સર્વજ્ઞ હોવાનો દાવો કરવો એ મિથ્યા અહંકાર છે. જેની જાણકારી નથી તેને જાણવા માટે મગજ ખુલ્લું રાખવું જોઈએ અને ધૈર્યપૂર્વક રહસ્યોદ્ઘાટનનાં સૂત્રો શોધી કાઢવાનો પ્રયત્ન કરતા રહેવું તેમાં જ બુદ્ધિમત્તા રહેલી છે.

ભાગ્યને દેવતાઓની સાથે, ગ્રહનક્ષત્રોની સાથે જોડવું એ સાવ હાસ્યાસ્પદ છે. દેવતા કોઈનું ભાગ્ય ખરાબ લખે અને કોઈનું સારું લખે તો તેને અર્ધપાગલ જ કહી શકાય. દેવતાઓ વધારે ન્યાયશીલ અને વિવેકવાન હોવાની માન્યતાને કારણે તેમને શ્રદ્ધાસ્પદ માનવામાં આવ્યા છે. જો તેઓ ભાગ્ય લખવામાં કોઈ મર્યાદાઓનું ધ્યાન ના રાખે અને ગમે તેનું ભાગ્ય મરજીમાં આવે તેમ સારું કે ખરાબ લખવા લાગે તો તેમના પ્રત્યેની શ્રદ્ધા અને ગરિમા ટકે નહિ. જ્યોતિષીઓએ ગ્રહનક્ષત્રોની ગણના પણ દેવતાઓમાં કરી છે. આથી જ તો તેઓ તેમની પૂજા કરે છે અને અનુગ્રહ માગે છે. ખગોળશાસ્ત્રીઓની જેમ જો તેઓ ગ્રહોને નિર્જીવ પદાર્થપિંડ માનતા હોત તો આખી ધરતી અથવા કોઈ ભૂખંડ તેમના વ્યાપક પ્રભાવની કલ્પના કરત અને જો અનુકૂળતા-પ્રતિકૂળતાની વાત વિચારતા હોત તો તેનો આધાર એટલો જ હોત કે અંતર્ગ્રહી આદાનપ્રદાનને ઓછુંવત્તું કરવા માટે શું કરી શકાય તેમ છે. આનાથી ઊલટું, તેમની નારાજગીથી કોઈ ખાસ વ્યક્તિને કષ્ટ મળે તેવી માન્યતા બનાવી દેવામાં આવી અને પૂજા-કર્મકાંડથી તેમનો ગુસ્સો શાંત કરવાની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તથા તેમની કૃપા મેળવવાની વાત સમજાવવામાં આવી. આથી સ્પષ્ટ થાય છે કે આ દેવતાઓને ખગોળસંપત્તિના સ્થાનેથી હઠાવીને દેવની સંજ્ઞા આપી દેવામાં આવી. ખરેખર આવું જ થતું રહ્યું છે. ગ્રહોનક્ષત્રોને દેવપ્રતિમાઓ સ્વરૂપે પ્રતિષ્ઠિત કરવામાં અને પૂજવામાં આવી રહ્યા છે. દેવવાદ અને ભાગ્યવાદની વિસંગતિને સંગતિના રૂપમાં બેસાડીને એક અનોખી બૌદ્ધિક કુશળતાનો પરિચય આપવામાં આવ્યો છે તેમાં બિલકુલ ચમત્કાર છે. ગ્રહોનક્ષત્રોનો, દેવતાઓનો તો નહિ, પણ આવી કલ્પના કરનારાઓની બુદ્ધિને તો જરૂર ચમત્કારી કહી શકાય. આમ છતાં એક સવાલ તો ઊભો જ રહે છે કે જો આ ગ્રહો અને નક્ષત્રો ખરેખર દેવતાઓ જ હોય તો પછી અકારણ કોઈને દુ:ખ અને કોઈને સુખ આપવાની આવી અવ્યવસ્થા શું કામ ફેલાવે છે ? તેમના ક્રિયાકલાપોમાં આવું અંધેર શા માટે ચાલે છે ? તેમના રોષથી બરબાદ થયેલા દુ:ખી લોકોની હાય તેમને કેમ ના લાગે ? તેમની કૃપાથી માલદાર બની ગયેલા લોકો કર્મ અને પુરુષાર્થથી દૂર કેમ ના થઈ જાય ? તો પછી એક નવો પ્રશ્ન પેદા થાય કે પૂજાપાઠની આવી નાની સરખી ભેટ મળવાથી તેઓ તેમની પ્રવૃત્તિઓ કેમ બદલી નાખે છે ? તેમની પૂજા કરવામાં આવતાં તેઓ દોષને અનુગ્રહમાં બદલી દે છે અને પૂજા ના મળે તો ત્રાસ આપે છે. તેનું શું કારણ હોઈ શકે ? પૂજાના નામે મળતી પ્રશંસા અને સસ્તી ભેટસામગ્રી માત્રથી તેમની નીતિ અને ક્રિયામાં ભારે ફેરફાર કેમ થઈ જાય છે ? કોઈ નંગની વીંટી પહેરી લેવાથી કયા કારણથી દેવતાઓ એકદમ કૃપા વરસાવવા લાગી જાય છે ? આવા અનેક પ્રશ્નો ભાગ્યવાદની અપવાદની સ્થિતિનો સ્વીકાર કરવા છતાં પણ એનું સમાધાન થવા દેતા નથી કે તે બધા માટે દેવતાઓએ લખેલું વિધાન અથવા ગ્રહનક્ષત્રોનો રોષ કે કૃપા કયાં કારણોથી હોઈ શકે ? જો કોઈ કારણ હોય તો તેનું કયા તર્ક અને હકીકતના આધારે સમર્થન કરવું જોઈએ ?

દેવતાઓ અને ગ્રહોનક્ષત્રોના અસ્તિત્વ કે અનસ્તિત્વ વિશે બુદ્ધિપૂર્વકના તર્ક અને હકીકતોના આધારે ઘણુંબધું કહેવા-વિચારવાની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને શોધવાની સંભાવનાઓ છે. દૈવી શક્તિઓનો માનવીય જીવન પર કોઈ વિશેષ પ્રભાવ હોઈ શકે છે. એવી જ રીતે ગ્રહનક્ષત્રો પણ પૃથ્વીના પદાર્થો અને પ્રાણીઓને પ્રભાવિત કરી શકે છે. આ સંભાવનાઓ પર વિચાર કરવા માટે વ્યાપક સંશોધનક્ષેત્ર ખુલ્લું પડ્યું છે, પરંતુ એ બાબતે તો ગાડી એકદમ અટકી જ જાય છે કે દેવતાઓ કોઈ જાતના કારણ વગર માત્ર મનમરજીથી કોઈનું ભાગ્યવિધાન સારું કે ખોટું કેવી રીતે લખી નાખે છે ? અથવા ગ્રહોનક્ષત્રો કોઈકની ઉપર ગુસ્સો અને કોઈકની ઉપર અનુગ્રહની અકારણ વર્ષા કરીને પોતાને અનાચારીઓ જેવા કેમ સાબિત કરી દે છે ? જો ખરેખર તેઓ આવા જ હોય તો પછી એ તેમના અને આપણા બધા માટે દુર્ભાગ્ય અને શરમની વાત કહેવાય. સૃષ્ટિની સુવ્યવસ્થાના સિદ્ધાંતનું તેમાં ખુલ્લું ઉલ્લંઘન અને ઉપહાસ છે. આવી હાસ્યાસ્પદ ધારણાઓએ જ વિચારશીલ વર્ગમાં ભાગ્યવાદ પ્રત્યે વિરોધ અને આક્રમણની ભૂમિકા બનાવી છે.

## ● પ્રારબ્ધ ન તો અંધવિશ્વાસ છે કે ન તો અકારણ છે

ભાગ્યવાદ પ્રત્યે વિરોધ અને આક્રોશ એટલા માટે પેદા થયા છે કે તેની મદદથી સ્વાર્થી તત્ત્વોએ ખાવાપીવા માટે ગ્રહોનક્ષત્રોને વચ્ચે લાવીને પોતાનો એક ધંધો શરૂ કરી દીધો છે. નહિતર તેને એક સ્વતંત્ર તત્ત્વજ્ઞાન માની શકાય તેમ હતું અને તેના પ્રભાવનું વ્યક્તિના ઉત્થાન-પતનમાં શું સ્થાન રહેલું છે તેની પર વિચાર કરીને એવા ઉપાયો શોધી શકાય એમ હતા કે બીજી વિપત્તિઓની જેમ તેની સામે પણ કેવી રીતે ઝઝૂમી શકાય. બીજાં ક્ષેત્રોની જેમ આ દિશામાં પણ કેવી રીતે મુશ્કેલીઓને સરળ બનાવી શકાય તેના ઉપાયો શોધી શકાય તેમ હતા.

ભાગ્ય વિશે એવી ઘણીબધી લોકોક્તિઓ પ્રચલિત છે, જે તેની ઉપર પડેલા પડદાને અનાયાસે જ દૂર કરી દે છે. ભાગ્યને વિધિનું, વિધાતાનું વિધાન કહેવામાં આવે છે. આ લોકોક્તિના શબ્દો પર વિચાર કરવાથી પણ હકીકતનો આભાસ મળે છે. વિધિ કહે છે કાનૂનને અને વિધાન કહે છે વ્યવસ્થાને. વિધિનું વિધાન એટલે કે કાયદાની વ્યવસ્થા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નિર્માતાને વિધાયક કહે છે. વિધાતા એટલે સર્જનહાર. પરમેશ્વરની વ્યવસ્થા એટલે વિધિનું વિધાન. કાયદાનો નિયમ કહેવામાં આવે કે પરમેશ્વરનો તે બંને એક જ છે. તેનું તાત્પર્ય એક જ છે- ભાગ્ય એટલે કે એવી પ્રતિક્રિયા, જે કોઈ ચોક્કસ નિયમ પર આધારિત છે. આ નિર્ણય પર પહોંચતાં ભાગ્યવાદના ધંધાદારીઓએ ગ્રહોનક્ષત્રોનાં બહાનાં રચીને જે ભ્રમજંજાળ ઊભી કરી છે અને જેમાં દુર્બળ મનઃસ્થિતિના લોકોને ડરાવીને તેમનો લાભ લેવાનું કુચક્ર ચલાવવામાં આવે છે તે આપમેળે દૂર થઈ જાય છે. બિચારા ગ્રહોનક્ષત્રોને આ સામાન્ય સૃષ્ટિવ્યવસ્થામાં ઢસડવા, તેમને દોષ દેવો કે શ્રેય આપવું એ સાવ નિરર્થક છે.

ખગોળવિદ્યા એટલે કે એસ્ટ્રોનોમી એક માન્ય વિજ્ઞાન છે. ગ્રહો-નક્ષત્રોની ગતિવિધિઓની જાણકારી કેટલી ઉપયોગી છે તે વિજ્ઞજનો સારી રીતે જાણે છે. તેના સંશોધન માટે અંતરિક્ષીય અને અંતર્ગ્રહીય જાણકારીઓ મેળવવા માટે વિજ્ઞાનના ક્ષેત્રમાં કેટલા મોંઘા અને પ્રબળ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તે જાણીતું છે. તેમાં લાભ પણ છે. રેડિયો, ટેલિફોન, ટેલિવિઝન જેવા કેટલાય પ્રત્યક્ષ અને પરોક્ષ લાભો ખગોળવિદ્યાની જાણકારીના આધારે મળી રહ્યા છે. આ વિજ્ઞાનની પ્રતિષ્ઠા છે જ અને રહેશે, પરંતુ ખગોળવિદ્યાનું જ્યારે ફલિત જ્યોતિષના રૂપમાં વર્ણન કરવામાં આવશે અને તેનાથી નવી જાતની ભ્રાન્તિઓ ફેલાવીને સ્વાર્થ સાધવાનો પ્રયાસ કરવામાં આવશે તો સમાજમાં નિઃસંકોચ રીતે તેની ટીકા થતી રહેશે.

ભવિષ્યકથન એક અતીન્દ્રિય ક્ષમતા છે. પરામનોવિજ્ઞાનના આધારે તેનું સમર્થન થઈ રહ્યું છે, પરંતુ જો જન્મકુંડળીને ભવિષ્યકથન નિમિત્તે એક નવી જંજાળ તરીકે ઊભી કરવામાં આવશે તો વિજ્ઞ સમાજમાં તેની પ્રતિક્રિયા થયા વગર રહેશે નહિ. ખગોળવિજ્ઞાનની જેમ ભાગ્યવિધાનને પણ વિશુદ્ધ તત્ત્વજ્ઞાન તરીકે લઈ શકાય તો તેનો ઉપયોગ પણ વ્યવહારશાસ્ત્ર, કર્મફળ-વ્યવસ્થા વિજ્ઞાનની જેમ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ ઉપયોગી નીવડી શકે તેમ છે. તેની મદદથી વિપત્તિઓના નિરાકરણ અને સુવિધાઓના વિકાસમાં ભારે યોગદાન મળી શકે છે.

ઓચિંતી અને આકસ્મિક ઘટનાઓ પાછળનું કારણ મોટેભાગે સંચિત કર્મો તથા સામયિક પ્રતિક્રિયાનું એકાએક વરસી પડવું હોય છે. સરોવરમાંથી વરાળ બને છે, સઘન થઈને તે વાદળ બને છે. વાદળો હવાની સાથે આમતેમ ભ્રમણ કરતાં રહે છે. જ્યારે તે ભારે થઈ ગાઢ બની જાય છે અને પરિસ્થિતિઓ તેમને નીચે ઊતરવા માટે ફરજ પાડે છે ત્યારે ભૂમિની નજીક આવીને વરસવાનું શરૂ કરી દે છે. વરાળ પેદા થવાના સ્થાન અને વરસવાના સ્થાન અને સમય સાથે સરખામણી કરવામાં આવે તો તે બંને વચ્ચે ઘણું અંતર અને વિસંગતિ જોવા મળશે, તેમ છતાં જાણકારોને એ વાતનો સ્વીકાર કરવામાં કોઈ મુશ્કેલી પડતી નથી કે એક સમયે પેદા થયેલી વરાળ જ બીજા સમયે વરસાદ વરસાવે છે. મનુષ્યનાં પ્રારબ્ધ કર્મ તેના પરિપાકનો સમય વીતતાં જ્યારે વિપત્તિના રૂપમાં વરસે છે ત્યારે તેને દુર્ભાગ્ય કે દુર્ઘટનાનું નામ આપવામાં આવે છે. મનુષ્ય દ્વારા પહોંચાડવામાં આવેલા નુકસાનને તો શત્રુતા, આક્રમણ, અત્યાચાર, બદલો વગેરે કહી શકાય છે, પરંતુ જેમાં કોઈનો હાથ ના હોય, જે વિપત્તિ અચાનક વરસી પડી હોય તેનો સુનિશ્ચિત અને સમાધાનકારક જવાબ એક જ હોઈ શકે છે- સંચિત પ્રારબ્ધકર્મોની પ્રતિક્રિયા. તેનું જ પ્રાચીન ઋષિપ્રણીત નામ ભાગ્ય, પ્રારબ્ધ, કર્મફળ વગેરે છે. જોવાનું એ છે કે જ્યારે પ્રકૃતિની બીજી અસામાન્ય ઘટનાઓ પણ પ્રકૃતિના કોઈક નિયમ અનુસાર જ બનતી હોય છે, તો મનુષ્યજીવનમાં આવા પ્રસંગો ક્યાં કારણોસર બને છે, જેનો કોઈ એટલો મોટો પ્રત્યક્ષ ગુનો દેખાતો પણ નથી, જેના કારણે આવાં સંકટો કે અવરોધોનો સામનો કરવો પડે છે? પ્રગતિના ક્રમમાં જ્યારે બીજા લોકો સહજપણે આગળ વધતા જાય છે ત્યારે અમુક વ્યક્તિઓને જ કેમ નિષ્ફળતાનું મોં જોવું પડે છે? આ ભાગ્ય કયા કારણથી વ્યક્તિવિશેષને સતાવે છે અને તેની પ્રગતિને અવરોધે છે?



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તત્ત્વદર્શીઓની એક સનાતન માન્યતા એવી છે કે માનવીનાં સંચિત કર્મો જ સારા કે ખોટા ભાગ્યનું રૂપ ધારણ કરીને સામે આવે છે. સંચિત કર્મોના કાલાંતરે મળતા પરિણામને જ ભાગ્ય કહેવામાં આવે છે. સાથે સાથે મોટાભાગનાં કર્મોનું ફળ મળતું અને ચૂકવાતું જ રહે છે. અમુક જ વિશેષ કર્મો એવાં બાકી રહે છે કે જેમનું ફળ પેદા થવામાં સમય લાગી જાય છે. શારીરિક પરિશ્રમ અને બુદ્ધિકૌશલ્યનાં પરિણામો તો લગભગ ઝડપથી થોડાઘણા સમયના અંતરે જ મળતાં જાય છે. જે કર્મો નૈતિક હોય છે તેમાં જ વાર લાગે છે. પાપ અને પુણ્યનું ફળ મળવામાં વાર લાગે છે. હથેળીમાં રાઈ ઉગાડી શકાય છે, જે વાવ્યાના દસ દિવસ પછી તેનાં અંકુર પાંચ-છ ઈંચ ઊગી આવે છે, પરંતુ જેનું જીવન લાંબું છે, જે ચિરસ્થાયી છે તેને ઊગવામાં અને પ્રૌઢ થવામાં વાર લાગે છે. નારિયેળનો ગોટલો વાવ્યા પછી પણ તેમાં એક વર્ષે ફણગો ફૂટે છે અને વર્ષો પછી ધીરેધીરે તે મોટું થાય છે. વડનું ઝાડ પણ ઘણો સમય લે છે, જ્યારે એરંડાનો છોડ થોડાક જ મહિનામાં ફળ અને છાંયડો આપવા લાગે છે. હાથી જેવાં દીર્ઘજીવી પશુ, ગીધ જેવું પક્ષી, વ્હેલ જેવું જળચર પ્રાણી તેના બાળપણના દિવસો પૂરા કરવામાં લાંબો સમય લે છે, જ્યારે સસલા જેવાં નાનાં પ્રાણીઓ એક જ વર્ષમાં બચ્ચાં પેદા કરવા લાગે છે. માખી, મચ્છરોનું બાળપણ અને યુવાની ખૂબ જલદી આવી જાય છે અને તે મરે છે પણ જલદીથી. શારીરિક અને માનસિક પરિશ્રમનું, આહારવિહારનું, વ્યવહાર તથા શિષ્ટાચારનું ફળ તરત જ મળતું રહે છે. તેની ઉપલબ્ધિઓ સામયિક હોય છે, ચિરસ્થાયી નહિ. સ્થાયિત્વ તો નૈતિક કૃત્યોમાં જ હોય છે. તેની સાથે ભાવસંવેદનાઓ અને આસ્થાઓ જોડાયેલી હોય છે. તેનાં મૂળિયાં અંતરના ઊંડાણમાં ઊતરેલાં હોય છે, આથી તેનાં સારાં કે ખોટાં ફળ મળવામાં વિલંબ થાય છે અને લાંબા સમય સુધી ટકે પણ છે. આવાં કર્મો ફલિત થવામાં મોટેભાગે જન્મજન્માંતરો જેટલો સમય લાગી જાય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપણી દૃષ્ટિ સામયિક જ હોય છે. બધું પ્રત્યક્ષ જ દેખાય છે. પુણ્ય અને પાપનું સારું-ખોટું ફળ તાત્કાલિક ન મળતાં અધીરાઈ અને અનાસ્થા પેદા થાય છે અને એવી સ્થિતિમાં તો એક જાતનું અંતઃદ્વંદ્વ પેદા થઈ જાય છે. સંચિત કર્મોના ફળ અને આજના ક્રિયાકલાપોની વચ્ચે વિપરીતતા જોવા મળે છે. પૂર્વજન્મનાં પુણ્ય જે દિવસોમાં ફલિત થઈને શુભ પરિણામો પેદા કરી રહ્યાં હતાં એ જ દિવસોમાં સંયોગવશ તે વ્યક્તિએ નવાં દુષ્કર્મો કરી નાખ્યાં. જોનારાઓને એવો ભ્રમ હોય છે કે હમણાં જે દુષ્કર્મો કરવામાં આવ્યાં હતાં તેમનું ફળ આ વિશેષ લાભના રૂપમાં સામે આવ્યું. એવું કહેવાય છે કે "કલિયુગનો આવો જ મહિમા છે. સારું કરનારને ખરાબ અને ખરાબ કરનારને સારું ફળ મળે છે." આ વાક્યના પ્રતિપાદનમાં એવાં પ્રમાણો રજૂ કરવામાં આવે છે, જેમાં અશુભ કર્મ કરનારને દુષ્કર્મ કરવાના દિવસોમાં જ સંચિત પુણ્યફળનો લાભ સંયોગવશ મળી જાય છે.

એવા કેટલાક પ્રસંગો બને છે, જેમાં સારું કર્મ કરવાના દિવસોમાં કોઈ સંચિત અશુભ કર્મનું ખરાબ ફળ કષ્ટના રૂપમાં સામે આવી ગયું હોય છે. ત્યારે પણ એવી વિસંગતિ બેસાડી દેવામાં આવે છે કે સારું કામ કરનારને દુઃખ ભોગવવું પડે છે. આ સમયનો મહિમા છે. આવી વિસંગતિઓ ક્યારેક ક્યારેક જ સામે આવે છે, તો પણ તેનાથી સામાન્ય બુદ્ધિના લોકો દ્વિધામાં પડી જાય છે. આવા જ પ્રસંગો જોતાં શાસ્ત્રકારોએ કર્મની ગતિને ખૂબ ઊંડી ગણાવી છે અને "**ગહના કર્મણો ગતિઃ**" કહીને તેની જટિલતા તરફ સંકેત કર્યો છે.

આવો ગૂંચવાડો હોવા છતાં સંચિત કર્મ અને ભાગ્યની એકતામાં કોઈ તાત્ત્વિક ફરક નથી. કાલનું દૂધ આજે દહીંના સ્વરૂપમાં સામે આવે છે. તેને સંચિત કર્મ અને ભાગ્યનું ઉદાહરણ સમજી શકાય છે. શાસ્ત્રકારોએ આ હકીકતને અવારનવાર ઠેરઠેર રજૂ પણ કરી છે. ભાગ્યને બદલે ઘણીવાર કર્મ શબ્દનો પણ ઉપયોગ થાય છે. 'કરમમાં આવું લખ્યું હતું', 'કરમના લેખ ભૂંસાતા નથી' જેવી લોકોક્તિઓ સાંભળવા મળે છે. 'કર્મ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રધાન વિશ્વ કરિ રાખા' જેવી પંક્તિઓમાં સારાખોટા ભોગો માટે કર્મને જ જવાબદાર માનવામાં આવે છે.

કર્મનું પૂર્વ સ્વરૂપ વિચાર છે. વિચારને બીજ અને કર્મને વૃક્ષ કહેવામાં આવે છે. જેવા વિચારો હોય છે તેવા જ પ્રયાસો કરવામાં આવે છે અને તે પ્રમાણે સારી કે ખરાબ પરિસ્થિતિઓ સામે આવે છે. આ એક જાણીતી હકીકત છે, પરંતુ તેનું એક બીજું પાસું પણ છે, જે ભાગ્યવાદની તરફેણમાં જતું જણાય છે. ભવિષ્યમાં જેવું થવાનું હોય છે તેવાં જ કર્મો થાય છે. કર્મોને જે સ્વરૂપમાં થવાનું હોય છે એવા જ વિચારો પેદા થાય છે. સંચિત કર્મોની પ્રતિક્રિયા આ જ રૂપમાં પ્રગટ થાય છે. રામાયણમાં એક ચોપાઈ આવે છે- **"કાલ દંડ લૈ કાહૂ ન મારા । હરેઉ પ્રથમ તસ બુદ્ધિ વિચારા ।।"** સંસ્કૃતમાં એક સુક્તિ છે- "દેવતાઓ લાકડી લઈને કોઈને મારતા નથી, જેને દુઃખ આપવાનું હોય તેની બુદ્ધિનું અપહરણ કરી લે છે." દૈવી દુર્ઘટનાઓ તો ક્યારેક ક્યારેક જ થાય છે, આસમાનમાંથી ટપકતી મુશ્કેલીઓ તો ક્યારેક ક્યારેક જ કોઈની ઉપર પડે છે. મોટે ભાગે માણસ પોતે જ એવા માર્ગે ચાલે છે, જ્યાં તેના માટે વિનાશ જ રાહ જોઈ રહ્યો હોય છે. સંચિત કર્મોના ફળસ્વરૂપે જે દંડ કે પુરસ્કાર મળવાનો હોય છે તેનું પૂર્વ સ્વરૂપ અંતઃકરણના કોઈ ઊંડા ખૂણામાં બીજરૂપે વિકસવા લાગે છે અને ધીરેધીરે તે જ વિપત્તિ કે સંપત્તિની પરિસ્થિતિઓના રૂપમાં પ્રગટ થાય છે. દૈવી વરદાન કે અભિશાપનું આ જ સ્વરૂપ છે. તેમાં પ્રત્યક્ષ રીતે તો કર્તાનો જ દોષ દેખાય છે, પરંતુ પરોક્ષ કારણ એ હોય છે કે સંચિત કર્મોનું ઝેર અંદર ને અંદર ઊકળતું રહે છે અને તે ફોડલા સ્વરૂપે પ્રત્યક્ષ થઈને પીડા આપે છે. પુણ્યકર્મોના ફળસ્વરૂપે મળતી સુવિધા તથા સફળતાઓ પણ આકાશમાંથી ટપકતી નથી, પરંતુ અંતરના કોઈ ખૂણામાંથી સત્પ્રવૃત્તિ બનીને તેનાં મૂળિયાં નાખે છે અને તેનાં અમૃતફળ શ્રેય, યશ, સુખ અને સન્માન સ્વરૂપે સામે આવે છે. દૈવેચ્છા શબ્દ આવા જ પ્રસંગોએ અનુકૂળ બેસે છે. ઘણી વાર ન ઇચ્છતા હોવા છતાં એવા સારા કે ખોટા ઉમંગો અંદરથી પેદા થાય



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે, જે સમજાવવાથી પણ અટકતા નથી અને પોતાની પ્રેરણાથી કંઈક એવું કરાવી લે છે કે જે સામાન્ય રીતે માનવીના મનમાં પહેલાંથી હોતું નથી. જેમાં કોઈ ભૂમિકા ન હોવા છતાં અચાનક જ આંધીતોફાનની જેમ પ્રગટ થઈને સામાન્ય પરિસ્થિતિઓને તોડતી, મરોડતી માનવીને ક્યાંયનો ક્યાંય લાવીને ફેંકી દે એવી ઓચિંતી ઘટનાઓની પણ કોઈ ખોટ નથી. આવી ઘટનાઓ સારા માટે પણ હોય છે અને ખરાબ માટે પણ હોય છે.

ભાગ્યવાદના સમર્થનમાં પણ અનેક ઘટનાઓ બનતી રહે છે. તે અપવાદરૂપે તો હોય છે, પરંતુ એટલા ઓછા પ્રમાણમાં નથી હોતી કે તેમની ઉપેક્ષા કરવામાં આવે. તેનાં તથ્યો તથા કારણો જાણવા માટે ગ્રહોનક્ષત્રો પર દોષારોપણ કરવાની કે દેવતાઓને બદનામ કરવાની જરૂર નથી. એવું કહી શકાય કે મનુષ્યનાં સંચિત કર્મો પ્રારબ્ધ બનીને પ્રગટ થયાં અને તેમણે ચોક્કસ પરિણામ સુધી પહોંચાડવા માટે આંતરિક ઉમંગોથી લઈને બાહ્ય સાધનો મેળવવા સુધીના અનેક આધાર પરોક્ષ રીતે ઊભા કરી દીધા.

સચોટ નિદાન થઈ જાય તો રોગની સારવાર સરળ થઈ જાય છે અને યોગ્ય ઉપચારનો સાચો લાભ મળે છે. પ્રત્યક્ષ કર્મોની જેમ સંચિત કર્મોનું સ્વરૂપ સમજી લેવામાં આવે તો પછી ભાગ્યવાદ અને કર્મવાદની વચ્ચે જે વિરોધાભાસ છે તેની કોઈ જરૂર નહિ રહે. પછી કોઈ ગ્રહનક્ષત્રોને કરગર્યા વગર પોતાના પગમાં પોતાની જ ભૂલથી વાગેલો કાંટો કાઢી નાખવાનો દૂરદર્શિતાપૂર્ણ પ્રયત્ન શરૂ કરવો પડશે. જેવી રીતે પોતાની જ ભૂલથી સંકટો પેદા થાય છે તેવી જ રીતે પોતાની સમજદારીથી તેમનું નિરાકરણ પણ કરી શકાય છે. સમસ્યાઓ ઊભી કરવાની અને તેમને વધુ ગૂંચવવાની ભૂલ પણ માણસ જ કરે છે, પરંતુ જો તેને સુધરવા માટે અને બદલવા માટે તૈયાર થઈ જાય તો તેને ઉકેલવામાં પણ સફળ થઈ શકે છે. પોતાના જ અનાચરણથી રોગો પેદા થાય છે, પરંતુ કુમાર્ગ છોડીને જો પરેજી પાળવામાં આવે અને ઉપચાર શરૂ કરવામાં આવે તો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવા રોગોથી છુટકારો મેળવી શકાય છે. વિગ્રહો ઊભા કરનારાઓ ઇચ્છે તો સમાધાન પણ કરી શકે છે. અશાંતિ પેદા કરનારાઓ શાંતિ માટે નવેસરથી પ્રયત્નો કરે તો પોતાની સમજણથી તેમાં સફળ પણ થઈ શકે છે.

સંચિત કર્મો આપણાં પોતાનાં કમાયેલાં છે. તેમાં ફેરફાર કરવો એ આપણા કાબૂ બહારની વાત નથી. કર્મનું ફળ તો નિશ્ચિત છે, પરંતુ તેની દિશા બદલી શકાય છે. તેનું નિરાકરણ અને સમાધાન પણ થઈ શકે છે. ઝેર ખાઈ લેવા છતાં પણ સમયસરની સારવાર મળતાં મરણના સંકટમાંથી બચી શકાય છે, તો પછી પ્રારબ્ધજન્ય સંભાવનાઓમાં સુધાર અને ફેરફાર ના થઈ શકે તેવું કોઈ કારણ નથી. અશુભ પ્રારબ્ધ દ્વારા પેદા થતી વિષમ સંભાવનાઓનું નિરાકરણ સંભવ છે. દેવાદારોને હપ્તેથી દેવું ચૂકવવા માટે તૈયાર કરી શકાય છે, તો પછી પોતાનાં જ કર્મોના ફળસ્વરૂપે પેદા થનારી સંભવિત વિપત્તિઓમાંથી પ્રયત્નો કરીને છુટકારો ના મેળવી શકાય એવું બની શકે નહિ. પ્રારબ્ધ કર્મોનું ફળ ભોગવવાનું નક્કી હોવા છતાં તેમના નિવારણ તથા નિરાકરણના ઉપાયો થઈ શકે છે અને પ્રારબ્ધના અનિષ્ટ ફળમાંથી બચી શકાય છે.

અનિષ્ટોથી બચવાના ઉપાયોની આ વ્યવસ્થા સસ્તી અને પાયા વગરની નથી, પરંતુ સુસંબદ્ધ, ન્યાયોચિત તથા વૈજ્ઞાનિક જ છે. સંકટો કોઈ આકસ્મિક પ્રકોપથી આવતાં નથી કે ન તો તેમનું નિવારણ કોઈ ચિત્રવિચિત્ર ચિહ્નપૂજાથી કે દાનદક્ષિણા આપવાથી થઈ શકે છે. આકસ્મિક કષ્ટો-વિપત્તિઓની પણ સાચી પૃષ્ઠભૂમિને સમજવાથી જ તેમાંથી મુક્ત થઈ શકાય છે. ભાગ્યવાદની ભ્રામક માન્યતાઓથી મુક્ત થયા વગર પ્રારબ્ધના સાચા સ્વરૂપને સમજવું શક્ય નથી. એ જાણવું જરૂરી છે કે પ્રારબ્ધનું નિર્માણ કોઈ દેવતા, ગ્રહનક્ષત્ર વગેરે કરતાં નથી. દરેક વ્યક્તિ પોતે જ તેનું નિર્માણ કરે છે. ભાગ્યનું પરિણામ મનુષ્યને મળે છે, પરંતુ તે ભાગ્યના સારા કે ખરાબ સ્વરૂપનો નિર્માતા મનુષ્ય પોતે જ છે.

★



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# સ્વર્ગ-નરકની સ્વસંચાલિત પ્રક્રિયા

શરીરથી અસમર્થ, દુર્બળ અને બીમાર લોકોની જેમ જ માનસિક પછાતપણા અને વિકારના કીચડમાં ફસાયેલા લોકોની આપણા સમાજમાં બહુમતી જોવા મળે છે. આ પાગણપણું પણ એક જાતની બીમારી છે, જેમાં પ્રાણીઓને તિરસ્કાર, અભાવ અને અનેકજાતનાં દુઃખો સહન કરવાં પડે છે.

વિચારવા જેવી બાબત એ છે કે આ બધું શાથી થાય છે ? માણસનો પ્રત્યક્ષ કોઈ વાંક દેખાતો નથી. જાણીજોઈને એવું કંઈક કર્યું હોય, જેનાથી આવા શારીરિક વ્યાધિઓ અને માનસિક આધિઓનું દુઃખ સહેવું પડે એવું કંઈ જણાતું નથી, તો પછી ઈશ્વરે આવી વિચિત્ર રચના કેમ કરી ? બધાને જુદાજુદા કેમ બનાવ્યા તેનો પણ કોઈ જવાબ નથી. ઈશ્વર ન તો અન્યાયી છે કે ન તો તેની સૃષ્ટિમાં કોઈ અંધેર કે અવ્યવસ્થા ચાલે છે. બીજી બાજુ આવા બીમાર લોકોનો એવો કોઈ પ્રત્યક્ષ વાંક પણ દેખાતો નથી કે જેથી તેમને આવો દંડ ભોગવવો પડે.

આ અસમંજસનું સમાધાન મનઃશાસ્ત્રના આચાર્યો એક જ તારણના આધારે આપે છે કે અનૈતિક અને અસામાજિક ચિંતન અને કર્તૃત્વથી મનઃક્ષેત્રમાં પેદા થતો અંતર્દ્વંદ્વ દ્વિમુખી વ્યક્તિત્વની રચના કરે છે અને તેમાંથી સતત પેદા થતો આંતરિક કલેશ આખી મનોભૂમિને વેરવિખેર કરી નાખે છે. સંચાલક જો ઘાયલ કે ઉદ્વિગ્ન થઈ જાય તો તેની નીચે કામ કરતા તંત્રની દુર્દશા થાય એ સ્વાભાવિક છે. શરીરના અનાચાર અને મનના મનોવિકારના કારણે જ આત્મસત્તાનું સ્વસંચાલિત તંત્ર અનેક પ્રકારના આત્મદંડની વ્યવસ્થા આપમેળે જ કરી લે છે.

પુરાણોમાં ચિત્રગુપ્તને નરકના અધિપતિ માનવામાં આવ્યા છે. આ ચિત્રગુપ્તના ચોપડામાં માણસનાં બધાં કર્મો કાયમ લખવામાં આવે છે એવું વર્ણન છે. આ લેખોના આધારે ભગવાન ચિત્રગુપ્ત દરેક પ્રાણીને દંડ કે પુરસ્કારની વ્યવસ્થા કરે છે. આ ચિત્રગુપ્ત વિજ્ઞાનની વિવેચના અનુસાર અચેતન મન જ છે, જેની અત્યંત સંવેદનશીલ કોશિકાઓ ઉપર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માનવીનાં સારાંખોટાં કર્મો ટેપરેકોર્ડરની પટ્ટી અથવા ફોટોગ્રાફીની પ્લેટની જેમ અંકિત થતાં રહે છે. સમય અનુસાર તે પ્રગટ તથા ફલિત થાય છે ત્યારે તેની પ્રતિક્રિયા શારીરિક તથા માનસિક રોગોના રૂપમાં સામે આવે છે. આ બે વ્યથાઓની સાથે એક ત્રીજી પણ અનાયાસે જ જોડાઈ જાય છે અને તે છે સામાન્ય જીવનમાં ડગલે ને પગલે આવતી નિષ્ફળતા.

ગંગા અને યમુનાના સંગમ પર એક ત્રીજી સરસ્વતી પાતાળમાંથી અનાયાસે જ પ્રગટ થઈને તે સમાગમના સ્થાને આવી ગઈ છે. બિલકુલ એવી જ રીતે શારીરિક વ્યાધિઓ અને માનસિક આધિઓ જેને ઘેરી વળી છે તેવા વિકૃત મસ્તક અને અસ્વસ્થ શરીર દ્વારા યોગ્ય રીતે વિચારી કે કામ કરી શકાતું નથી. આમ આપણી અટપટી પ્રવૃત્તિઓ કોઈ મહત્ત્વપૂર્ણ સફળતા સુધી પહોંચવા જ દેતી નથી અને એવા માણસથી લોકો ચિડાતા રહે છે. પરિણામે સહયોગથી તેણે વંચિત રહેવું પડે છે. મતભેદ વધતાં વધતાં શત્રુતા અને વિગ્રહ સુધી જઈ પહોંચે છે અને આક્રમણ પ્રત્યાક્રમણના કુચક્રમાં આવી વ્યક્તિએ ઘણું નુકસાન ભોગવવું પડે છે. પ્રગતિનો માર્ગ મોટેભાગે અવરોધાયેલો રહે છે. આ નવી વિપત્તિ શારીરિક અને માનસિક બીમારીની જ દેન છે. બે રંગો ભેગા થવાથી એક ત્રીજો રંગ પેદા થાય છે તેમ આધિ અને વ્યાધિથી ગ્રસ્ત વ્યક્તિને અવરોધ અને નિષ્ફળતાનું વધારાનું સંકટ વેઠવું પડે છે.

શારીરિક રોગ, માનસિક ઉદ્વેગ અને સફળતાના અવરોધનો આ ત્રિવિધ સમન્વય કેટલો દુ:ખદ અને સંતાપ આપનારો હોય છે તે તો જેણે ભોગવ્યો હોય તે જ જાણે છે. જેમને આવાં સંકટોનો ત્રાસ સહન કરવો પડે છે તેમને આ વિપન્નતા પ્રત્યક્ષ નરક જેવી જણાય છે. યમલોકના અધિપતિ ચિત્રગુપ્તને અચેતન મન માનવું જોઈએ. તેમનું કાર્યક્ષેત્ર યમલોક આ મનઃસંસ્થાન જ છે, જેમાં પ્રતિફળને પરિણમવા માટેની ઈશ્વરપ્રદત્ત ક્ષમતા રહેલી છે. નિયંત્રણની વ્યવસ્થા તથા અનુશાસનને જ યમ કહે છે. આમ તે વ્યવસ્થાનું કેન્દ્રસ્થાન મસ્તક જ યમલોક છે તથા મસ્તકની મૂળભૂત સત્તા ચિત્ત છે, ચિત્રગુપ્ત છે. ઈશ્વરે સર્વત્ર સ્વસંચાલિત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વ્યવસ્થા રાખી છે, જેથી ન્યાયવ્યવસ્થાની કોઈ વધારાની ઝંઝટ કરવી ના પડે. પોતાની જ સત્તાનો એક પક્ષ કર્મ કરે છે અને બીજો તેનું પ્રતિફળ ઘડીને તૈયાર કરી નાખે છે. બહારના ન્યાયાધીશને ભ્રમમાં નાખી શકાય છે, પરંતુ અંતરમાં બેઠેલા દ્રષ્ટાની નિષ્પક્ષ ન્યાયશીલતા ક્યારેય વિચલિત થઈ શકતી નથી. પોતાનાં જ પુણ્ય, ઉત્કર્ષ તથા ઉલ્લાસના અને પોતાનાં જ પાપો શોકસંતાપના નવા નવા પ્રસંગો સામે લાવતાં રહે છે.

ભગવાન કોઈને ન તો દંડ આપે છે કે ન તો પુરસ્કાર આપે છે. તેઓ માત્ર વિધિવ્યવસ્થાના સંચાલક અને નિયંત્રણકર્તા છે. તેઓ સૃષ્ટિની ક્રમબદ્ધતા અને સમરૂપતાને જાળવવાનું ધ્યાન રાખે છે. વ્યક્તિગત જીવનમાં તેમનો કોઈ હસ્તક્ષેપ હોતો નથી. દરેકને તેમણે પૂરી સ્વતંત્રતા આપી છે કે જેને જેવું ઠીક લાગે તેમ વિચારે અને કરે. સાથેસાથે વિવેકની ભેટ આપીને એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે ચિંતનનો, કાર્યનો સ્તર જ તેની સામે દંડ કે પુરસ્કારના રૂપમાં આવશે. માત્ર દિશા અપનાવવામાં જ સ્વતંત્રતા છે, પરંતુ જેઓ કાંટાળા માર્ગ પર ચાલશે તેઓ કાંટા વાગવામાંથી બચી શકશે નહિ એ હકીકત પૂર્ણ રીતે સ્પષ્ટ કરી દેવામાં આવી છે. ધર્મશાસ્ત્ર, તત્ત્વદર્શન અને ઉદાહરણોથી ભરેલો ઈતિહાસ ડગલે ને પગલે આ જ હકીકતને સાબિત કરે છે.

ઘૃણાસ્પદ કર્મ કરનારાઓ પોતાની જાતે જ પોતાને દંડ આપે છે અને સન્માર્ગ પર ચાલનારાઓ પોતાની પ્રવૃત્તિઓના કારણે પોતે જ પુરસ્કૃત થાય છે. અનાદિકાળથી આ જ સ્વસંચાલિત ક્રિયા-પ્રતિક્રિયાની શૃંખલા અનવરત ગતિએ ચાલતી આવે છે. કુમાર્ગે ચાલનારા સુખશાંતિથી રહે અને સન્માર્ગ અપનાવનારા દુઃખદારિદ્રયથી ગ્રસ્ત રહે એવું બની જ ના શકે. જો આવું થતું હોત તો અહીં ઉચિત-અનુચિતનો કોઈ ફરક જ ના રહેત અને કોઈ કુકર્મથી દૂર રહેવા અને સત્કર્મ અપનાવવા માટે તૈયાર જ ના થાત. અધર્મનું તાત્કાલિક આકર્ષણ જો કાયમી લાભ આપી શકતું હોત અને તેનાં દુષ્પરિણામોની કોઈ સંભાવના જ ના રહેત તો લોકો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અધર્મનું આચરણ કરતાં જરા પણ અચકાત નહિ. ત્યારે કદાચ કોઈને ધર્મનો માર્ગ અપનાવવાનો ઉત્સાહ જ પેદા ના થાત અને આવી કષ્ટસાધ્ય જણાતી પ્રક્રિયા ભાગ્યે જ કોઈ અપનાવત.

ઈશ્વરે માનવીને જેટલો સ્વાવલંબી બનાવ્યો છે એટલો જ તેને પરાવલંબી પણ બનાવ્યો છે. સર્વતંત્રથી સ્વતંત્ર તો ઈશ્વર જ છે. ઈશ્વર સ્વતંત્ર એટલા માટે છે કે તેણે નિયમવ્યવસ્થા બનાવી છે અને તેણે સૌપ્રથમ પોતાની જાતને બાંધી છે. જેમ આખા વિશ્વનો કણેકણ કોઈ નિયમમાં બંધાયેલો છે, એવી જ રીતે ઈશ્વર પણ મર્યાદાપુરુષોત્તમ છે. મર્યાદાઓ તૂટે નહિ, તેને તોડવાનું કોઈ દુસ્સાહસ ના કરે તે માટે તેણે પોતાને પણ પ્રતિબંધિત કર્યો છે. પાત્રતા કરતાં વધારે અનુદાન કોઈને પણ મળતું નથી. કર્મફળની મર્યાદાનું ઉલ્લંઘન કરીને તે ન તો કોઈને ક્ષમા આપે છે કે ન કોઈના ભક્ત-અભક્ત હોવાના નામે રાગદ્વેષની નીતિ અપનાવે છે. ન્યાય અને નિષ્પક્ષતાનું રક્ષણ તેના માટે મુખ્ય છે. વીજળી માનવીની ઘણી સેવા કરતી રહે છે, પરંતુ જ્યાં સુધી તેને વિધિપૂર્વક ઉપયોગમાં લેવામાં આવે ત્યાં સુધી જ. અયોગ્ય રીતે વ્યવહાર કરવાથી તો યજ્ઞનો અગ્નિ પણ હોતાને દઝાડી દે છે. અઢળક ખર્ચ કરીને વીજળીનાં યંત્રોને સજાવનારા પણ જો પ્રયોગોમાં પ્રમાદ કરે તો તે વિદ્યુતયંત્ર ઉપયોગ કરનાર માટે પ્રાણઘાતક સિદ્ધ થાય છે. ઈશ્વરની કર્મફળ વ્યવસ્થાને અગ્નિ કે વિદ્યુત જેવી જ માનીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ નથી.

જન્મજાત અપંગ, અસમર્થ, મૂર્ખ તથા બીમાર વ્યક્તિઓને જોઈને અનુમાન કરી શકાય કે પ્રકૃતિએ ઉદ્ધત આચરણ કરનારની પ્રગતિનાં સાધનોનું કેવી રીતે અપહરણ કરી લીધું છે. બંદૂકનો દુરુપયોગ કરનારનું લાયસન્સ જપ્ત કરી લેવામાં આવે છે. મોટર ચલાવવામાં ગફલત કરનારનું લાયસન્સ લઈ લેવામાં આવે છે. ગુનેગારોને સમાજથી દૂર રાખવા માટે અદાલતો યાતનાપૂર્ણ કારાવાસની સજા આપે છે અને તેમના નાગરિક અધિકારો છીનવી લે છે. જન્મજાત અપંગોને જોઈને આપણે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એવું અનુમાન કરી શકીએ છીએ કે મળેલી કર્મસ્વતંત્રતાનો દુરુપયોગ કરનાર સામે પ્રકૃતિ કેવી રીતે બદલો લે છે.

સુવિધાજનક પ્રગતિશીલ વાતાવરણમાં, સુસંસ્કારી પરિવારમાં જન્મ થવો એને અગાઉના જન્મમાં કરેલાં સત્કર્મોનું ફળ કહી શકાય. અભાગી વ્યક્તિ કુસંસ્કારી પરિસ્થિતિઓમાં જન્મ લઈને અસુવિધાજનક વાતાવરણમાં રહે છે અને પ્રગતિપથ પર આગળ વધવામાં મુશ્કેલીઓ અનુભવે છે. આની પાછળ પાછલા જન્મનાં સંચિત સારાં-ખોટાં કર્મોનાં પરિણામો રહેલાં જણાય છે. આમ તો આવી અડચણવાળી પરિસ્થિતિઓમાં પણ સત્કર્મ કરવાની, આગળ વધવાની સ્વતંત્રતા જળવાઈ રહે છે અને કોઈ ઇચ્છે તો આવા અવરોધોને સહન કરીને પણ આગળ વધવામાં, ઊંચા ઊઠવામાં સફળ થઈ શકે છે. એવાં ઉદાહરણોની કોઈ કમી નથી, જેમાં આંધળા, અપંગ, મૂંગા અને બહેરા લોકોએ એટલી બધી પ્રગતિ કરી હોય, જેને જોઈને સુવિધાસંપન્ન લોકોને પણ આશ્ચર્ય થાય.

જો આ સંસારમાં એવી વ્યવસ્થા હોત કે કર્મનું ફળ તરત જ મળી જાય, તો પછી માનવીય વિવેક અને ચેતનાની દૂરદર્શિતાની વિશેષતા જ રૂંધાઈ જાત. જો જૂઠું બોલતાંની સાથે જ જીભમાં છાલાં પડી જતાં હોય, ચોરી કરતાં જ હાથમાં પીડા થવા લાગે, વ્યભિચાર કરતાં જ તાવ આવી જાય, છળકપટ કરનારને લકવો થઈ જાય, તો પછી દુષ્કર્મ કરવું કોઈનાય માટે શક્ય ના રહેત. ચાલવા માટે એક જ નિર્જીવ રસ્તો બાકી બચત. આવી સ્થિતિમાં સ્વતંત્ર ચેતનાનો ઉપયોગ કરવાની, સારું અને ખરાબમાંથી કોઈ એકને પસંદ કરવાની વિચારશીલતા જ ખલાસ થઈ જાત અને બુદ્ધિનો કોઈ ઉપયોગ જ ના રહેત.પછી દૂરદર્શિતા અને વિવેકશીલતાની કોઈ જરૂર ના રહેત અને તેના અભાવમાં મનુષ્યની સર્વતોમુખી પ્રતિભાનો કોઈ ઉપયોગ થઈ ના શકત. ખરાબ કાર્યનું દુષ્પરિણામ અને સારા કાર્યનું સત્પરિણામ સમજવા માટે અંતઃપ્રેરણા, અધ્યાત્મ, તત્ત્વદર્શન, ધર્મવિજ્ઞાન, નીતિ, સદાચરણ તથા શ્રેય-



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાધનાનું જે ઉપયોગી, આકર્ષક અને સતોગુણી ધાર્મિક માળખું ઊભું કરવામાં આવ્યું છે તેની કોઈ જરૂર જ ના રહેત. બધું જ નીરસ થઈ જાત. અહીં જે કુતૂહલ જણાઈ રહ્યું છે, બહુરંગી કડવીમીઠી બાબતો સામે આવી રહી છે તેમાંનું કશું જ દેખાત નહિ. આવી પરિસ્થિતિઓમાં બીજો કોઈ લાભ ભલે થાત, પરંતુ મનુષ્યની ચેતનાત્મક પ્રતિભા કુંઠિત થઈ જાત, જેના દ્વારા પ્રગતિપથ પર આટલું બધું આગળ વધી શકાયું છે.

કર્મનું ફળ શારીરિક, આર્થિક અને સામાજિક દૃષ્ટિએ થોડું વિલંબથી મળી શકે છે, પરંતુ આંતરિક દૃષ્ટિએ તરત જ મળે છે. સદ્ભાવના અપનાવનારનું અંતઃકરણ આપોઆપ વધારે પ્રફુલ્લિત રહે છે. અત્તરની દુકાનનો માલિક કોઈ પણ પ્રયાસ વગર તેની સુગંધનો લાભ લેતો રહે છે. સત્કર્મનો સૌથી મોટો લાભ આત્મસંતોષ છે, જે મેળવવામાં જરા પણ રાહ જોવી પડતી નથી. સન્માર્ગ પર ચાલનારનો અંતરાત્મા પોતાની જાતને પ્રોત્સાહક આશીર્વાદ આપતો રહે છે. તેના આધારે વધેલું આત્મબળ મનુષ્યની વાસ્તવિક શક્તિને એટલી બધી વધારી દે છે કે જેની સરખામણી ઉપનિષદની સુક્તિ અનુસાર હજાર હાથીઓના બળ સાથે પણ થઈ શકતી નથી.

સદ્ભાવસંપન્ન અને સન્માર્ગે ચાલનારનું કોઈ સ્વાર્થવશ ગમે તેટલું વિરોધી હોય તો પણ અંદરથી તેના માટે ઊંડી શ્રદ્ધા ધરાવે છે. મહાત્મા ગાંધી પર હુમલો કરનાર ગોડસેએ ગોળી મારતાં પહેલાં તેમના ચરણસ્પર્શ કરીને પ્રણામ કર્યા હતા. ઈસુ ખ્રિસ્તને ક્રોસ પણ ચઢાવનારા લોકોએ આંસુઓની ધારથી પોતાની શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. સોક્રેટિસને ઝેર પિવડાવનાર જલ્લાદે આત્મપ્રતાડનાથી પોતાનું માથું ફૂટી લીધું હતું.

મહામાનવો પાસે ભૌતિક સંપત્તિ ભલે ના રહી હોય, પરંતુ તેમની ચારિત્ર્યનિષ્ઠા, આદર્શવાદિતા અને ઉદારતાની મૂડી એટલી પ્રચુર પ્રમાણમાં હતી કે જેની ઉપર ધનકુબેરોની સંપન્નતાને ન્યોછાવર કરી શકાય. ઋષિઓનાં ચરણોમાં રાજમુગટ મૂકેલા જોઈને એવું સમજી શકાય છે કે સન્માર્ગે ચાલનારાઓ સાવ નિર્ધન હોતા નથી. તેમની પાસે એક વિશેષ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રકારની સંપત્તિ હોય છે, જેને પામીને માનવીય જીવનને દરેક રીતે સાર્થક અને ધન્ય થયેલું માની શકાય.

ભૌતિક વૈજ્ઞાનિકોએ એક સ્વરે સ્વીકાર કર્યો છે કે શારીરિક સ્વાસ્થ્યનો આધાર માત્ર પૌષ્ટિક આહાર તથા વ્યાયામ નથી, પરંતુ મનઃક્ષેત્રની સમસ્વરતા પર આરોગ્ય અને દીર્ઘજીવનનો પાયો રચાયેલો છે. એવી જ રીતે માનસિક રોગોના વિશેષજ્ઞો એવું કહે છે કે વધારે માનસિક શ્રમ કરવાને કારણે એવા રોગો પેદા થતા નથી, પરંતુ છળ, પ્રપંચ, ક્રૂરતા, દુરાચરણ જેવી દુષ્પ્રવૃત્તિઓ જ મનઃસંસ્થાનમાં અંતર્દ્વંદ્વ મચાવે છે અને તેના જ પરિણામે અનિદ્રા તથા ઘેલછાથી લઈને ઉન્માદ સુધીના રોગો પેદા થતા રહે છે. એક સમય હતો, જ્યારે વાત-પિત્ત-કફ, આહારવિહાર, કૃમિ-કીટાણુ, ચેપ, ઋતુનો પ્રભાવ, ગ્રહદશા, ભાગ્ય, પ્રારબ્ધ વગેરેને જુદા જુદા રોગોનું કારણ માનવામાં આવતું હતું. આ બધી વાતો હવે જૂની થઈ ગઈ છે. મનઃશાસ્ત્રના વૈજ્ઞાનિકો હવે એવા તારણ પર પહોંચ્યા છે કે અનૈતિક, અસામાજિક અને અયોગ્ય ચિંતનથી એવો ગૂંગળામણભર્યો આંતરિક વિગ્રહ પેદા થાય છે, જે જ્ઞાનતંતુઓના માધ્યમથી તેના વિદ્રોહને કોશિકાઓ સુધી પહોંચાડીને માણસને બીમાર કરી દે છે. આ માનસિક વિદ્રોહને શાંત કરવા માટે પોતાની નીતિઓને સન્માર્ગગામી બનાવવી એ જ રોગમાંથી છુટકારો મેળવવાનો એકમાત્ર ઉપાય છે. આ આધારે મનોવિજ્ઞાનના નિષ્ણાતો દર્દીઓ પાસે તેમની ભૂલો કબૂલ કરાવે છે, પશ્ચાત્તાપ અને પરિવર્તનના સંકલ્પો કરાવે છે અને તે પ્રમાણે રોગોમાંથી છુટકારાનો લાભ પણ મળે છે.

ભારતીય ધર્મશાસ્ત્ર આધિ અને વ્યાધિના પરસ્પર સંબંધમાં માને છે. આધિ એટલે કે મનઃક્ષેત્રની દુષ્પ્રવૃત્તિઓ જે વ્યક્તિમાં ભરેલી હશે તે શરીર અને મનના રોગોથી ગ્રસ્ત થતી જશે અને આવા રોગો ઔષધીય સારવારથી ક્યારેય મટતા નથી. કષ્ટસાધ્ય રોગોની એક શ્રેણી કર્મજન્ય પણ હોય છે, જેને અંતઃક્ષેત્રમાં જામેલી દુર્ભાવનાઓની પ્રતિક્રિયા કહી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકાય છે તેને પ્રાયશ્ચિત્ત અને પશ્ચાત્તાપ દ્વારા ઉખાડવાનું વિધાન છે. અસાધ્ય મહારોગો માટે આ પ્રાયશ્ચિત્ત ચિકિત્સાને પ્રાચીન અધ્યાત્મ વિજ્ઞાન અને ભૌતિક મનોવિજ્ઞાનના આધારે તદ્દન યોગ્ય માનવામાં આવી છે. શારીરિક રોગોથી મુક્ત થવા માટે મનની નિર્મળતા કરતાં વધારે અસરકારક ઉપાય બીજો કોઈ નથી.

મનુષ્ય એક સ્વસંચાલિત યંત્ર છે. તે કર્મ કરવામાં સ્વતંત્ર હોવા છતાં પરિણામો ભોગવવામાં સખત રીતે બંધાયેલો છે. જો આપણે સદ્ભાવનાઓનું ચિંતન અને સત્પ્રવૃત્તિઓ અપનાવીએ તો સહજ રીતે સુખશાંતિની પરિસ્થિતિઓ પ્રાપ્ત કરી શકીએ છીએ. તેનાથી પ્રતિકૂળ ચાલવું એ પોતાના પગ ઉપર કુહાડો મારવા સમાન છે. સુખ અને દુઃખ એ ઈશ્વરે આપેલો દંડ કે પુરસ્કાર નહિ, પરંતુ પોતાનાં જ સત્કર્મ કે દુષ્કર્મનું પરિણામ છે.

મનુષ્યને એક બાજુ ઇચ્છાપૂર્વક સારાંખોટાં કર્મો કરવાની સ્વતંત્રતા મળી છે, તો બીજી બાજુ તેની પ્રતિક્રિયા પેદા કરવાની અને પરિણામો આપવાની સ્વસંચાલિત પ્રક્રિયા પણ સાથે જોડી દેવામાં આવ્યો છે. આખી સૃષ્ટિમાં આવું જ થઈ રહ્યું છે. બીજ જમીનમાં વાવવામાં આવે ત્યારે ખાતરપાણી મળતાં જ તે અંકુરિત થાય છે અને છોડમાંથી વૃક્ષ બનવા લાગે છે. ઈશ્વર સર્વત્ર વ્યાપેલો છે, તેથી આ કાર્ય ઈશ્વર કરે છે તેવું કહેવામાં કોઈ વાંધો નથી, પરંતુ ઈશ્વર પણ આ બધી માથાકૂટ ક્યાં સુધી પોતાના માથે લઈને ફરે ? તેથી તેણે સ્વસંચાલિત પ્રક્રિયા બનાવીને કર્મફળનું કાર્ય સરળ બનાવી દીધું છે.

ઘંટીમાં ઉપરથી અનાજ નાખવામાં આવે છે અને નીચે લોટ નીકળતો રહે છે. ઘાણીમાં ઉપરથી તલ નાખવામાં આવે છે અને નીચેથી તેલ નીકળતું રહે છે. મોટરમાં મીટર લાગેલું હોય છે. તે ગાડી કેટલી ઝડપે દોડી રહી છે તે દર્શાવતું રહે છે. આ સ્વસંચાલિત મશીનોનો જમાનો છે. મોટામોટા પ્રિન્ટિંગ પ્રેસોમાં કલાકના હજારો કાગળો છપાતા રહે છે. એક વાર મશીન ચાલુ કરી દીધું પછી બધું જ કામ આપોઆપ થયા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરે છે. એક બાજુ માલ નાખવામાં આવતો રહે છે અને બીજી બાજુ તૈયાર ઉત્પાદન નીકળતું રહે છે.

કર્મફળની પ્રક્રિયા પણ આવી જ છે. ખરાબ કર્મનાં દુઃખદ પરિણામો, જેને નરક કહેવામાં આવે છે તે અવશ્ય મળે છે અને સારાં કર્મોનું સત્પરિણામ, જેને સ્વર્ગ કહે છે તે મળવું પણ એટલું જ ચોક્કસ છે. આ બધું આપમેળે જ થયા કરે છે. શરીર પોતાના કર્મફળની વ્યવસ્થા પોતે જ કરી લે છે. બેઠા રહીને પેટ વધારતા રહીશું તો હરવુંફરવું મુશ્કેલ થઈ જશે. અપચો, હૃદયના ધબકારા વધી જવા વગેરે અનેક પીડાકારક રોગો શરીરને ઘેરી લેશે. શ્રમ કરવો એ ધર્મ છે અને હરામખોરી કે પરસેવો ન પાડવો તે અધર્મ છે. બેસી રહેવાનું શારીરિક પાપ કર્યું તો તેનું પરિણામ સ્થૂળતા સાથે જોડાયેલાં કષ્ટોના રૂપમાં સામે આવશે. વધારે ખાધું તો પેટમાં પીડા, આખી રાત જાગ્યા તો માથામાં દુઃખાવો થયો. નશો કર્યો તો બેહોશી, ઝેર ખાધું તો મોત, સ્નાન કરવામાં આળસ કરી તો દુર્ગંધ અને ખંજવાળ. નિયમિત વ્યાયામ કર્યો તો પહેલવાન, પરેજી પાળી તો નીરોગી શરીર. આવી દંડ કે પુરસ્કારની વ્યવસ્થા શરીર આપમેળે જ કરી લે છે. કર્મ કરવાની આપણી ઇચ્છા તથા ફળ આપવાની તે સ્વસંચાલિત ઈશ્વરીય સત્તાની ઇચ્છા એ બંનેનો પરસ્પર સંબંધ છે. કર્મ કરો અને તેના ફળમાંથી બચી જાઓ તેવું બની શકે નહિ.

આળસુઓ હંમેશાં દરિદ્ર રહે છે. પ્રમાદીઓ માટે પ્રગતિનાં દ્વાર બંધ થઈ જાય છે. ક્રોધી લોકો શત્રુઓથી ઘેરાઈ જાય છે. ધુતારો મિત્રોથી વંચિત રહે છે. બેઈમાનના સહયોગીઓ વિખૂટા પડી જાય છે. ઉદ્દંડને ચારેબાજુથી ઘૃણા મળે છે. ખર્ચાળ માણસ દેવાદાર બની જાય છે. આ દંડવ્યવસ્થાનો દરેકને ડગલે ને પગલે અનુભવ થાય છે. શ્રેષ્ઠ ગુણ, શ્રેષ્ઠ સ્વભાવ અને શ્રેષ્ઠ કર્મ કરતાં કરતાં મનુષ્ય સન્માનિત, યશસ્વી, સહયોગપૂર્ણ, સફળ તથા સંપન્ન બને છે અને ઉન્નતિના ઉચ્ચ શિખરે જઈ પહોંચે છે. પોતે સુખી રહે છે અને બીજાઓને પણ સુખી બનાવે છે. આ કર્મફળની સ્વર્ગ-નરકની પ્રક્રિયા નિરંતર સામે જ રહે છે. પાપી,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દુષ્ટ અને દુરાત્મા લોકો રાજદંડ ભોગવે છે, ઘૃણાસ્પદ બને છે અને સ્નેહ-સહયોગથી વંચિત રહીને સ્મશાનનાં ભૂતપ્રેતની જેમ રખડે છે. આવું ઘૃણિત જીવન એ નરક નહિ તો બીજું શું કહેવાય ? સેવાભાવી, સદ્‌ગુણી તથા સજ્જનોને ધરતી પરના દેવતા માનવામાં આવે છે અને મર્યા પછી પણ તેઓ વંદનીય તથા શ્રદ્ધાસ્પદ બની રહે છે. તેમની યશગાથાઓ અનેક લોકોને પ્રેરણાપ્રકાશ આપતી રહે છે. તેને સ્વર્ગપ્રાપ્તિ નહિ તો બીજું શું કહી શકાય ? કોઈ વ્યક્તિને સન્માનજનક, શ્રદ્ધાપાત્ર, સજ્જન અને પ્રામાણિક માનવામાં આવે તેનાથી વધારે સૌભાગ્ય અને સંતોષની વાત બીજી કઈ હોઈ શકે ? આવા પ્રકારનું કર્મફળ પ્રાપ્ત કરતા રહેવાની સ્વર્ગનરક જેવી પ્રક્રિયા આપણે સતત ફલિત થતી જોઈએ છીએ.

ઘણા લોકો બીજાઓની સાથે દગો કરીને પોતાની વસ્તુસ્થિતિ છુપાવવામાં હોશિયાર બની જાય છે અને આવી રીતે પાપકર્મો કરતા રહીને બીજા દ્વારા મળતા દંડથી બચવાની યુક્તિઓ શોધી કાઢે છે. આવી ચતુરતા આજકાલ વધારે જોવા મળે છે. તેનાથી થોડોક લાભ તો થાય છે, પરંતુ નુકસાન વધારે થાય છે. લાભ એ છે કે સરકારની પકડમાં ન આવવાથી રાજદંડમાંથી બચી જવાય છે. પાપ પ્રગટ ના થાય તો બીજાઓ દ્વારા નિંદા, ઘૃણા તથા તિરસ્કારથી થતા નુકસાનમાંથી બચી જવાય છે, પરંતુ તેમાં પાપ છુપાવવા માટે જે તાણાવાણા વણવા પડે છે તે અંતર્મનમાં એક વિચિત્ર પ્રકારની ગૂંગળામણ પેદા કરે છે. દુષ્કર્મની સાથે કપટ ભળવાથી ભાંગમાં અફીણ ઉમેરાય છે. અંતર્મનની બનાવટ જ એવી છે કે તે આવી ગૂંગળામણને પચાવી શકતું નથી.

મોરથૂથૂ ખાઈ લેવામાં આવે તો ઊલટી થયા વગર રહેતી નથી. નેપાળો ખાઈ લેતાં ઝાડા થઈ જ જશે. કાચો પારો ખાવામાં આવે તો શરીરમાં ફોલ્લા ફૂટી નીકળશે. આ બધાં ઝેર એવાં છે કે જે પચી શકતાં નથી. કદાચ પચી જાય, તો પણ ભયંકર રોગો પેદા કરે છે અને જીવનને દુઃખદ બનાવી દે છે. બિલકુલ એવી જ રીતે દુષ્કર્મ અને કપટ મળીને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક એવું વિષ બનાવે છે, જેને ચતુર માણસ લાંબો સમય છુપાવી તો શકે છે, પરંતુ અંતર્મનને તે પચાવી લેવા માટે તૈયાર કરી શકતો નથી. સિગારેટનો ધુમાડો પેટમાં ભરી લેવો સંભવ તો છે, પણ તેને ત્યાં રોકી શકાતો નથી. મોઢું બંધ કરી દેવામાં આવે તો નાકમાં થઈને બહાર આવી જશે. કોઈ પણ સ્થિતિમાં તે અંદર રહી શકશે નહિ.

હવા ભરેલો ફુગ્ગો પાણીમાં જેટલા જોરથી ડુબાડવામાં આવશે તેટલા જ વેગથી તે પાછો ઉપર આવે છે. છુપાવેલાં પાપો શારીરિક વ્યાધિ અને માનસિક આધિ બનીને સમયે-કસમયે એવી ખરાબ રીતે ફૂટી નીકળે છે કે તેનું કારણ સમજાતું નથી. કોઈ ઉપચાર કામમાં લાગતા નથી.

આવાં પાપો શરીર અને મનને કષ્ટ આપવા સુધી જ સીમિત રહેતાં નથી, પરંતુ અંતરિક્ષમાં અનેક અદૃશ્ય વિપત્તિઓનું સર્જન કરે છે. ઘણા બધા લોકો ઠંડીથી બચવા માટે બંધ ઓરડામાં પથ્થરના કોલસાની સગડી સળગાવે છે. તાત્કાલિક તો ઠંડીથી બચી શકાય છે, પરંતુ વાતાવરણમાં એવું ઝેર ફેલાઈ જાય છે કે તેનાથી રાત્રે ઊંઘમાં જ તેમનું મૃત્યુ થઈ જાય છે. શરીરમાં કોઈ ઘા થયો નથી, તાવ આવ્યો નથી, મગજની કોઈ નસ ફાટી નથી, બધું એમ ને એમ જ છે, ઉપલક દૃષ્ટિએ મોતનું કોઈ કારણ દેખાતું નથી, પરંતુ જાણકાર લોકો જાણે છે કે સગડીએ વાતાવરણમાં ઝેર ભેળવ્યું અને તે જ મોતનું કારણ બની ગયું. એવાં કેટલાંય અજ્ઞાત કારણો અનાયાસે જ વિપત્તિ બનીને સામે આવે છે, જેનો આપણાં વર્તમાન કાર્યો સાથે કોઈ સીધો સંબંધ જણાતો નથી. એવી જ રીતે ઘણી વાર સુવિધા કે સફળતા પણ મળી જાય છે, જેના માટે ઉચિત શ્રમ કે પ્રયત્ન કરવામાં આવ્યો હોતો નથી. આવા અસંગત અવરોધો કે અનુદાનો દૈવની ઇચ્છા અને ભાગ્યનો ખેલ બનીને સામે આવે છે. તેનું પ્રત્યક્ષ કારણ દેખાતું નથી, પરંતુ પરોક્ષ કારણ એવી સ્વસંચાલિત પ્રક્રિયા હોય છે, જેણે પોતાનાં કર્મોના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ફળસ્વરૂપે અંતરિક્ષમાં ધીરેધીરે તે પ્રમાણેનું વાતાવરણ બનાવ્યું અને તે ઓચિંતું સારાખોટા પ્રસંગોના રૂપમાં સામે આવીને ઊભું રહ્યું.

સમય લાગી શકે છે. આજનું ફળ આજે ન મળવાથી વ્યક્તિ ભ્રમમાં પડે છે અને એવું વિચારે છે કે ખરાબ કર્મોના દંડમાંથી બચી જવાયું અથવા તો સારાં કર્મો નિષ્ફળ ગયાં, પરંતુ વાસ્તવમાં એવું ક્યારેય થતું નથી. તરત કે સમય જતાં તેનું રહસ્ય અજ્ઞાત હોવાના કારણે પ્રત્યક્ષવાદીઓ ઉતાવળા કે અનાસ્થાવાન થઈ જાય છે, પરંતુ જો ધૈર્ય રાખવામાં આવે તો જણાશે કે દરેક કર્મનું સારુંખોટું પરિણામ આ જ જન્મમાં અથવા તો આગલા જન્મમાં મળવું સુનિશ્ચિત છે. આ વ્યવસ્થાક્રમના આધારે તો આખું વિશ્વ ટકેલું છે. જો આ વ્યવસ્થા જ શંકાસ્પદ બની જાય તો પછી એવું અંધેર ફેલાય, એવી અરાજકતા વ્યાપે કે ક્યાંય કોઈ વ્યવસ્થા જાળવી શકાય નહિ. પછી તો કોઈ પાપથી ડરે જ નહિ અને પુણ્યની ઝંઝટમાં પડે જ નહિ.

પોતાનો દષ્ટિકોણ ચિત્તની પ્રસન્નતા-અપ્રસન્નતા, સંતોષ-અસંતોષ કે શાંતિ-અશાંતિ બનીને ડગલે ને પગલે સામે આવે છે. સત્કર્મ કરવાથી મનમાં સંતોષ અને ઉલ્લાસ પેદા થાય છે. પોતાનું કામ બગાડીને કોઈ દીનદુઃખીની મદદ કરવામાં આવે તો અંદરથી એક પરમ સાત્ત્વિક, હળવો અને શીતળ પવન જેવો આનંદ અનુભવાય છે. આનાથી ઊલટું, જો ચોરી, કપટ કે અનીતિ આચરીને કોઈને નુકસાન પહોંચાડવામાં આવ્યું હશે તો અંદર ને અંદર જાણે કોઈ વીંછી ડંખ મારી રહ્યો હોય તેવી આત્મગ્લાનિથી અંતઃકરણમાં ઉદ્વેગ વધી જાય છે. વાસ્તવમાં આ આત્મસંતોષ અને આત્મધિક્કાર જ અંતઃકરણને બળવાન કે દુર્બળ બનાવે છે અને તેના આધારે જ પ્રગતિના અસંખ્ય માર્ગો ખૂલે છે અથવા રૂંધાય છે. પાપીનો અંતરાત્મા દિવસેદિવસે દુર્બળ થતો જાય છે. બીજાઓ ઉપરથી જ નહિ, પરંતુ તેને પોતાના પરથી પણ વિશ્વાસ ઊઠી જાય છે. આત્મબળ ગુમાવીને માનવી શાંતિ પામી શકતો નથી, પછી ભલે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેની પાસે અઢળક ધનસંપત્તિ કેમ ના હોય ! આત્મગ્લાનિથી ભરેલી મનોભૂમિને નરક કહી શકાય કારણ કે તેમાં અનેક જાતની ચિંતાઓ, શંકાઓ તથા ભયંકર સમસ્યાઓ એટલી બધી સતાવે છે કે તેની સરખામણી નરકમાં વર્ણવામાં આવતાં કષ્ટો સાથે કરી શકાય છે.

જેઓ દરેક યુવતીને પોતાની દીકરીની જેમ જોઈ શકે, પારકા ધનને ઠીકરા સમાન માને, પોતાની ઓછી કમાણીમાં સાદું જીવન જીવીને સંતુષ્ટ રહે, ચરિત્ર ઉજ્જ્વળ રાખે અને બીજાઓ પ્રત્યે સ્નેહસહયોગની દૃષ્ટિ રાખે તેને સતત પોતાની અંદર એક કલકલ કરતું અમૃત જેવું ઝરણું વહેતું લાગશે અને ભાવનાક્ષેત્રમાં સ્વર્ગીય સૌંદર્ય પ્રગટ થતું જણાશે.

મર્યા પછી પણ સારાંખોટાં કર્મોનો દંડ અનેક રીતે મળતો હશે. બે જન્મોની વચ્ચે સુખદ કે દુઃખદ સ્થિતિ રહેતી હશે, આગળનો જન્મ ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ મળતો હશે. સાચા પ્રતિફળની વ્યવસ્થા મરણોત્તર જીવનમાં જ રહેતી હશે, પરંતુ આ જન્મમાં તત્કાળ પણ સારાંખોટાં પરિણામો મળતાં રહે છે અને સ્વર્ગનરકની સ્વસંચાલિત પ્રક્રિયા પણ આપણને નિયંત્રણમાં રહેવાની અને વિવેકપૂર્ણ નીતિ અપનાવવાની ફરજ પાડે છે.

★



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# કુસંસ્કારો દૂર કરો, ભૂલો સુધારો

છઠ્ઠી ઓગસ્ટ, ૧૯૪૫ના રોજ જાપાન પર બે અણુબોંબ ફેંકવામાં આવ્યા હતા, જેમાં હિરોશીમામાં ૭૮ હજાર માણસો મરી ગયા અને ૫૬ હજાર લોકો ઘાયલ થયા હતા. નાગાસાકીમાં ૭૪ હજાર લોકો મર્યા અને ૭૭ હજાર લોકો ઘાયલ થયા હતા. સાડા નવસો ચોરસ માઈલનું આખું ક્ષેત્ર તદ્દન નષ્ટ થઈ ગયું હતું. આ ઉપરાંત રેડિયો વિકિરણના પ્રભાવથી પીડિત લોકોની સંખ્યા લાખો સુધી પહોંચી ગઈ.

આ અણુબોંબ ફેંકવા માટે કુખ્યાત મેજર ઈથરલીને પોતાના આ કુકૃત્યથી ભારે આત્મગ્લાનિ થઈ. પહેલાં તે એવું વિચારતો હતો કે આટલું મોટું સાહસિક કાર્ય કર્યા પછી મને જે યશ મળશે તેનાથી ખૂબ આનંદ થશે, પરંતુ એવું થયું નહિ. આત્મપ્રતાડનાથી તે પાગલ જેવો થઈ ગયો. તે આત્મહત્યા કરવા અથવા તો આત્મદંડ મેળવવા માટે એટલો વ્યાકુળ રહેવા લાગ્યો કે જાણે તેને આ આત્મપ્રતાડનાના અસહ્ય કષ્ટમાંથી બચવાનો બીજો કોઈ રસ્તો જ દેખાતો નહોતો.

આખરે તેણે આત્મદંડનો જ રસ્તો અપનાવ્યો. અનેક અપરાધો કર્યા અને બંદૂક લઈને એક દુકાનમાં ધાડ પાડવા માટે ઘૂસી ગયો અને છેવટે તેને પોલીસ દ્વારા પકડી લેવામાં આવ્યો અને ન્યુ ઑર્લિયન્સની જેલમાં તેને પૂરી દેવામાં આવ્યો. તેણે પોતાનો બચાવ કરવાનો કોઈ પ્રયત્ન ના કર્યો. બહાર છૂટી જવા કરતાં તેણે જેલ પસંદ કરી, તેની ઉપર સરકાર વિરુદ્ધ ઈથરલીના નામથી ખટલો ચાલ્યો, પરંતુ તેની માનસિક અને શારીરિક સ્થિતિ એટલી બધી ખરાબ થઈ ગઈ હતી કે તે અદાલતમાં ઊભો ના થઈ શક્યો. તેને જેલમાંથી દવાખાનામાં મોકલવો પડ્યો. માનસિક વ્યાધિએ તેનું બાકીનું જીવન પણ નષ્ટ કરી દીધું.

નાગાસાકી પર અણુબોંબ ફેંકનાર પાયલોટ ફ્રેડ ઓલોબીએ પોતાના માર્મિક વક્તવ્યમાં કહ્યું, "આ યુગની સૌથી દર્દનાક, સૌથી અમાનુષી અને સૌથી ભયાનક ઘટનાનું હું જ્યારે પણ સ્મરણ કરું છું ત્યારે મારું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માથું ભમવા લાગે છે અને આખી રાત તેના જ વિચારોમાં સૂઈ શકતો નથી. મને આશ્ચર્ય થાય છે કે વિજ્ઞાને કેવી અજબ પરિસ્થિતિઓ પેદા કરી દીધી છે ? જે કામ માટે અનેક નેપોલિયનો ઓછા પડે તેમ હતા તેને મારા જેવા એક સામાન્ય માણસને કરી શકવામાં સમર્થ બનાવી દીધો. આ એક એવું ભયંકર કૃત્ય હતું, જેનો પ્રભાવ આવનારી અનેક માનવ પેઢીઓ સુધી પડતો રહેશે."

"અમારે આમ તો કોકુરા પર અણુબોંબ ફેંકવાનો હતો, પરંતુ તે દિવસે ત્યાં ભારે વાદળો છવાયેલાં હતાં, તેથી કંઈ દેખાતું નહોતું. આથી બીજા આદેશ પ્રમાણે તેને નાગાસાકી પર ફેંકવામાં આવ્યો. ઝેરી ધુમાડાનું છત્રી આકારનું વાદળ એક મિનિટના એક માઈલની ઝડપે ઉપર ઊઠતું અમે જોયું. તે વખતે મારા મનમાં એવા પ્રાણઘાતક ભયની ભાવના પેદા થઈ, જેટલી મનુષ્યના ઇતિહાસમાં ભાગ્યે જ કોઈએ અનુભવી હશે. ભાગતાં ભાગતાં પણ અમને અણુતરંગોના એક પછી એક અનેક ઝટકા લાગ્યા. હવાઈ જહાજ પર માંડમાંડ કાબૂ રાખી શક્યો અને અમે ગમે તેમ કરીને બચી નીકળવામાં સફળ થઈ ગયા. એકાદ સેકંડનો પણ જો વિલંબ થાત તો અમારું મોત નિશ્ચિત હતું. એ ટુકડીના બધા પાયલોટોએ એવો અનુભવ કર્યો કે આ માત્ર બોંબ જ ફેંકવામાં આવ્યો નથી, પરંતુ એક મોટી પૈશાચિક શક્તિને આ વિશ્વને ગળી જવા માટે છૂટી મૂકી દેવામાં આવી છે. આ ઘટનાને ઘણા દિવસો વીતી ગયા છે, પરંતુ આજે પણ હું જ્યારે આંખો બંધ કરું છું ત્યારે મહાદૈત્ય જેવો વાદળી પ્રકાશ આકાશમાં છવાયેલો દેખાય છે, જેની સામે સૂર્ય પણ ઓલવાતી મીણબત્તી જેવો લાગે છે. ભગવાન કરે, માનવ ઇતિહાસમાં ફરી ક્યારેય આવું ભયાનક દૃશ્ય જોવા ન મળે."

"જ્યારે હું અણુબોંબ ફેંકીને પાછો આવ્યો ત્યારે મારી વૃદ્ધ માતા ખૂબ જ દુઃખી હતી. તેના ચહેરા પર પીડા અને કરુણા હતી. જેવો હું ઘરમાં ઘૂસ્યો કે માતાએ મને ધમકાવીને પૂછ્યું, ફ્રેડી ! તારો આત્મા તને ડંખતો નથી ? એક ગુનેગારની જેમ મોઢું નીચું કરીને હું ઊભો રહ્યો, મોઢામાંથી એક પણ શબ્દ નીકળ્યો નહિ."



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

"તે રાત્રે અચાનક ચમકીને બેઠી થઈ જતી અને ઘૂંટણો ટેકવીને પ્રાર્થના કરવા લાગી જતી, હે ભગવાન ! મારા દીકરાને માફ કરજો." ફ્રેડ ઓલોબી આખી જિંદગી તેના આ દુષ્કૃત્યના કારણે પશ્ચાત્તાપની આગમાં સળગતો રહ્યો. જો કે બોંબ ફેંકવાનો નિર્ણય તેનો નહોતો. તે તો પાયલોટ તરીકેની ફરજ જ બજાવી રહ્યો હતો, તેમ છતાં પાપકર્મમાં ભાગીદાર થવાની, માનવતા પ્રત્યેના નિષ્ઠુર વ્યવહારમાં સાથ આપવાની સજા તેની અંદર બેઠેલા ન્યાયાધીશે તેને આપી. તે અંત સુધી તડપતો રહ્યો.

સંસારમાં આજ સુધી પાપ, અહંકાર અને અત્યાચાર કોઈને ખરાબ કર્મફળમાંથી બચાવી શક્યાં નથી.રાવણનું અસુર કુળ એવું ખલાસ થઈ ગયું કે સવા બે લાખ સભ્યોના પરિવારમાંથી દીપક સળગાવનાર પણ કોઈ ના બચ્યું. કંસ, દુર્યોધન, હિરણ્યકશ્યપની કથાઓ તો જૂની થઈ ગઈ. હિટલર, સાલા ઝાર, ચંગેજખાન, સિકંદર અને નેપોલિયન જેવા નરસંહારકોએ કેવા ખરાબ દિવસો જોવા પડ્યા, તેમનો અંત કેવો ભયંકર નીવડ્યો એ પણ હવે અતીતની કથાઓમાં ખોવાઈ ગયું છે. નાગાસાકી પર અણુબોંબ ફેંકનાર અમેરિકન વૈજ્ઞાનિક ફ્રેડ ઓલોબી અને હિરોશીમાના ખલનાયક મેજર ઈથરલીનો અંત કેટલો ખરાબ આવ્યો તે જોઈ-સાંભળીને સેંકડો લોકોએ અનુભવ કરી લીધો કે આ સંસાર સંરક્ષક વિનાનો નથી. શુભ-અશુભ કર્મોનું ફળ આપનાર કોઈ ન હોત તો સંસારમાં આજે જે કંઈ ચહલપહલ તથા હસીખુશી જોવા મળે છે તે ક્યારનીય નષ્ટ થઈ ચૂકી હોત.

જલિયાંવાલા બાગના હત્યાકાંડની યાદ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી જનરલ ડાયરનો ડરામણો ચહેરો ભારતીય પ્રજાના માનસમાંથી દૂર નહિ થાય, પરંતુ ઘણા ઓછા લોકો જાણતા હશે કે ડાયરને પણ સહસ્રબાહુ, ખરદૂષણ અને વૃત્રાસુરની જેમ પોતાનાં કર્મોનું ફળ ભોગવવું પડ્યું હતું.

હંટર કમિટિએ તેના આ કૃત્યની ખૂબ જ આકરી ટીકા કરી તેનાથી તેનું મન અશાંત થઈ ગયું. તે વખતના ભારતીય સેનાપતિએ તેના આ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કાર્યને ખરાબ ઠરાવીને તેને રાજીનામું આપવાનો હુકમ કર્યો. પરિણામે સારી એવી નોકરી હાથમાંથી ગઈ, પરંતુ આટલાને જ કુદરતની વિધિવ્યવસ્થા ના કહી શકાય. આગળ જે બન્યું તે જ તેનું પ્રમાણ છે, જે સાબિત કરે છે કે કર્મોનાં ફળ કેવી વિલક્ષણ અને રહસ્યમય રીતે મળતાં હોય છે.

સને ૧૯૨૧માં જનરલ ડાયરને લકવો થઈ ગયો, જેનાથી તેનું અડધું શરીર નકામું થઈ ગયું. પ્રકૃતિ આટલેથી સંતુષ્ટ ના થઈ. પછી તેને સંધિવા થઈ ગયો. તેના મિત્રો તેનો સાથ છોડી ગયા. હરવું-ફરવું પણ સાવ મુશ્કેલ થઈ ગયું. આવી સ્થિતિમાં એક દિવસ તેના મગજની નસ ફાટી ગઈ અને ઘણા બધા પ્રયાસો કરવા છતાં પણ તેને સારું ના થયું. અંતે ડાયર રોઈ રોઈને, તરફડીને મરી ગયો. તેના અંતિમ શબ્દો આવા હતા –

"જેઓ પોતાને મારા જેવો ચતુર અને અહંકારી માનતા હોય, જેઓ કંઈ પણ કરતાં ડરતા કે સંકોચ પામતા ના હોય તેમનો અંત શું હોઈ શકે છે એ કોઈએ જાણવું હોય તો આ સ્થિતિમાં આવીને મારી પાસેથી જાણી લે." જનરલ ડાયરનો આ સ્વગત પ્રલાપ તેની અંદર બેઠેલા ન્યાયાધીશનો જ નિર્ણય હતો.

ડૉ. નોર્મન વિન્સેન્ટ પીલ અમેરિકાનાં ચર્ચોમાં માર્ગદર્શન આપનાર મંત્રી હતા અને મનોવૈજ્ઞાનિક ચિકિત્સક પણ હતા. તેમના જીવનમાં તેમણે સેંકડો દુ:ખી વ્યક્તિઓનો માનસિક ઈલાજ કર્યો હતો. વિશ્લેષણમાં તેમણે એવું તારણ કાઢ્યું કે રોગ અને શોક એ બીજું કંઈ નથી, પરંતુ અગાઉ કરેલાં ખરાબ કૃત્યોનું પરિણામ જ હોય છે. મગજમાં મૂળિયાં નાખીને બેઠેલા કામ, ક્રોધ, લોભ, ચોરીનો ભાવ, વ્યભિચાર વગેરે શરીરમાં પોતાની સહાયક ગ્રંથિઓ દ્વારા એક જાતનો રસ (જેને ઝેર કહેવું જ વધારે યોગ્ય ગણાશે) સ્રવિત કરે છે. બીમારીઓ અને વ્યાધિઓનું કારણ આ સ્રવિત થતો રસ જ હોય છે, જેના મૂળમાં વ્યક્તિના દુર્ભાવ, દુર્ગુણ અને દુષ્કર્મ જ હોય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કર્મોની ગતિ આમ તો વિચિત્ર હોય છે. માનવીય દૃષ્ટિએ એ જાણી શકવું મુશ્કેલ હોય છે કે કયા પાપનું પરિણામ કેવું મળશે? તેનું ફળ ક્યારે મળશે ? ચોરી કરનારને તાત્કાલિક તો કોઈ દંડ મળતો નથી. વ્યભિચાર કરનારો એ જ સમયે પકડમાં આવતો નથી, પરંતુ આવાં કર્મોનું ફળ સમય જતાં પ્રકૃતિજન્ય રૂપમાં એવી રીતે મળે છે કે જેમ મકાઈનું ફળ બે મહિને, જવ-ઘઉંનું ફળ ત્રણ મહિને અને તુવેરનું ફળ છ મહિને મળે છે, પરંતુ દરેક કર્મનું ફળ અવશ્ય મળે જ છે.

પૂર્વજન્મમાં કરેલાં પાપો વ્યક્તિને રોગ બનીને સતાવે છે તેવો ઉલ્લેખ આયુર્વેદમાં આવે છે કે **"પૂર્વ જન્મ કૃતં પાપં વ્યાધિ રૂપેણ પીડતિ ।"** આજના ભૌતિકવાદી યુગમાં આવી વાતો થોડીક અસંભવ લાગે છે, પરંતુ હવે મનોવિજ્ઞાનનો એક એવો વિભાગ પણ વિકસી રહ્યો છે કે જેના દ્વારા અનેક હકીકતોની શોધખોળના આધારે એવું માનવામાં આવે છે કે આ જન્મના રોગશોક પૂર્વજન્મો કે પૂર્વજીવનનાં દુષ્કર્મોનું જ ફળ હોય છે.

અમેરિકામાં એક મોટા ક્લિનિકના ડૉ.સી.ડબલ્યુ.લેબની પાસે એક એવો દર્દી આવતો હતો કે જે રોજ નવા નવા રોગોની ફરિયાદ કરતો હતો. ક્યારેક માથાનો દુઃખાવો, ક્યારેક ઝાડા, ક્યારેક તણાવ તો ક્યારેક થાક. ડૉક્ટરે એક દિવસ કંટાળીને કહી દીધું, "મને લાગે છે કે તું કોઈ એવું કામ કરી રહ્યો છે કે જેનાથી તારે તારા અંતરાત્માને કચડવો પડે છે. તું કોઈ પાપ કરી રહ્યો છે, જેના કારણે તારી અંદરથી નવાનવા રોગો પેદા થતા રહે છે." પહેલાં તો તે આનાકાની કરતો રહ્યો, પરંતુ એક દિવસ તેણે સ્વીકાર્યું કે તેનો એક ભાઈ બીજા દેશમાં રહે છે. જ્યારે તેના પિતા જીવતા હતા ત્યારે એવી વ્યવસ્થા કરતા ગયા હતા કે તેમની તમામ મિલકત બંનેને સરખા ભાગે મળે, પરંતુ આ માણસ તેના ભાઈને થોડાક જ ડોલર મોકલતો હતો અને બાકીના તે હડપ કરી જતો હતો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ્યારે તે પોતાનાં તમામ પાપોનું વર્ણન કરી રહ્યો ત્યારે તેણે ખૂબ હળવાશ અનુભવી. તે જ દિવસે તેણે તેના ભાઈને તેના ભાગની જેટલી રકમ થતી હતી તે બધી મોકલી દીધી અને સાથે સાથે અગાઉ કરેલાં પાપો બદલ ક્ષમા પણ માગી. ત્યાર પછી તેને કોઈ શારીરિક પીડાએ કષ્ટ આપ્યું નહિ. આની ઉપરથી ક્લેશો, કષ્ટોનો સૂક્ષ્મ આધાર સ્પષ્ટ થાય છે.

## ● કુસંસ્કારોનું ફળ કષ્ટોના રૂપમાં

જેમ જેમ આપણે સ્થૂળમાંથી સૂક્ષ્મમાં પ્રવેશ કરતાં આગળ વધીએ છીએ તેમ તેમ આપણે સંકટો અને અભાવોનાં વાસ્તવિક કારણોને સમજવામાં સફળ થઈએ છીએ. ઉપરછલ્લી બુદ્ધિ હંમેશાં સંકટોનું કારણ બહાર શોધે છે. મુશ્કેલીઓના દોષનો ટોપલો બીજા લોકો કે પરિસ્થિતિઓ પર જ ઢોળી દઈ મનનો ભાર હળવો કરી દેવાની પ્રવૃત્તિ ચાલતી રહે છે. સમજદારી વધતાં એ ખબર પડે છે કે પછાતપણાથી લઈને બધાં જ સંકટોનું મૂળ હલકું વ્યક્તિત્વ જ છે. મનઃસ્થિતિને અનુરૂપ જ પરિસ્થિતિઓ બનતી હોય છે તે વાતનો વિચારશીલ લોકો હવે સ્વીકાર કરે છે. નહિતર મોટેભાગે મુશ્કેલીઓનું કારણ બહાર જ શોધવામાં આવે છે. ઊંડે સુધી પ્રવેશ કર્યા વગર ન તો વાસ્તવિકતા જાણી શકાય છે કે ન તો તેના નિવારણનો અસરકારક ઉપાય શોધી શકાય છે. વ્યક્તિત્વનું પછાતપણું જણાય જ નહિ, તેને સુધારવા માટેની કોઈ યોજના જ ના બને તો ખરાબ પરિસ્થિતિઓનું કોઈ સમાધાન થઈ શકશે નહિ. તેઓ એકમાંથી બીજું સ્વરૂપ બદલતી જ રહેશે.

ઘણા સમય પહેલાં શારીરિક રોગોને બાહ્ય ભૂતપ્રેતોનું આક્રમણ માનવામાં આવતું હતું. ત્યાર પછી વાત-પિત્ત-કફના ઋતુપ્રભાવને તેનું કારણ માનવામાં આવ્યું. ત્યાર પછી રોગના કીટાણુઓના આક્રમણની વાત સમજમાં આવી. રોગોની શોધખોળોમાં આગળનું ડગલું એ ભરવામાં આવ્યું કે આહારની વિકૃતિથી પેટમાં સડો પેદા થાય છે અને તેનાથી જે ઝેર ઉત્પન્ન થાય છે તેનાથી રોગો પેદા થાય છે. આ ક્રમ વધુને વધુ ઊંડા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઊતરવાનો અને વધારે બુદ્ધિમત્તાનો છે, સ્થૂળમાંથી સૂક્ષ્મમાં ઊતરવાનો છે. આ પ્રગતિક્રમમાં ઊંડા ઊતરતાં આજે આરોગ્યશાસ્ત્રના ક્ષેત્રમાં એ હકીકત શોધી કાઢવામાં આવી છે કે શારીરિક રોગોના સંદર્ભમાં આહારવિહાર તથા વિષાણુના આક્રમણને તો ખૂબ જ અલ્પ પ્રમાણમાં જવાબદાર માની શકાય છે. બીમારીનું મૂળ કારણ વ્યક્તિની મનઃસ્થિતિ છે. જો મસ્તકમાં મનોવિકારોનું ઝેર છવાયેલું રહે તો તેનો વિપરીત પ્રભાવ નાડીસંસ્થાનના માધ્યમથી આખા શરીર પર પડશે. પરિણામે દુર્બળતા અને બીમારીનું કુચક્ર આગળ જતાં અકાળ મૃત્યુ સુધીનું સંકટ ઊભું કરી દેશે. નવા સંશોધન પ્રમાણે જીવનશક્તિનું કેન્દ્ર હૃદયને નહિ, પણ મગજને માનવામાં આવે છે. લોહીની ઊણપ કે વિષાક્તતાને નહિ, પરંતુ માનસિક અવસાદ અને આવેશને જ બીમારીનું મોટું કારણ માનવામાં આવે છે.

આ નવા સંશોધનના પ્રયાસોમાં નવી નવી હકીકતો સામે આવી રહી છે. તેની ઉપરથી ખબર પડે છે કે શરીરની પ્રત્યક્ષ અને પરોક્ષ ક્રિયાઓ પર સંપૂર્ણ રીતે મનનું જ અનુશાસન કામ કરે છે. અચેતન મનની છત્રછાયામાં રુધિરાભિસરણ, શ્વાસોચ્છ્વાસ, પાચન, નિમેષ-ઉન્મેષ, ગ્રહણ-વિસર્જન, નિદ્રા-જાગૃતિ વગેરે ક્રિયાઓ આપમેળે ચાલ્યા કરે છે. ચેતન મન દ્વારા બુદ્ધિપૂર્વક કરવામાં આવતાં કાર્યો અને લોકવ્યવહારના તાણાવાણા વણવામાં આવે છે. શરીરની પરોક્ષ અને પ્રત્યક્ષ શક્તિ પૂર્ણ રીતે અચેતન અને ચેતન કહેવાતા મનઃસંસ્થાનના નિયંત્રણમાં રહે છે અને તેના જ આદેશોનું પાલન કરે છે. શરીરનો સંપૂર્ણ કાબૂ મગજ પાસે જ રહે છે. તે ક્ષેત્રમાં જે પ્રવૃત્તિઓ ચાલતી હોય તેમનો પ્રભાવ શરીર પર પડે છે. જો મસ્તક આવેશગ્રસ્ત હશે તો શરીરના અવયવોમાં ઉત્તેજના અને બેચેની છવાયેલી રહેશે. આવી સ્થિતિમાં એવા રોગો પેદા થાય છે, જેનાથી શરીર ઉત્તેજિત થવું, ગરમ થવું, શરીર તૂટવું વગેરે અનુભવો થવા લાગશે. જો મન હતાશ, ઉદાસ કે શિથિલ થઈ જાય તો તે અવસાદનો પ્રભાવ શરીરના અવયવોની દુર્બળતા રૂપે જોવા મળશે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ તો ઉપરછલ્લું તારણ થયું. વધારે ઊંડાણમાં ઊતરતાં જણાશે કે અમુક શારીરિક રોગો, અમુક મનોવિકારોના ફળસ્વરૂપે જ પેદા થાય છે અને જ્યાં સુધી માનસિક પરિસ્થિતિમાં કોઈ અસરકારક ફેરફાર ના થાય ત્યાં સુધી જળવાઈ રહે છે. આ સંશોધને દર્દીઓના એ વહેમને દૂર કરી દીધો, જેના કારણે તેમને દવાખાનાના ધક્કા ખાવા પડતા હતા અને રોજ નવીનવી દવાઓ ખાવી પડતી હતી, પરંતુ આશાને આશામાં સમય પસાર થતો જાય છે અને રોગ ખસવાનું નામ લેતો નથી. તેજ દવાઓ ફક્ત બીમારીના સ્વરૂપ અને લક્ષણોમાં થોડોઘણો ફેરફાર કરી શકે છે. જીર્ણરોગના દર્દીઓનો ઇતિહાસ મોટેભાગે આવો જ છે, જેનાથી દવાઓ અને સારવાર કરનારની નિરર્થકતા જ સાબિત થાય છે. આહારવિહારજન્ય સાધારણ રોગોને તો શરીરની નિરોધક જીવનશક્તિ જ મટાડી દે છે અને તેનું શ્રેય ડૉકટરોને મળતું હોય છે. હકીકત તો એ છે કે એક પણ નાના કે મોટા રોગનો અકસીર ઇલાજ આજ સુધી દુનિયાના કોઈ પણ  ડૉકટરને જડ્યો નથી. કોઈ પણ ઔષધિ પોતાનું આશ્વાસન પૂરું કરી શકવામાં સફળ થઈ શકી નથી. સારવારના ક્ષેત્રમાં અંધારામાં પથરો ફેંકવા જેવો પ્રયાસ ચાલ્યા કરે છે અને આવી દોડાદોડીમાં ક્યારેક આંધળાના હાથમાં બટેર આવી જાય છે. જો આવું ના હોત તો કમ સે કમ ડૉકટરો તો બીમાર જોવા ના મળત કે તેમનાં સગાંસંબંધીઓ પણ બીમારીથી ગ્રસ્ત ના રહેત. એવું જોવામાં આવ્યું છે કે દવાઓનો અંબાર બીમારીઓને મટાડતો નથી, ઉપરથી શરીરમાં ઘૂસી ગયેલા આ નવા ઝેરથી નવાનવા ઉપદ્રવો ઊભા થઈ જાય છે. હકીકતમાં ડૉકટરોના શરણે જનારાઓ કરતાં જેમને સારવાર લેવાનું સૌભાગ્ય જ મળ્યું નથી તેઓ વધારે ફાયદામાં રહે છે.

શરીરશાસ્ત્રીઓ હવે એવા તારણ પર પહોંચ્યા છે કે આરોગ્ય અને બીમારીની ચાવી મનઃક્ષેત્રમાં રહેલી છે. માનસિક અસંતુલન અને પ્રદૂષણનું નિરાકરણ કર્યા વગર કોઈને પણ સ્વસ્થ શરીરનો આનંદ મળી શકતો નથી. ગત દિવસોમાં જીવનશક્તિનાં ઘણાં ગુણગાન થતાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહ્યાં. તેને મેળવવા માટે આકાશપાતાળ એક કરવામાં આવે છે. ટોનિકો, હૉરમોન્સ અને ગ્રંથિઆરોપણ જેવા પ્રયોગ તથા પરીક્ષણો પણ ખૂબ ચાલી રહ્યાં છે, પરંતુ ગરીબોની વાત તો દૂર રહી, કોર્ટના ન્યાયાધીશ, શાસનાધ્યક્ષો અને ખુદ ડૉકટરોને પણ આ પ્રયાસોમાંથી કંઈ મળી શક્યું નથી. હવે એવું તારણ નીકળ્યું છે કે જીવનશક્તિ એ શરીરની કોઈ સ્વતંત્ર ક્ષમતા નથી, પરંતુ જિજીવિષાની માનસિક પ્રખરતા જ જીવનશક્તિ તરીકે ઓળખાય છે. માનસિક સ્થિતિના ઉતારચડાવોને અનુરૂપ આ જીવનશક્તિ પણ ઘટતીવધતી રહે છે. શરીરની બલિષ્ઠતા, સક્રિયતા તથા સ્ફૂર્તિ જ નહિ; કોમળતા, સુંદરતા અને કાંતિનો આધાર પણ માનસિક સ્થિતિ પર રહેલો છે. દુઃખદ મનઃસ્થિતિમાં ભય, શોક, ક્રોધ વગેરેનો પ્રસંગ આવતાં તો આકૃતિથી લઈને શરીરની સામાન્ય સ્થિતિ પર તરત જ ખરાબ પ્રભાવ પડતો જોવા મળે છે. જો મનોવિકારો મૂળિયાં ઊંડાં નાખી દે તો એમ સમજવું કે શરીર એક જાતની વિપન્નતામાં જ ફસાઈ ગયું અને આ કીચડમાંથી બહાર નીકળી શકવું એ ચિકિત્સકના હાથની વાત નથી.

હવે આરોગ્યની સ્થિતિ અને રોગનિવૃત્તિ બંનેની આવશ્યકતાઓ પૂરી કરવા માટે મનઃસંસ્થાનની શોધખોળ કરવી જરૂરી થઈ ગઈ છે અને એવું માનવામાં આવી રહ્યું છે કે જો મનુષ્યના ચિંતનક્ષેત્રમાં પ્રવેશી ગયેલી વિકૃતિઓ તરફ ધ્યાન આપવામાં નહિ આવે, ત્યાં ભેગી થયેલી તૃષ્ણાઓ અને વિપન્નતાઓનું સમાધાન કરવામાં નહિ આવે તો આહારવિહારનું સંતુલન જાળવી રાખવા છતાં પણ બીમારીઓથી છુટકારો મેળવી શકાશે નહિ. ઉપચારથી પણ માત્ર મનને ફોસલાવવા સિવાય બીજો કોઈ હેતુ સરવાનો નથી. હવે ધીરેધીરે ઔષધિ ઉપચારનું મહત્ત્વ ઘટતું જાય છે અને માનસોપચારને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. આજ સુધી માનસિક બીમારીઓની ગણતરી અલગ કરવામાં આવતી રહી છે અને તેનું ક્ષેત્ર પણ જુદું રહ્યું છે. હવે નવાં સંશોધનોએ અમુક દુર્ઘટના જેવાં આકસ્મિક કારણોથી પેદા થતા રોગોને જ શારીરિક



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માન્યા છે અને લગભગ તમામ બીમારીઓને મનઃક્ષેત્રની જ પ્રતિક્રિયા હોવાનું જાહેર કર્યું છે. ઊંડાં સંશોધનોના પરિણામે આરોગ્ય જેવી માનવીય જીવનની અતિશય મહત્ત્વપૂર્ણ બાબત વિશે નવેસરથી વિચાર કરવો પડશે અને આહારવિહારનાં જ ગીતો ગાતા રહેવાને બદલે એ જોવું પડશે કે મનસ્વિતા ટકાવી રાખવા માટે નવું શું કરી શકાય તેમ છે?

માનસિક વિકૃતિઓમાં સામયિક ગૂંચવણોનાં કારણો તો ખૂબ ઓછાં જવાબદાર હોય છે. મોટેભાગે તેનું કારણ નૈતિક હોય છે. છળ, કપટ, ઢોંગ તથા પાખંડના કારણે મનુષ્યની અંદર બેવડું વ્યક્તિત્વ વિકસિત થઈ જાય છે. એક સાચું અને બીજું પાખંડી. બંનેની વચ્ચે ભયંકર અંતર્દ્વંદ્વ શરૂ થાય છે. બંને એકબીજા સાથે દુશ્મનાવટ રાખે છે અને સામેવાળાને કચડી નાખીને પોતાનું વર્ચસ્વ જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. આ દેવાસુર સંગ્રામ સમગ્ર મનઃક્ષેત્રને અશાંત અને ઉદ્વિગ્ન બનાવી દે છે. આ અંતઃવિગ્રહને પરિણામે અનેક રોગો પેદા થાય છે અને જ્યાં સુધી એવી જ માનસિક સ્થિતિ રહે ત્યાં સુધી ખસવાનું નામ લેતા નથી.

શારીરિક રોગો પ્રત્યક્ષ હોય છે, તેથી તેમની જાણકારી પણ સહજપણે મળી જાય છે અને દવાદારૂથી તેની સારવાર કરવાનાં સાધનો પણ મળી રહે છે. મોટેભાગે જેઓ પોતાનું સામાન્ય કામકાજ કરી શકવામાં અસમર્થ થઈ ગયા હોય, જેમનો શરીરનિર્વાહ અને લોકવ્યવહાર ડગમગી ગયો હોય, જેઓ પોતાના માટે અને સગાસંબંધીઓ માટે ભારરૂપ બની ગયા હોય તેવા અર્ધપાગલ જેવા લોકોની માનસિક રોગીઓમાં ગણતરી કરવામાં આવે છે. આપણા દેશમાં આવા રોગીઓની સંખ્યા પણ કરોડોમાં જઈ પહોંચી છે. આ તો દેખીતા અર્ધપાગલોની વાત થઈ, પરંતુ એવા લોકોની સંખ્યા પણ ખૂબ જ છે કે જેઓ રોજીરોટી તો મેળવી લે છે અને ખાતીપીતી વખતે પણ સામાન્ય લાગે છે, પરંતુ તેમનું ચિંતન વિચિત્ર અને વિલક્ષણ હોય છે. કેટલાય લોકો દુષ્ટતાની ભાષામાં વિચારે છે અને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સૌ કોઈની ઉપર દોષારોપણ કરીને શત્રુતા વધારતા જાય છે. કેટલાય લોકો આશંકા, સંદેહ અને આક્ષેપોથી એટલા બધા ટેવાઈ ગયા હોય છે કે તેઓ પોતાની પત્ની, બહેન કે દીકરી સુધ્ધાંના ચારિત્ર્ય પર કોઈ કારણ વગર વહેમ રાખે છે. સગાસંબંધીઓ અને પડોશીઓ પોતાની વિરુદ્ધ કુચક્ર રચતા હોય તેવી શંકાથી પીડાય છે. દુર્ભાગ્ય અને ગ્રહનક્ષત્રોના પ્રકોપથી કેટલાય લોકો સતત ભયગ્રસ્ત રહે છે અને આફતનો પહાડ તેમની પર જ તૂટી પડ્યો હોય તેવું અનુભવે છે. શેખચલ્લીના હવાઈ કિલ્લા ચણનારા, શક્ય-અશક્યનો વિચાર કર્યા વગર પોતાનાં સપનાંની એક અનોખી દુનિયા બનાવીને બેસી રહે છે. તેઓ ન તો બીજાઓ સાથે તાલમેળ બેસાડી શકે છે કે ન તો કોઈને પોતાનો ઘનિષ્ઠ મિત્ર બનાવી શકે છે. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી શકવાનું અને બીજાઓની મનઃસ્થિતિ કે પરિસ્થિતિને સમજી શકવાનું તેમના માટે શક્ય હોતું નથી. પાયા વગરનાં અનુમાનો કરીને સાવ બિનતાર્કિક તારણો પર પહોંચી જાય છે. મનમાં જે પણ કંઈ વિચાર આવે તેને એકપક્ષીય ધૂનની જેમ કોઈ પણ જાતના તર્કવિતર્ક કર્યા વગર લગામ વગરના ઘોડા પર ચઢીને દોડ્યા કરે છે. જે વિચારવામાં આવી રહ્યું છે તેનો આધાર શું છે અને આવી ધૂન ચાલુ રાખવાથી પરિણામ શું આવશે તે સમજી શકવું તેના અસ્તવ્યસ્ત મગજ માટે શક્ય હોતું નથી. અકારણ મોઢું ચઢાવી રાખનારા, ગમે તેની ઉપર દોષારોપણ કરનારાઓને પોતાના દુર્ભાગ્યનું સર્જન કરવામાં વાર લાગતી નથી. આ સંસાર અસાર હોવાનું જણાવીને આત્મહત્યાની વાત વિચારનારા લોકો ઢગલાબંધ જોવા મળશે. હસીખુશી સાથે તેમને કોઈ લેવાદેવા હોતી નથી. ગમે ત્યાંથી મુસીબતની કલ્પનાઓ શોધી લાવે છે અને પોતે દુઃખી થઈ, સાથીદારોને પણ દુઃખી કરી જીવનની લાશ ઢસડતા રહે છે. આવી ધૂન ક્યારેક ક્યારેક આક્રમક થઈ ઊઠે છે ત્યારે જે પણ તેની ચપેટમાં આવે છે તેને સતાવવામાં કોઈ કસર છોડતા નથી. મિત્રને શત્રુ અને શત્રુને મિત્ર સમજવામાં ડગલે ને પગલે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અદૂરદર્શિતા આચરે છે. રોજેરોજ તેઓ ઠગોનો શિકાર બનતા રહે છે. ઉંમર વધવા છતાં પણ વિચારવાની રીત બાળકો જેવી જ રહે છે. કોઈ મહત્ત્વપૂર્ણ પ્રસંગમાં તેમની સલાહ બિલકુલ કામ લાગતી નથી. તેઓ પોતાની કાર્યપદ્ધતિને કોઈ ઉદ્દેશ્ય સાથે જોડી શકતા નથી. જેમ તેમ કરીને સમય પસાર કરતા રહીને મોતના દિવસો પૂરા કરે છે. તેમને સાવ પાગલ તો ના કહી શકાય, પરંતુ વ્યક્તિત્વની દષ્ટિએ પાગલ કરતાં સારી સ્થિતિમાં હોવાનું પણ સમજી શકાય તેમ નથી.

વિક્ષિપ્ત અને અર્ધવિક્ષિપ્ત લોકોથી લગભગ અડધો સમાજ ભરેલો છે. મૂઢમાન્યતાઓ, કુરિવાજો તથા અંધવિશ્વાસોથી જકડાયેલા લોકોમાં શક્તિ અને બુદ્ધિનો અભાવ હોય છે. તેમના માટે તો જે પરંપરા થઈ ગઈ છે તે જ સર્વસ્વ છે. તે લક્ષ્મણરેખાની બહાર જતાં તેમને ડર લાગે છે. સ્વતંત્ર ચિંતનનો પ્રકાશ તેમની આંખોને આંજી નાખે છે અને ઔચિત્યને સમજવાનું, તેને સ્વીકારવાનું સાહસ થઈ શકતું નથી. આ સંસ્કારહીનતાનું, અવિકસિત તથા વિકૃત વ્યક્તિત્વનું જ પરિણામ છે.

## ● દુઃખોનું કારણ : સંચિત પાપકર્મો

શારીરિક રોગો, માનસિક વિક્ષેપો, દરિદ્રતા, દુર્ઘટના, અકાળ મૃત્યુ, વિપત્તિ, સંકટો વગેરે અનેક આકસ્મિક આફતોનાં કારણો મોટેભાગે અગાઉનાં સંચિત પાપકર્મો જ હોય છે. તેનાં કારણોમાં માત્ર વ્યાવહારિક વ્યતિક્રમ જ નથી હોતો, પરંતુ સંચિત પાપોની પણ ખૂબ મોટી ભૂમિકા હોય છે. મર્યા પછી નરક, પ્રેતયોનિ, નિકૃષ્ટ યોનિઓમાં જન્મ જેવી દુર્ગતિનું કારણ પણ આ કુસંસ્કારી સંગ્રહ જ હોય છે. શાસ્ત્રો કહે છે -

**પાપેન જાયતે વ્યાધિઃ પાપેન જાયતે જરા ।**
**પાપેન જાયતે દૈન્યં દુઃખં શોકો ભયંકરઃ ॥**

પાપોથી વ્યાધિ, વૃદ્ધત્વ, દીનતા, દુઃખ અને ભયંકર શોકની પ્રાપ્તિ થાય છે. નાનાં અને મોટાં પાપો પ્રમાણે નાનાં અને મોટાં ફળ પ્રાણીઓએ ભોગવવાં પડે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**આત્માપરાધવૃક્ષસ્ય ફલાન્યેતાનિ દેહિનામ્ ।**
**દારિદ્રયદુઃખરોગાનિ બન્ધનવ્યસનાનિ ચ ॥**

- ચાણક્ય

મનુષ્યોને તેમના અપરાધરૂપી વૃક્ષમાંથી જ દરિદ્રતા, રોગ, દુઃખ, બંધન, વિપત્તિ વગેરે ફળ મળે છે.

**ઉભયમેવ તત્રોપયુજ્યતે ફલં ધર્મસ્યૈવેતરસ્ય ચ ॥**

- મહાભારત ઉદ્યોગપર્વ ૪૨/૨૩

રાજન ! ધર્મ અને પાપ બંનેનાં જુદાંજુદાં ફળ હોય છે અને તે બંનેને ભોગવવાં જ પડે છે.

**આલ્લભતે હ્યાયુરાચારાદીપ્સિતાઃ પ્રજાઃ ।**
**આચારાદ્ધનમક્ષય્યમાચારો હન્ત્યલક્ષણમ્ ॥**
**દુરાચારો હિ પુરુષો લોકે ભવતિ નિન્દિતઃ ।**
**દુઃખભાગી ચ સતતં વ્યાધિતોઽલ્પાયુરેવ ચ ॥**

- મનુસ્મૃતિ ૪/૧૫૬

શ્રેષ્ઠ આચરણવાળું જીવન જીવનારા લોકો દીર્ઘજીવી હોય છે, શ્રેષ્ઠ સંતાન અને સંપન્નતા પ્રાપ્ત કરે છે. ખરાબ લોકોને પણ સુધારી દે છે. દુરાચારીઓ નિંદાપાત્ર હોય છે, દુઃખ ભોગવે છે, અલ્પજીવી હોય છે અને રોગિષ્ઠ રહે છે.

આટલું બધું જાણી લીધા પછી એક નિર્ણય પર પહોંચવું પડશે કે ચેતનાની મૂળ સત્તા એવા અંતઃકરણને પ્રભાવિત કરનાર નૈતિક કે અનૈતિક વિચારો તથા કર્મો જ આપણી સારી કે ખરાબ પરિસ્થિતિઓ માટે સંપૂર્ણ રીતે જવાબદાર છે. આ જ ઉદ્‌ગમકેન્દ્રમાંથી આપણા ઉજ્જ્વળ ભવિષ્યનો આધાર ઊભો થાય છે અને અહીંથી જ વિપત્તિઓની જાળ ફેલાવનારી દુઃખદ સંભાવનાઓ પણ પેદા થાય છે. આ મૂળ કેન્દ્રનું પરિશોધન કરવું એ એક જાતનો આંતરિક કાયાકલ્પ જેવો પ્રયાસ છે. જીવનમાં આવતાં સંકટોમાંથી છુટકારો મેળવવા માટે અને નજીકના ભવિષ્યમાં પરિણામ આપનારાં સંચિત પ્રારબ્ધકર્મોના નિવારણ માટે,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આંતરિક પરિશોધનનો પ્રયાસ અત્યંત જરૂરી છે અને એવું કહી શકાય કે આ વિષવૃક્ષનાં મૂળિયાં કાપવાથી જ કામ બનશે, માત્ર ડાળીઓ કે પાંદડાં તોડવાથી કાયમી ઉકેલ મળશે નહિ.

સામાન્ય રીતે સુધાર તથા પરિવર્તનમાં સમજાવવાની પદ્ધતિને જ ઉપયોગમાં લેવામાં આવે છે, પરંતુ એવું જોવામાં આવ્યું છે કે આંતરિક કુસંસ્કારો એટલા બધા ઊંડા હોય છે કે તેમની પર સમજાવવાની ખાસ અસર થતી નથી. એવું જોવા મળે છે કે નશાખોરી જેવી ટેવોથી ગ્રસ્ત વ્યક્તિઓ બીજા સમજદારોની જેમ તે ખરાબ આદતથી થતા નુકસાનનો સ્વીકાર કરે છે, દુઃખી પણ રહે છે અને છોડવા પણ માગે છે, પરંતુ એ અભ્યસ્ત કુસંસ્કારિતાને નાબૂદ કરવાના આંતરિક સાહસનો તેમનામાં અભાવ હોય છે. આ લાચારીમાંથી કેવી રીતે છૂટી શકાય તેનો કોઈ યોગ્ય ઉપાય સૂઝતો નથી. લાગે છે કે કોઈ દૈવી દુર્ભાગ્ય એવું પાછળ પડ્યું છે, જેનાથી વિપત્તિમાંથી બહાર આવવાનો કોઈ આધાર જ મળતો નથી. તે ડગલે ને પગલે અવરોધો અને સંકટો પેદા કરે છે. આ દુર્ભાગ્ય એ બીજું કંઈ નહિ, પણ આપણા અંતર પર છવાયેલા કુસંસ્કારો જ છે. અભ્યાસ અને સ્વભાવનું અંગ બની જવાને કારણે તેમને છોડી શકાતા નથી અને આપણને પટકીપટકીને મારે છે તથા નરકના યમદૂતો જેવો ત્રાસ આપે છે. આ દુઃખને દૂર કરવાનો સમર્થ ઉપાય આંતરિક પરિશોધન જ છે.

દુષ્કર્મોના સંગ્રહિત ફળને પ્રારબ્ધ અથવા ભાગ્યવિધાનને સુધારવા અને સરળ બનાવવા માટે ભારતીય ધર્મશાસ્ત્રોમાં એકમાત્ર વિધાન પ્રાયશ્ચિત્તનું બતાવ્યું છે. પ્રાયશ્ચિત્તનું એક સુવિસ્તૃત તત્ત્વજ્ઞાન અને સુનિશ્ચિત વિધિવિધાન છે. આમ તો દરેક વસ્તુ સસ્તામાં મેળવવાની હલકી ઘૂસણખોરીએ આ ક્ષેત્રને પણ છોડ્યું નથી અને પ્રાચીન વિધિવિધાનોની હલકી અને ક્ષુલ્લક નકલો કરીને આ મહાન ઉદ્દેશ્યને પણ હાસ્યાસ્પદ બનાવી દીધો છે. વાસ્તવમાં પ્રાયશ્ચિત્ત વિધાનનું વજન પાપકર્મોના પરિણામે મળતા દંડ જેટલું જ થાય છે. થોડોઘણો જ ફરક



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહી જાય છે. કોઈને ચોરી કરવા બદલ પોલીસ કે અદાલત દ્વારા કડક જેલની સજા ભોગવવી પડે છે અથવા તો પોતાની ભૂલ પોતે સમજીને જેની ચોરી કરી હોય તેની સામે દુઃખી થઈને જેટલું શક્ય બને તેટલું પાછું આપી દેવાથી અપેક્ષા કરતાં ઓછું દુઃખ સહન કરવું પડે છે. આ જ બાબત પ્રાયશ્ચિત્તના સંબંધમાં પણ લાગુ પડે છે. ભૂલ સ્વીકારવી, કરવામાં આવેલા દુષ્કર્મ બદલ પશ્ચાત્તાપ કરવો અને ભવિષ્યમાં આવું ન કરવાની ભાવભરી મનઃસ્થિતિ એ અપરાધી મનોવૃત્તિના પરિવર્તનની નિશાની છે. આ પરિવર્તન જ પાપદંડને હળવો કરવાનો મુખ્ય આધાર હોય છે. ત્યાર પછી ક્ષતિપૂર્તિનો પ્રશ્ન પેદા થાય છે. જે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે, અંતઃકરણને ક્લુષિત અને વાતાવરણને દૂષિત કરવાનો જે અનાચાર આચરવામાં આવ્યો છે તેની ક્ષતિપૂર્તિ બે રીતે થઈ શકે છે. એક તો અનાચારનો જેટલો ઊંડો ખાડો ખોદવામાં આવ્યો છે તેને પૂરવામાં આવે, એટલે કે હાલની પરિસ્થિતિમાં ક્ષતિપૂર્તિ માટે જેટલું શક્ય હોય તેટલું કરવામાં આવે. આ ઉપરાંત અંતઃકરણ પર કુકર્મોના જે કુસંસ્કારો જામી ગયા છે તેમને હઠાવવા માટે નવાં પુણ્યકર્મો કરીને નવા સુસંસ્કારોની સ્થાપના કરવામાં આવે, જેનો શ્રેષ્ઠ પ્રભાવ નવેસરથી અંતઃકરણ પર જામેલા મેલને દૂર કરી શકે. આ નીતિને અપનાવવાથી જ સમાજને પહોંચાડવામાં આવેલા નુકસાનની ભરપાઈ થઈ શકે છે.

આ બધાં તત્ત્વોનું મિશ્રણ જ પ્રાયશ્ચિત્ત વિધાન છે. તેમાં એવા સિદ્ધાંતો રહેલા છે, જે અશુભ ભાગ્યવિધાનને બદલવામાં તથા અંધકારમય ભવિષ્યની સંભાવનાને નાબૂદ કરવામાં સમર્થ નીવડે છે. એમાં જ ગુનો કરનારની શાલીનતા, સજ્જનતા અને સાહસિકતા રહેલી છે. જે દુસ્સાહસથી પ્રેરિત થઈને કુકર્મો કર્યાં હોય તેવા જ સ્તરનું સત્સાહસ જગાડનાર જ પોતાની સંચિત દુષ્પ્રવૃત્તિઓ વિરુદ્ધ વિદ્રોહ કરીને તેમને નષ્ટ કરવાનું સાહસ કરી શકે છે. તે સાહસમાં વીરતા અને શાલીનતાનું ચિહ્ન રહેલું છે. એટલા માટે તેનું પરિણામ પરિવર્તનકારી, સુધારણા-પરાયણ અને મંગલમય સાબિત થાય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રાયશ્ચિત્તનો અર્થ કરગરવું કે સસ્તાં વિધિવિધાનો દ્વારા તેમાંથી છટકી જવું એવો નથી, પરંતુ થયેલા નુકસાનની ભરપાઈ કરવી તે છે. પોતાના અંતઃકરણ, વિચારસંસ્થાન અને કર્મને જેવી રીતે દુષ્પ્રવૃત્તિઓથી ભરી દેવામાં આવ્યાં હતાં, તેવા જ સાહસ તથા પ્રયાસ સાથે આ ત્રણેય સંસ્થાનોના પરિમાર્જન, પરિશોધન અને પરિષ્કારની પ્રક્રિયા પૂરી કરવી તેને પ્રાયશ્ચિત્ત કહે છે. પાપકર્મોથી સમાજને નુકસાન પહોંચે છે. સામાન્ય મર્યાદાપ્રવાહમાં અવરોધો ઊભા થાય છે. લોકપરંપરાઓ નષ્ટ થાય છે. અનેક લોકોને કુમાર્ગે ચાલવાની પ્રેરણા મળે છે. જેમને નુકસાન પહોંચે છે તેઓ વિલાપ કરે છે અને તેનાથી વાતાવરણ વિક્ષુબ્ધ થઈને સાર્વજનિક સુખશાંતિ માટે સંકટ પેદા કરે છે. આવાં અનેક કારણોના લીધે એવું માની શકાય છે કે જે પાપકર્મ કરવામાં આવ્યું છે તેનાથી માત્ર તે કરનારને જ નહિ, પરંતુ પરોક્ષ રીતે આખા સમાજને નુકસાન પહોંચે છે. વિરાટ બ્રહ્મને, વિશ્વમાનવને જ પરમાત્મા કહેવામાં આવે છે. આ એક રીતે સીધું પરમાત્મા પર જ આક્રમણ કર્યું કહેવાય, તેને જ નુકસાન પહોંચાડ્યું કહેવાય. ગુનો ભલે વ્યક્તિ કે સમાજ પ્રત્યે કરવામાં આવ્યો હોય, પરંતુ તેનો સીધો આઘાત ઈશ્વરના શરીર પર થાય છે અને તેને હચમચાવી નાખનાર કદી સુખી રહી શકે નહિ.

બૂરાઈઓનું તાત્કાલિક પરિશોધન થતું રહે, ગંદકી ભેગી ન થાય તે જરૂરી છે. ગંદકી લાંબા સમય સુધી રહે તો તેમાં સડો પેદા થાય છે. શરીરમાં ભેગાં થયેલ વિજાતીય દ્રવ્યો જેટલા વધુ સમય સુધી રહેશે તેટલા જ પ્રમાણમાં ઝેર વધતું જશે અને તેનાથી સામાન્ય દર્દો કરતાં વધારે અસાધ્ય બીમારીઓ પેદા થશે. જૂનું દેવું વ્યાજસહિત અનેકગણું થઈ જાય છે. મનોમાલિન્ય જો લાંબા સમય સુધી ટકી રહે તો તે દ્વેષ કે બદલાનું રૂપ ધારણ કરી લે છે. સંચિત પાપકર્મોની બાબતમાં પણ આ જ વાત છે. તેમનું ફળ ભોગવવામાં જેટલી વધારે વાર લાગશે તેટલી જ તેની પ્રતિક્રિયા ભયંકર હશે. નવો અપચો જુલાબની એકાદ ગોળીથી જ ઠીક થઈ જાય છે, પરંતુ જો ઘણા દિવસો સુધી મળ અટકેલો રહે તો તેમાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પથ્થર જેવી ગાંઠો બની જઈને એવું ભયંકર ઉદરશૂળ પેદા કરે છે, જેના માટે પેટ ચીરીને ગાંઠો કાઢવા સિવાય બીજો કોઈ ઉપાય રહેતો નથી. ગંદકીને જેટલી જલદી દૂર શકાય તેટલું જ ઉત્તમ છે.

આ જન્મનાં જાણીતાં અને યાદ હોય તેવાં પાપોથી લઈને જન્મ-જન્માંતરોનાં પાપોનું નિરાકરણ કરવું જરૂરી છે. તેમને નાબૂદ કરવાં જરૂરી છે. ઝેર પી લીધા પછી વમન તથા વિરેચન દ્વારા પેટ અને આંતરડાંની જલદીથી સફાઈ કરીને જ તે ભૂલનું નિરાકરણ કરી શકાય છે. આ ઉપાયથી જ પ્રાણનું જોખમ ટાળી શકાય છે. પ્રાયશ્ચિત્ત જ પરિશોધનનો એકમાત્ર ઉપાય છે. નદી, તળાવોમાં સ્નાન કરવાથી, દેવમંદિરોમાં દર્શન કરવાથી કે બીજા એવા છુટાછવાયા ઉપચારો કરવાથી પાપો નષ્ટ થઈ જશે એમ માનવું ભૂલભર્યું છે. જો આવી રીતે કરેલાં દુષ્કર્મોથી છુટકારો મળી જતો હોત, તો પછી લોકો નિર્ભય થઈને આવાં કુકર્મો કરતા જ રહેશે અને તેના દંડથી બચવા માટે આવા જ સસ્તા ઉપાયો શોધી લેશે. રાજદંડથી બચવા માટે આજે લાંચ આપવાની બોલબાલા છે. લોકસેવક અને ધર્માત્માનો આડંબર કરીને તેની આડમાં સમાજના દંડમાંથી પણ બચી શકાય છે. આથી ઈશ્વરીય દંડ જ પાપકર્મોથી ડરવાનું એક માત્ર કારણ રહી ગયું છે. તેના અંકુશથી નીતિનિષ્ઠા જળવાઈ રહે છે. જો તેને પણ સસ્તાં કર્મકાંડોની મદદથી નકારી દેવામાં આવશે તો તેના આધારે ખૂબ જ પાપો કરવાનો અને પછી સસ્તાં વિધિવિધાનોની મદદથી ઈશ્વરીય દંડમાંથી સહેલાઈથી બચી જવાનો એક નવો ભ્રષ્ટાચાર શરૂ થઈ જશે. શારીરિક અને માનસિક દુષ્પ્રવૃત્તિઓના શુદ્ધીકરણનો એકમાત્ર ઉપાય પ્રાયશ્ચિત્ત જ છે. તેમાં દંડ ભોગવવાનાં, થયેલા નુકસાનની ભરપાઈ કરવાનાં અને ભવિષ્યમાં એવી ભૂલ ન કરવાનાં ત્રણેય તત્ત્વો રહેલાં છે, જેની મદદથી ભૂલ સુધારવાની અને અંધકારને પ્રકાશમાં બદલવાની તક મળે છે.

★



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પ્રાયશ્ચિત્ત પ્રક્રિયાથી ભાગશો નહિ

રસોળીની બીમારીથી પીડાતી એક સ્ત્રી એકવાર શ્રીમતી જે.સી.ટ્રસ્ટ પાસે આવી અને તેની બીમારીના ઇલાજ માટે કોઈ ઔષધિ આપવા વિનંતી કરવા લાગી. શ્રીમતી ટ્રસ્ટ અમેરિકાનાં વિશ્વવિખ્યાત સંત છે, જેમણે ધર્મ અને અધ્યાત્મને વૈજ્ઞાનિક સ્વરૂપે રજૂ કરવાનો પ્રયાસ કર્યો, એટલું જ નહિ, પોતાની આધ્યાત્મિક ઉપલબ્ધિઓથી અસંખ્ય પીડિત અને દુઃખી લોકોનું ભલું પણ કર્યું છે. તેમનાં પ્રવચનો અને આધ્યાત્મિક સંશોધનો સાંભળવા માટે મોટામોટા વૈજ્ઞાનિકો પણ આવતા હતા.

ટ્રસ્ટે પેલી બાઈને ખૂબ ધ્યાનથી તપાસી અને કહેવા લાગ્યાં, "તમે સમજી નહિ શકો, પરંતુ જેમને પ્રકાશની ગતિ અને સ્થિતિનું જ્ઞાન હોય છે તેઓ કોઈ ના જણાવે તો પણ તેના અંતરની વાત જાણી લે છે. તમારા શરીરમાં મને કેટલાક કાળા રંગના અણુઓ જોવા મળે છે, જે એ વાતનું પ્રતીક છે કે તમારા જીવનમાં ક્યાંક કોઈ ત્રુટિ, વિકૃતિ કે એવી કોઈક અનૈતિક પ્રવૃત્તિઓ છે, જે તમે બીજાઓથી છુપાવતાં ફરો છો. તમે જો પ્રાયશ્ચિત્તનું સાહસ કરી શકો તો હું ખાતરી આપું છું કે તમારા આ નાનામાં નાના તો શું, પરંતુ અસાધ્ય રોગોનું નિવારણ પણ [illegible]સપણે થઈ શકે છે."

પેલી સ્ત્રી બોલી, "માતાજી ! હું તમારી પાસે સારવાર માટે આવી છું, ઉપદેશ તો ઘણા બધા પાદરીઓ, સંતો અને ધાર્મિક વ્યક્તિઓ પાસેથી સાંભળી ચૂકી છું. જો કોઈ ઔષધિ આપી શકતાં હો તો આપો, નહિતર હું અહીંથી જાઉં."

આ સ્ત્રીની જેમ અસંખ્ય લોકોનાં જીવન વિકારગ્રસ્ત હોય છે, મનમાં દૂષિત કામ, ક્રોધ, લોભ, મદ,મત્સર વગેરે વિકારો પેદા થતા રહે છે. તેમનાથી પ્રેરિત જીવનથી જે પાપો થાય છે તેમને લોકો એક સામાન્ય ઢાંચાની જેમ અપનાવી લે છે. કામવાસનાથી પીડિત વ્યક્તિ કોઈ પણ નારીને જોઈને ઉત્તેજિત થઈ ઊઠે છે. ક્રોધી વ્યક્તિ દરેકને દુશ્મનની જેમ જુએ છે અને એવો જ કડવો વ્યવહાર કરે છે. લોભી વ્યક્તિ ચોરીથી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લઈને લાંચરુશવત, છળકપટ અને ભેળસેળ કરે છે, પછી ભલે તેનાથી સમાજનું ગમે તેટલું અહિત કેમ ના થતું હોય ! જ્યારે તેને એવું કહેવામાં આવે કે પાપ અને વિકારોનું કર્મફળ ભોગવવું જ પડશે, આ પાપો જ આધિવ્યાધિ, રોગશોક અને બીમારીઓના રૂપમાં ફૂટી નીકળશે, તેને હજુ પણ સુધારી લો, હજુ પણ પ્રાયશ્ચિત્ત કરીને પાપના ભારથી મનને હળવું કરી લો, ત્યારે તે આવા વિચારોને જૂનવાણી તથા પછાત કહે છે અને દલીલ કરે છે કે વિકાસ માટે સંઘર્ષ અને અનૌચિત્ય એ કુદરતી સત્ય છે, પ્રકૃતિ પણ આવું જ કરી રહી છે તો માનવી કેમ ના કરે ? તે કર્મફળના સિદ્ધાંતને માનવા તૈયાર થતો નથી. વિકારોને તે વિકાર ન માનતાં શારીરિક જરૂરિયાતો માને છે અને તે ગમે તે રીતે પૂરી કરવાને ધર્મ માને છે. આ માન્યતાઓને કારણે જ આજે સામાજિક વ્યવસ્થા તૂટી રહી છે અને લોકોનાં જીવન રોગશોકથી ઘેરાઈ રહ્યાં છે. પાપ અને મનોવિકારો ખરેખર રોગ અને ભવિષ્ય માટે અંધકાર પેદા કરી દે છે એ વાત હવે માત્ર તર્કસંગત જ નહિ, પરંતુ વિજ્ઞાનસંમત પણ થઈ ગઈ છે.

શ્રીમતી ટ્રસ્ટના સમજાવવાથી પેલી સ્ત્રી પર ઘણો પ્રભાવ પડ્યો. તેણે પોતાના જીવનના બધા જ દોષો સ્વીકારી લીધા અને જણાવ્યું કે તેને ક્રોધ ખૂબ આવે છે. આ જ દુર્ભાવને કારણે તે ઘણાં પાપો આચરી ચૂકી છે. તેણે ઘણી વાર ચોરી પણ કરી છે અને ખોટું બોલીને લોકોને લડાવ્યા પણ છે. તેણે પોતાના બધા જ દુર્ગુણો સ્વીકારી લીધા. ત્યાર બાદ ટ્રસ્ટના કહેવાથી તેણે થોડાક દિવસ ઉપવાસ કર્યા. તેનાથી તેની ગાંઠ પણ સારી થઈ અને મનની અશાંતિ પણ દૂર થઈ ગઈ. શ્રીમતી ટ્રસ્ટે આવી જ રીતે એક નવજાત શિશુનો રોગ તેની માતા પાસે પ્રાયશ્ચિત્ત કરાવીને સારો કર્યો. તેમણે એવા અસંખ્ય લોકોને નિષ્કાસન તપ કરાવીને તેમના શરીર અને મનને શુદ્ધ બનાવ્યાં. આ બધું ઉપરોક્ત વૈજ્ઞાનિક સત્યનું જ પરિણામ હતું.

ગુનો જો વ્યક્ત હોય, કોઈની ચોરી કરવામાં આવી હોય, કોઈની હત્યા થઈ હોય, ભેળસેળના ગુનાસર પકડવામાં આવ્યા હોય, લાંચ લેતાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રંગે હાથે પકડાયા હોય વગેરે ગુનાઓમાં જેલમાં મોકલી દેવામાં આવે છે. કોઈ કોઈને શારીરિક સજા કરીને છોડી દેવામાં આવે છે અને એવું માની લેવામાં આવે છે કે તેનાથી ગુનેગારના દોષનું પરિમાર્જન થઈ જશે.

ભારતીય માન્યતા તેનાથી જુદી છે. શાશ્વત જીવનની કલ્પના અને કર્મ-અકર્મનાં ફળ ભોગવવા માટે વારંવાર જીવશરીરોમાં આવતી અમર ચેતના જો આપમેળે પોતાનાં પાપોનું શુદ્ધીકરણ ન કરી લે તો તે સતત અધોગતિ તરફ સરકતી જાય છે અને નરકના, પતનના ખાડામાં જઈને પડે છે. કૂતરાં-બિલાડાંની યોનિઓમાં જન્મ, સાપ અને વરુના શરીરમાં આવવું એ આત્મચેતનાના ગુપ્ત મનની પ્રેરણાઓ જ હોય છે, જેનાથી તેને શારીરિક અને માનસિક પાપ કરવાની પ્રેરણા મળતી રહે છે. શાસ્ત્રકારોએ તેનો ઉપાય જણાવતાં લખ્યું છે-

**એતૈર્દ્વિજાતયઃ શોધ્યા વ્રતૈરાવિષ્કૃતૈનસઃ ।**
**અનાવિષ્કૃપાપાંસ્તુ મન્ત્રૈર્હોમૈશ્ચ શોધયેત ॥**

- મનુસ્મૃતિ ૧૧/૨૨૬

જાહેર પાપોની શાંતિ માટે દ્વિજોએ ચાંદ્રાયણ વગેરે વ્રતો કરવાં જોઈએ અને ગુપ્ત પાપોની શાંતિ માટે મંત્રજાપ અને યજ્ઞ કરવા જોઈએ.

ગમે તેવા પાપ માટે જવાબદાર તે વ્યક્તિ પોતે જ હોય છે. એક વાર ડૉ. સિંગમન્ડ ફ્રોઈડને કોઈએ પૂછયું કે સ્વપ્ન કોણ દેખાડે છે? તો ફ્રોઈડે જવાબ આપ્યો, મનુષ્યનું મન. તેનું મંતવ્ય એવું હતું કે મનુષ્ય સામાજિક જીવનની અનેક પરિસ્થિતિઓથી ઘેરાયેલો હોય છે. કોઈ તેને ઠપકો આપે છે ત્યારે ગુસ્સો આવે છે. કોઈ કામુક પ્રદર્શન કરે છે ત્યારે મનમાં કામવાસનાના વિકારો પેદા થાય છે. ખાનપાનનો પણ પ્રભાવ પડે છે. આ બધી જ બાબતો મળીને સ્વપ્નમાં પ્રભાવ પાડે છે. આથી સ્વપ્નનું કારણ વ્યક્તિના મનને માનવું એ તેની દૃષ્ટિએ એકપક્ષીય નિર્ણય હતો, પરંતુ વિચારક ફ્રોઈડ તેવો મત ધરાવતા નહોતા. જો કે કામ જેવા નાજુક વિજ્ઞાનનું તેઓ શાલીન વિશ્લેષણ કરી શક્યા નહોતા, તેમ છતાં પાપ પ્રત્યે તેમની માન્યતા ભારતીય વિચારકો સાથે બંધબેસતી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. પાપ અને ગુનો કોઈ કારણથી નહિ, પરંતુ વ્યક્તિની પોતાની માનસિક નબળાઈના કારણે થાય છે અને તેનો દંડ ભોગવ્યા વગર તે આવી માનસિક નબળાઈમાંથી બચી શકતો નથી. ઇન્દ્રિયોની લાલસાઓ અને મહત્ત્વાકાંક્ષાઓ વ્યક્તિની પ્રાકૃતિક પ્રેરણાઓ છે, પાપ નહિ એવું માનવું ભૂલભર્યું છે. મનોવિજ્ઞાન હજુ એ સ્થિતિમાં પહોંચ્યું નથી કે જેનાથી આ જન્મનાં સારાં-ખોટાં કર્મો પ્રમાણે જ આગળનો જન્મ મળવાની વાત સાબિત થઈ શકે, પરંતુ ગુપ્ત મનના વિકારોનાં દુષ્પરિણામો હવે સ્પષ્ટ થઈ ચૂક્યાં છે. ૨૨મી ડિસેમ્બર, ૧૯૫૮ના રોજ લંડનથી પ્રકાશિત 'સન્ડે ટાઈમ્સ' માં બ્રિટીશ પાર્લામેન્ટના સદસ્ય શ્રી મોન્ટગોમેરી હાઈડ અમેરિકાના ગુનાખોરી જગતનું અધ્યયન કરવા ગયા હતા, તેમણે એક લેખ છાપ્યો હતો. તેમાં લખ્યું હતું, "આજે સંયુક્ત રાજ્ય અમેરિકામાં જે વસ્તુ સૌથી વધારે પરેશાન કરી રહી છે તે છે બાળ ગુનાખોરીની સમસ્યા. ત્યાં બાર વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો ગમે ત્યારે ગમે તેને ગોળી મારી દે છે. લૉસ એન્જેલસમાં એક છોકરાએ એક છોકરીને માત્ર એટલા માટે ગોળીઓ મારી દીધી કે તે એક એવી છોકરીના જેવો જ ચહેરો ધરાવતી હતી, જે તેના એક વિરોધી છોકરાના ઘરની હતી. તે છોકરીને જોતાં જ તેને ગુસ્સો આવ્યો અને તેને ગોળી મારી દીધી. ઓહિયો સ્ટેટની એક બાળ ગુનાખોરી તપાસ સમિતિએ ૫૪ બાળ ગુનેગારોના સ્વભાવનું પરીક્ષણ કરીને એવું તારણ કાઢ્યું કે તેમાં ૫૩ ગુનેગારો એવા હતા કે જેમણે કંઈ પણ વિચાર્યા વગર કોઈ અજ્ઞાત પ્રેરણાથી જ ગુના આચર્યા હતા. આ ગુનાઓનું કારણ માતાપિતાની ભાવુક અસ્થિરતા, પારિવારિક ક્લેશ અને મનોમાલિન્ય ગણાવવામાં આવે છે, પરંતુ દરેક જગ્યાએ આવું હોતું નથી. બાળકોના જન્મજાત સંસ્કારોનું પણ આગવું મહત્ત્વ હોય છે અને તેની વૈજ્ઞાનિકતાની અવગણના થઈ શકે તેમ નથી. આવા ગુનાઓનું વ્યાપક અધ્યયન કરનાર અને અમેરિકન સુધારણા સંઘમાં ૩૫ વર્ષ સુધી સતત કામ કરનાર મહામંત્રી એડવર્ડ કાન્સે પણ એવું તારણ કાઢ્યું અને કહ્યું, "ગુનાખોરીનો કોઈ સરળ જવાબ આપવો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મુશ્કેલ છે. તેના માટે માતાપિતાને કે પરિવારને જવાબદાર ઠેરવી શકાય, પરંતુ કેટલીક બાબતો અજાણી પણ છે, જેનું મૂલ્ય અને મહત્ત્વ ઓછું ન આંકવું જોઈએ.''

મન એ એક જાતની વિદ્યુત છે. જેવી રીતે સંસારનો કોઈ પણ પદાર્થ નષ્ટ થતો નથી, માત્ર રૂપાંતરિત થાય છે, તેમ મન પણ નષ્ટ થતું નથી. મનુષ્ય પોતાના વ્યક્ત જીવનમાં જે પણ વિચારો અને કર્મો કરે છે તે બધા સંસ્કારના રૂપમાં મનમાં જામતા જાય છે અને પોતાનાં મૂળિયાં મજબૂત કરતા જાય છે. ઉપરથી જોતાં મનુષ્ય એવો જ રહે છે, પરંતુ શારીરિક પરિવર્તનની જેમ તેના માનસિક સંસ્કારોનું પરિવર્તન પણ પ્રૌઢ થતું જાય છે. જો સમયસર તેનું નિદાન ના કરવામાં આવે તો તે કાળા અણુઓના રૂપમાં જીવાત્માની સાથે ચાલ્યા જાય છે. આ જ કુસંસ્કારો પછીના જન્મમાં મનોવિકાર, અપરાધભાવ વગેરેના રૂપમાં ફૂટી નીકળે છે અને માનવીય જીવનને અજ્ઞાત ગંદકી તરફ ઢસડી જાય છે. ઉપરથી જોતાં મનુષ્ય ગમે તેટલો સારો કેમ ન દેખાતો હોય, પરંતુ તેનું અસલ સ્વરૂપ તેના મનમાં છુપાયેલું રહે છે. એ જ વ્યક્તિના સંસ્કારોમાં, અજ્ઞાત કલ્પના અને વિચારોના રૂપમાં, સ્વપ્નોમાં અભિવ્યક્ત થતું રહે છે. વાસ્તવમાં આ સંસ્કારોનું વિશ્લેષણ કરવું એ જ સાચું મનોવિજ્ઞાન હોઈ શકે, માત્ર કોઈના બાહ્ય સ્વભાવનું અધ્યયન કરવું એ નહિ.

હિટલર યુવાવસ્થામાં ખૂબ જ સાહસિક તથા ધીરવીર પ્રકૃતિનો માણસ હતો, પરંતુ પોતાની મહત્ત્વાકાંક્ષાઓથી પ્રેરિત થઈને જ્યારે તેણે હિંસા આચરવી શરૂ કરી અને હજારો નિર્દોષ લોકોને તેણે મોતને ઘાટ ઉતારી દીધા ત્યારે તેણે બીજાઓનું જેટલું અહિત કર્યું તેના કરતાં વધારે પોતાનું પતન નોતર્યું. સન ૧૯૪૫માં જ્યારે તેણે પોતાના રક્ષણ માટે ભોંયરામાં સંતાઈ જવું પડ્યું ત્યારે તેની સ્થિતિ એવી હતી કે તે પોતાના ખાસ વિશ્વાસુ માણસોને પણ શંકાની નજરે જોતો હતો. તે એટલો બધો ભયભીત રહેતો હતો કે તાજી હવા લેવા માટે પણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભોંયરામાંથી બહાર આવતો નહોતો. તેણે ગોરિંગ લુફ્તવાફને પોતાનો ખાસ વફાદાર માનીને જર્મન વાયુસેનાનો મુખ્ય સેનાપતિ બનાવ્યો હતો. તેણે વિદ્રોહ પણ કર્યો નહોતો, છતાં તેણે ગ્રીમને તે દેશદ્રોહી હોવાની વાત કરી. ગ્રીમ આખી વસ્તુસ્થિતિ જાણતો હતો, પરંતુ ભયને લીધે પોતે પણ સાચી વાત કરી શકતો નહોતો. હિટલરનો માનસિક સંતાપ એટલો બધો વધી ગયો હતો કે તેના પગે લકવો થઈ ગયો. બે દિવસ પહેલાં તેના વાળ કાળા હતા, પરંતુ એક જ દિવસમાં તેના વાળ સફેદ કેવી રીતે થઈ ગયા તે વિશે તેની પ્રેમિકા ઇવા અને ગોબેલ્સની પત્ની ફ્રા પણ આશ્ચર્ય પામી હતી. આખરે પોતાની માનસિક સ્થિતિ કાબૂ બહાર જતાં હિટલરને તેમાંથી બચવા માટે આત્મહત્યા જ એક માત્ર ઉપાય જણાયો અને અંતે તેણે આત્મહત્યા કરી લીધી.

મનના કુસંસ્કારો છુપાવવા એ સૌથી મોટું પાપ છે. આથી ભારતીય આચાર્યોએ નિષ્કાસન તપનો સિદ્ધાંત બનાવ્યો હતો. લોકોને ચાંદ્રાયણ વગેરે કરાવતી વખતે તેમનાં બધાં જ પાપો કબૂલ કરાવવામાં આવતાં હતાં. આમ જોતાં તો પ્રાયશ્ચિત્ત કરનારને પોતાનું સ્વાભિમાન નષ્ટ થતું હોય તેમ લાગતું હોય છે, તેનાથી બીજા લોકોમાં હાંસી થવાનો પણ ભય રહે છે, પરંતુ ભૂલો સ્વીકારી લેવાથી મનમાં જે ગાંઠો પડી શકતી હતી તે પડવાથી બચી જવાય છે અને મનુષ્ય વ્યવસ્થિત, શુદ્ધ અને સંસ્કારિત જીવન જીવવા માટે તૈયાર થઈ જાય છે.

મુંબઈના એક સમાચાર છે- દેશના ભાગલા વખતે સિંધ (હૈદરાબાદ) માં મેજિસ્ટ્રેટ બી.એ.ગહાનીની અદાલતમાં એક કેસ આવ્યો. ગહાની જ્યારે મુંબઈના મુખ્ય પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટ હતા ત્યારે તેમણે પોતે આ વાત જણાવી હતી. કેસ એક વૃદ્ધ વિરુદ્ધ હતો. સુનાવણીના દિવસે શ્રી ગહાની પોતાનો ચુકાદો તૈયાર કરી શક્યા નહોતા. વૃદ્ધ બીમાર હતા, તેથી તેઓ પોતે આવી શક્યા નહોતા, પરંતુ મુદત પાડવા માટે તેમના દીકરાને મોકલી આપ્યો હતો. છોકરાએ તારીખ લંબાવવા માટે વિનંતી કરવી ના પડી. મેજિસ્ટ્રેટે જ તારીખ લંબાવવાની જાહેરાત કરી દીધી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પેલા વૃદ્ધે તેનો એવો અર્થ કર્યો કે ચુકાદો તેમની વિરુદ્ધ ગયો હશે એટલે જ તારીખ લંબાવવામાં આવી છે. આ આઘાતથી તેનું મૃત્યુ થઈ ગયું. પછીની મુદતે જ્યારે મેજિસ્ટ્રેટે તેને નિર્દોષ જાહેર કર્યો ત્યારે તેના છોકરાએ કહ્યું કે તેઓ તો એ જ દિવસે મરી ગયા હતા. તેનાથી મેજિસ્ટ્રેટને પોતાની બેદરકારી પ્રત્યે પસ્તાવો થયો. લગભગ ૨૫ વર્ષ સુધી આ મનોવ્યથાની સ્થિતિમાં રહ્યા પછી જ્યારે આ બોજ અસહ્ય બની ગયો ત્યાર પછી તેમણે જાહેરમાં પોતાની ભૂલનો સ્વીકાર કર્યો ત્યારે જ તેમને આ મનોવ્યથામાંથી મુક્તિ મળી શકી. ભલે આ માટે તેમને ટીકાઓ અને નિંદાઓ સહન કરવી પડી. આ સાથે જો ઉપવાસ કે વ્રત વગેરે કરી લેવામાં આવે તો દોષો જલદીથી શાંત થઈ જાય છે.

અરબસ્તાનના એક પ્રસિદ્ધ હકીમ શ્રી ઇબ્નસીનાએ તેમના પુસ્તક 'કાનૂન'માં એક રસપ્રદ ઉદાહરણ આપ્યું છે, જે **"પૂર્વજન્મ કૃતં પાપં, વ્યાધિ રૂપેણ પીડતિ"**ની ભારતીય માન્યતાનું સમર્થન કરે છે. ગજનીનો મહમુદ ઇબ્નસીનાને પોતાની પાસે રાખવા માગતો હતો, પરંતુ જ્યારે ઇબ્નસીનાએ ઇન્કાર કર્યો ત્યારે તેણે બળનો પ્રયોગ કર્યો. છેવટે ઇબ્નસીના હર્કેનિયા ભાગી ગયા. ત્યાંના શાસક બીમાર હતા, જેમને કોઈ પણ વૈદ સાજા કરી શક્યા નહોતા. ઇબ્નસીના તેમને જોવા માટે ગયા. નાડી પકડીને બોલ્યા કે તમે અનેક શહેરોનાં નામ બોલો. એક ખાસ શહેરનું નામ લેતાં જ દર્દીની નાડી ધબકવા લાગી. પછી એક એવા માણસને બોલાવવામાં આવ્યો કે જે તે શહેરની ગલીગલી વિશે જાણકાર હતો. તેની પાસે દરેક ગલીઓનાં નામો બોલાવવામાં આવ્યાં. એક ખાસ ગલીનું નામ આવતાં જ ફરીથી નાડી ધબકવા લાગી. આમ, ઇબ્નસીનાએ એક એવી યુવતીની માહિતી મેળવી કે જેને શાહે જોઈ હતી અને તેની સાથે લગ્ન કરવા માગતા હતા, પરંતુ તેને જાણતા નહોતા.

મનના અજ્ઞાત સાગરમાં ક્યાંકને ક્યાંક કોઈ જન્મના કુસંસ્કારો ભરેલા હોય છે તે આ ઉદાહરણ પરથી સમજી શકાય છે. આપણા શરીરની દરેક જ્ઞાત-અજ્ઞાત ક્રિયા અગાઉ કરેલાં કર્મો અને વિચારોના આધારે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચાલે છે. આથી જીવનની શુદ્ધતા અને સુખશાંતિનો આધાર જ એ છે કે મન શુદ્ધ હોય, સાત્ત્વિક વિચારો ધરાવતું અને સંકલ્પશીલ હોય.

હવે એવાં યંત્રો પણ બની ચૂક્યાં છે, જેમના પ્રયોગથી એ જાણી શકાય છે કે મનમાં રાગાત્મક અનુભવો જેટલા તીવ્ર હોય એટલો જ ચામડીનો વિદ્યુત અવરોધ ઘટી જાય છે. આ જ આધારે સાચાખોટાનું વિશ્લેષણ કરનારાં મશીનો શોધી કાઢવામાં આવ્યાં છે. આ મશીનો "સ્ફિગ્મોમેમીટર" તથા "ન્યુમોગ્રાફ" માંથી બનાવવામાં આવ્યાં છે. એક કાગળ પર સાચા કે ખોટાનો ગ્રાફ ચામડીની પ્રતિરોધક શક્તિના આધારે દોરાઈ જાય છે. આગળ જતાં અજ્ઞાત સંસ્કારો વિશે જાણનારાં મશીનો પણ બની શકશે અને પાપની પોલ ખોલનારાં યંત્રો પણ પ્રકાશમાં આવશે. આ બધાનો સાર એ છે કે મનુષ્ય પોતાની ભાવનાઓને શુદ્ધ રાખીને જ સુખી થઈ શકે છે. તેનો એક માત્ર ઉપાય પ્રાયશ્ચિત્ત પ્રક્રિયા જ છે. પોતાની ભૂલો સ્વીકારવા અને તેમનો દંડ ભોગવવા માટે સ્વેચ્છાએ તૈયાર થયા સિવાય આપણાં સુખશાંતિ અને સદ્ગતિનો બીજો કોઈ ઉપાય નથી. તેનાથી ભાગવાનો અર્થ પોતાનું જ અહિત તથા આત્મઘાત છે, જેનું ખરાબ ફળ કોણ જાણે કેટલા જન્મો સુધી ભોગવતા રહેવું પડશે. એટલા માટે જ શાસ્ત્રોમાં પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્તનાં વિધાનોનો નિર્દેશ કરેલો છે.

**યાવંતો જંતવઃ સ્વર્ગે તાવંતો નરકૌકસઃ।**
**પાપકૃદ્યાતિ નરકં પ્રાયશ્ચિત્તપરાઙ્મુખઃ ॥**
**ગુરુણિ ગુરુભિશ્ચૈવ લઘૂનિ લઘુભિસ્તથા।**
**પ્રાયશ્ચિત્તાનિ કાલેચ મનુઃ સ્વાયમ્ભુવોઽબ્રવીત્ ॥**

- શિવપુરાણ ૫/૧૬/૨૭

જે માણસ પોતે કરેલાં દુષ્કર્મોનું શાસ્ત્રો પ્રમાણે કોઈ પ્રાયશ્ચિત્ત કરતો નથી તે પાપાત્મા નરકમાં જાય છે. સ્વયં મનુએ તથા બીજા ઋષિઓએ પણ મોટાં પાપોનાં મોટાં પ્રાયશ્ચિત્ત અને નાનાં પાપોનાં નાનાં પ્રાયશ્ચિત્ત કરવાનું જણાવ્યું છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**પશ્ચાત્તાપઃ પાપકૃતાં પાપાનં નિષ્કૃતિઃ પરા ।**
**સર્વેષાં વર્ણિતં સદ્ભિઃ સર્વપાપવિશોધનમ્ ॥**
**પશ્ચાત્તાપેનૈવ શુદ્ધિઃ પ્રાયશ્ચિત્તં કરોતિ સઃ ।**
**યથોપદિષ્ટં સદ્ભિર્હિ સર્વપાપવિશોધનમ્ ॥**
**પ્રાયશ્ચિત્તમધીકૃત્ય વિધિવન્નિર્ભયઃ પુમાન્ ।**
**ન યાતિ સુગતિં પ્રાયઃ પશ્ચાત્તાપી ન સંશયઃ ॥**

- શિવપુરાણ ૧/૩/૫

પશ્ચાત્તાપ જ પાપોની પરમ નિષ્કૃતિ છે. વિદ્વાનોએ પશ્ચાત્તાપથી બધા પ્રકારનાં પાપોની શુદ્ધિ થતી હોવાનું જણાવ્યું છે. પશ્ચાત્તાપ કરવાથી જેનાં પાપોનું શોધન ના થાય તેણે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. આનાથી જ બધાં પાપોનું શોધન થતું હોવાનું વિદ્વાનોએ કહ્યું છે. વિધિપૂર્વક અનેક પ્રકારનું પ્રાયશ્ચિત્ત કરવા છતાં પણ મનુષ્ય ભયરહિત થઈ શકતો નથી, પરંતુ પશ્ચાત્તાપ કરનારને સુગતિની પ્રાપ્તિ થાય છે.

**વિકર્મણા તપ્યમાનઃ પાપાદ્ વિપરિમુચ્યતે ।**
**ન તત્ કુર્યાં પુનરિતિ દ્વિતીયાત્ પરિમુચ્યતે ॥**

- મહાભારત વન પર્વ ૨૦૭/૫૧

જે માણસ પાપકર્મો થઈ જતાં સાચા હૃદયથી પશ્ચાત્તાપ કરે છે તે આવાં પાપોમાંથી છૂટી જાય છે અને પછી ક્યારેય આવું કર્મ નહિ કરું- એવો દૃઢ નિશ્ચય કરી લેવાથી તે ભવિષ્યમાં થનારાં બીજાં પાપોથી પણ બચી જાય છે.

પાપોનું પ્રાયશ્ચિત્ત ન કરનાર મનુષ્ય નરકમાં તો જાય છે જ, પરંતુ પછીના જન્મમાં તેના શરીરમાંથી તે પાપોનાં ચિહ્નો પણ પ્રગટ થાય છે.

પ્રાયશ્ચિત્ત ન કરવામાં આવે તો અનેક જન્મો સુધી તે પાપનાં ચિહ્નો પ્રગટ થાય છે. તેનું નિવારણ પ્રાયશ્ચિત્ત કરવાથી જ થાય છે.

મહા પાપોનાં ચિહ્નો સાત જન્મો સુધી, મધ્યમ પાપોનાં ચિહ્નો પાંચ જન્મો સુધી અને નાનાં પાપોનાં ચિહ્નો ત્રણ જન્મો સુધી રહે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## • પ્રાયશ્ચિત્ત પ્રક્રિયાનાં ચાર પગથિયાં -

પ્રાયશ્ચિત્તનાં ચાર પગથિયાં છે.

(૧) જીવનભરનાં દુષ્કર્મોની યાદી બનાવીને તેના દ્વારા બીજાઓને થયેલા નુકસાનનું સ્વરૂપ સમજવું.

(૨) દુષ્કર્મોનું ચિંતન અને આત્મવિશ્લેષણ કરવું.

(૩) તેમને ફરીથી ન કરવાનો સંકલ્પ કરવો.

(૪) જ્ઞાની માણસો સમક્ષ તેમનું પ્રગટીકરણ કરીને પ્રાયશ્ચિત્તનો સંકલ્પ કરવો એટલે કે આત્મસ્વીકૃતિ તથા સંકલ્પ કરવો.

હવે આ ચારેય પગથિયાં વિશે વધારે સ્પષ્ટરૂપે જોઈએ. પાપકર્મો એટલા માટે થાય છે અને વધતાં રહે છે કે પાપ કરનારા તેના દ્વારા થતા નુકસાન અંગે ધ્યાન આપતા નથી. તેઓ તેને બીજા લોકો દ્વારા પણ અપનાવવામાં આવેલી સામાન્ય પ્રક્રિયા જ માની લે છે અને એવા જ હળવા મનથી પાપો આચરતા રહે છે. ત્યાર પછી આદત પડી જાય છે. ધન, અધિકાર, આતંક, ઉપયોગ જેવા ઘણા લાભો મળવા લાગે છે ત્યારે તેનું આકર્ષણ ઘણું વધી જાય છે. પછીથી તે આદતો સ્વભાવનું એક અંગ બની જાય છે અને બીજા લોકો દ્વારા સમજાવવા કે ધમકાવવાથી પણ છૂટતી નથી. કુમાર્ગથી બચવાનો એક જ રસ્તો છે કે તે માર્ગ પર ચાલનારાઓ તેનાથી થતું નુકસાન જુએ અને તે દિશામાં ચાલીને અત્યાર સુધી તે પોતાનું તથા બીજાનું કેટલું અહિત કરી ચૂક્યો છે તેનું તેને ભાન થાય. સાથે સાથે આવી પ્રવૃત્તિઓ આગળ પણ ચાલુ રહેશે તો હજુ કેટલું નુકસાન થઈ શકે તેનો પણ ખ્યાલ આવે.

દુષ્કર્મો, દુષ્પ્રવૃત્તિઓ અને દુર્ભાવનાઓથી બીજાઓનું અહિત અને પોતાનું હિત થતું હોવાની વાત વિચારવામાં આવે છે, પરંતુ વસ્તુસ્થિતિ તેનાથી સાવ જુદી જ હોય છે. કુમાર્ગના કાંટાળા રસ્તે ચાલવાથી આપણા જ પગ કાંટાથી વીંધાય છે, આપણાં જ અંગો છોલાય છે અને કપડાં ફાટે છે. ઝાડીઓને પણ કંઈક તો નુકસાન થતું હશે, પણ તેનાથી શું? નુકસાનમાં તો આપણે જ રહેવું પડ્યું ને ! આપણું મગજ વિકૃત થવાથી પ્રગતિનાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રચનાત્મક કાર્યોમાં ઉપયોગી થાય તેવી શક્તિ નષ્ટ થઈ ગઈ. બિનજરૂરી કામોમાં પડવાથી આ કીમતી મશીન વિકૃત થઈ ગયું. શારીરિક અને માનસિક રોગોનું ઘોડાપૂર આવ્યું. મનઃસ્થિતિમાં ગરબડ થવાથી કાર્યો બદલાઈ ગયાં અને વિપરીત પરિસ્થિતિઓ ઊભી થઈ ગઈ. આમ આપણે દરેક રીતે આપણું અહિત કર્યું. આથી સન્માર્ગ પર ચાલવામાં, સત્પ્રવૃત્તિઓ અપનાવવામાં અને અંતઃકરણને સદ્ભાવનાઓથી ભરપૂર રાખવામાં જ બુદ્ધિમત્તા રહેલી છે.

આ પ્રકારના ચિંતનથી એવી વિરોધી પ્રતિક્રિયા પેદા થાય છે કે જેના કારણે દુષ્કર્મો પ્રત્યે અંદરથી જ ઘૃણા પેદા થાય છે, પશ્ચાત્તાપ થાય છે. આ ઘૃણા અને પસ્તાવાના આધારે જ ભવિષ્યમાં એવું ન કરવાની આશા રાખી શકાય છે. નહિતર કારણવશ પેદા થયેલો સદાચારનો ઉત્સાહ સ્મશાનવૈરાગ્યની જેમ ઠંડો પડી જશે અને ફરીથી એ જ જૂના ઢાંચામાં રગશિયું ગાડું ચાલવા લાગશે. સૌ પ્રથમ પશ્ચાત્તાપની ઉપયોગિતા એ દષ્ટિએ છે કે અંતઃકરણમાં અનાચાર વિરોધી પ્રતિક્રિયા એટલા ઉગ્ર સ્વરૂપે પેદા થાય કે ભવિષ્યમાં ફરી એવા અનાચારની કોઈ સંભાવના જ ના રહે.

બીજું પગથિયું મનની ગાંઠો ખોલવાનું છે. તેમાં બીજાને નહિ, પરંતુ એક પોતાને જ લાભ છે. અનૈતિક આચરણના કારણે મનની અંદરનાં પડોમાં ખાસ પ્રકારની મનોવૈજ્ઞાનિક ગ્રંથિઓ બની જાય છે. તેના કારણે માત્ર શારીરિક જ નહિ, પરંતુ માનસિક રોગો પણ પેદા થઈ જાય છે. આ એક પ્રકૃતિ દ્વારા નિર્મિત સ્વસંચાલિત દંડની વ્યવસ્થા છે, જેના કારણે પોતાની જાત જ ન્યાયાધીશ બનીને અનાચારનાં દુષ્પરિણામો આપતી રહે છે. આ ગ્રંથિઓ વ્યક્તિને ખૂબ ડગમગાવી દે છે. તેને વિકૃત, નકામો અને ઢંગ વગરનો બનાવી દે છે. આવી વ્યક્તિઓ વારંવાર ચિડાતી અને ખિજાતી જોવા મળે છે. હસવા-હસાવવામાં સહયોગ આપવાની કે મેળવવાની સ્થિતિ રહેતી નથી. જો આવી સ્થિતિમાંથી છુટકારો ના મળે તો અર્ધપાગલ, અધમૂઆ અને લકવાગ્રસ્ત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દર્દીની જેમ ગયુંગુજર્યું, નિંદાસ્પદ અને તિરસ્કારભર્યું જીવન વિતાવવું પડે છે. વિકસિત વ્યક્તિત્વનો લાભ જો સમજી શકીએ તો તેનું મૂલ્ય ચૂકવવાની પણ તૈયારી રાખવી જોઈએ. ખુલ્લું મન, સ્વચ્છ મન અને છળકપટ રહિત મન જ વ્યક્તિત્વને ગૌરવાન્વિત બનાવે છે.

માનસોપચારમાં દર્દીને અત્યાર સુધીના જીવનના સામાન્ય જીવનક્રમને વિસ્તારપૂર્વક જણાવવાનું કહેવામાં આવે છે. ચિકિત્સા કરનાર એ પ્રસંગોને રસથી સાંભળે છે. તેમાં એવી ઘટનાઓની પણ ચર્ચા થતી હોય છે, જેમણે અચેતન મન પર કોઈ નકારાત્મક છાપ પાડી હોય કે જેનાથી માનસિક સંતુલન ડગમગી ગયું હોય. મનમાં વાગેલા આવા કાંટા જો બહાર નીકળી જાય તો તે અર્ધપાગલ માણસ આપમેળે સાજો થવા લાગે છે અને તેનું કષ્ટ ઓછું થઈ જાય છે. શરીરમાં ઝેર પ્રવેશી જાય તો તેને કોઈ પણ ઉપાય દ્વારા બહાર કાઢવું એ જ જીવ બચાવવાનો એકમાત્ર ઉપાય છે. બિલકુલ એવી જ રીતે અનૈતિક આચરણના કારણે બનેલી ગ્રંથિઓને બહાર કાઢી નાખવાથી જ એવી મનઃસ્થિતિ પ્રાપ્ત થાય છે, જે સુવિકસિત જીવન જીવવા માટે તદ્દન અનિવાર્ય છે. આ દૃષ્ટિએ આવા માનસિક કપટને પ્રગટ કરવું ખૂબ જરૂરી છે.

અસત્યને સૌથી મોટું પાપ માનવામાં આવ્યું છે. 'રામાયણ'માં છળકપટને અધ્યાત્મમાર્ગમાં સૌથી મોટો અવરોધ અને ઈશ્વરવિરોધી કારણ માનવામાં આવ્યું છે. વ્યભિચારમાં આમ તો હત્યા, અપહરણ જેવો કોઈ અત્યાચાર નથી, પરંતુ તેમાં કપટ અપનાવવું પડે છે, તેથી એટલા માત્રથી અત્યંત નુકસાનકારક પરિસ્થિતિઓ પેદા થાય છે અને અનિષ્ટકારક પ્રતિક્રિયાઓ થવા લાગે છે. અસત્યના ઘણા વિશેષ પ્રસંગોને અપવાદરૂપે સમયની જરૂરિયાત તરીકે અપનાવવા પડે છે, પરંતુ સામાન્ય રીતે તેને એટલા માટે જ પાપ માનવામાં આવે છે કે તેમાં કપટનો ભયંકર દોષ છુપાયેલો હોય છે અને આ જ કારણે વિકૃતિઓની અયોગ્ય પરંપરા શરૂ થઈ જાય છે.

અનૈતિક કપટની જાહેરાતમાં એવો ભય પણ રહેલો હોય છે કે હલકા સ્તરના લોકો વ્યક્તિની બદનામી કરીને તથા તેને નુકસાન



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પહોંચાડીને આવી જાણકારીઓનો ગેરલાભ પણ લે છે. આથી બેશક આવા પ્રગટીકરણ માટે એવાં સત્પાત્રો જ પસંદ કરવાં જોઈએ, જેમની ઉદારતા અને દૂરદર્શિતા વિશ્વાસપાત્ર હોય. ચિકિત્સક આગળ દર્દીએ પોતાના ગુપ્તરોગ વિશેની સાચી વસ્તુ જણાવવી પડે છે. ઉદાર ચિકિત્સક તેના રોગનાં કારણોને જાહેર કરતો ફરતો નથી. તેનો દૃષ્ટિકોણ માત્ર રોગ દૂર કરવાનો જ હોય છે. એવી જ રીતે ઉદાર તથા યોગ્ય માર્ગદર્શન આપી શકવામાં સમર્થ વ્યક્તિઓ આગળ જ આપણા મનની ખાનગી બાબતો રજૂ કરવી જોઈએ. ગમે તેની સામે આ વિશેનું વર્ણન કરતા ફરવાથી નવી ઝંઝટ પેદા થવાની શક્યતા રહે છે. આથી વિશ્વસનીય અને સુયોગ્ય ચિકિત્સકની આગળ જ ગુપ્ત વાતોને જાહેર કરવી જોઈએ.

ખ્રિસ્તી ધર્મમાં પ્રવેશ કરનારે 'બેપ્ટિસ્મા' લેવી પડે છે. આ સંસ્કાર સમયે માણસે અત્યાર સુધીનાં પોતાનાં તમામ પાપો પાદરી સમક્ષ એકાંતમાં કહેવાં પડે છે. આ ધર્મમાં મૃત્યુ સમયે પણ આવું જ કરવાની ધાર્મિક પરંપરા છે. મરણપથારીએ પડેલી વ્યક્તિ પાસે પાદરી આવે છે. તે સમયે બીજા બધા જ લોકો ત્યાંથી ચાલ્યા જાય છે. માત્ર પાદરી અને દર્દી જ ત્યાં રહે છે. તે વ્યક્તિ પાદરી સમક્ષ પોતાનાં પાપો જાહેર કરે છે અને આવી રીતે મન પર ચઢેલો ભાર હળવો થઈ જાય છે. પાદરી શાંતિ તથા સદ્‌ગતિની પ્રાર્થના કરે છે અને દર્દીને આશ્વાસન આપીને મહાપ્રયાણ માટે વિદાય કરે છે. બેપ્ટિસ્મા અને મૃત્યુ સમયની આ સ્વીકારોક્તિ 'કન્ફેશન'ને ખૂબ જ પવિત્ર અને જરૂરી માનવામાં આવે છે. મનઃશાસ્ત્ર પ્રમાણે આ પ્રથાને ખૂબ જ શ્રેયસ્કર ગણાવવામાં આવી છે.

પ્રાયશ્ચિત્તમાં પ્રગટીકરણને ખૂબ જ મહત્ત્વપૂર્ણ અંગ માનવામાં આવ્યું છે. છુપાવી રાખવામાં આવેલાં અનૈતિક કૃત્યોને ક્યારેય કોઈની સામે જાહેર કરવામાં ન આવે તો મનઃક્ષેત્રમાં આધ્યાત્મિક સદ્‌ગુણોનો વિકાસ થઈ શકતો નથી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રાયશ્ચિત્તનું ત્રીજું પગથિયું છે- દંડ સ્વરૂપે પોતાની ઉપર એવું દબાણ નાખવું, જેની સ્મૃતિ લાંબા સમય સુધી જળવાઈ રહે અને તે પરિવર્તનની છાપને અંતઃચેતના ઊંડે સુધી ધારણ કરી લે. બાળકો ક્યારેક વધારે ધમાલ કરે ત્યારે તેમનાં માતાપિતા હળવી થપ્પડ મારી દે છે અથવા તો બીજી રીતે ધમકાવે છે. તેનાથી બાળકો પર સામાન્ય રીતે સમજાવવા કરતાં વધારે ઊંડી અસર પડે છે અને તે સમજી જાય છે કે આવી રીતે ધમાલ કરવાથી માતાપિતા કેટલાં નારાજ થઈ જાય છે. આ દૃષ્ટિએ આવી રીતે ધમકાવવું એ થોડુંક કષ્ટદાયક હોવા છતાં પરિણામની દૃષ્ટિએ શ્રેયસ્કર હોય છે. તેનાથી ફરીથી ધમાલ મચાવવાની શક્યતા ઘટી જાય છે.

શાળામાં પણ બાળકોને પૈસાનો દંડ, પાટલી પર ઊભા રાખવા, પરીક્ષામાં બેસવા ન દેવા વગેરે પ્રકારની સજા કરવામાં આવે છે, જેથી તેમની અયોગ્ય પ્રવૃત્તિઓને અટકાવી શકાય. જેલમાં જે કેદીઓ ગરબડ કરે છે તેમને બેડી, ઊભી હાથકડી, આકરો પરિશ્રમ, વિરામના સમયમાં કાપ મૂકી દેવો વગેરે અનેક જાતની સામયિક શિક્ષાઓ ફટકારવામાં આવે છે. તેનો ઉદ્દેશ્ય માત્ર એટલો જ હોય છે કે જેલની વ્યવસ્થા તોડવાથી અધિકારી વર્ગ નારાજ થાય છે અને દંડ આપે છે એવી કેદીના મન પર છાપ પડે અને ભવિષ્યમાં ફરીથી એવી ભૂલ કરતાં ડરે પ્રાયશ્ચિત્ત રૂપે પોતાની જાતને દંડ આપવામાં આવી પદ્ધતિ તપતિતિક્ષાના નામથી તૈયાર કરવામાં આવેલી છે.

વ્રત-ઉપવાસમાં ઘણાં બધાં વિધિવિધાનો છે. ચાંદ્રાયણ, કૃચ્છ ચાંદ્રાયણ વગેરેનો ખાસ ઉલ્લેખ છે અને બીજાં પણ ઘણાંબધાં હલકાં-ભારે વ્રત-ઉપવાસ, અસ્વાદ ભોજન, એક ટંક જમવું વગેરે વિધિ-વ્યવસ્થાઓ જોવા મળે છે. પગપાળા તીર્થયાત્રા તથા પરિક્રમા એવી જ રીત છે. ફોજમાં પણ ગુનેગાર સૈનિકને દોડવાની સજા કરવામાં આવે છે. ઠંડીગરમી સહન કરવી, ઓછાં વસ્ત્રો પહેરવાં, ખુલ્લા પગે ચાલવું, ભૂમિશયન, મૌનધારણ, રાત્રીજાગરણ, ઊભા રહેવું વગેરે અનેક વિધાનોનો શાસ્ત્રોમાં ઉલ્લેખ જોવા મળે છે. આ સંદર્ભમાં જપ,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનુષ્ઠાન, પાઠ વગેરે પણ કરાવવામાં આવે છે. આ બધામાં થોડીઘણી શારીરિક અને માનસિક તકલીફો સહન કરવી પડે છે. તેનાથી અનીતિ આચરવાનાં દુષ્પરિણામો અને તેને છોડી દેવા માટે કરવામાં આવેલા સંકલ્પોનું ધ્યાન ભવિષ્યમાં પણ જળવાઈ રહે છે. અંતઃચેતના પર પરિવર્તનની છાપ પાડવા માટેનો આ સારો ઉપાય છે. આથી આ ત્રીજા પગથિયાને પ્રાયશ્ચિત્ત વિધાનમાં યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે.

ચોથું પગથિયું સૌથી મહત્ત્વપૂર્ણ અને અનિવાર્ય છે. પહેલાં ત્રણ ચરણને તેની ભૂમિકા માની શકાય. સાચી અને પ્રભાવશાળી વાત છે- ક્ષતિપૂર્તિ. જે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે તેની પૂર્તિ થવી જોઈએ. જો રસ્તા પર ખાડો ખોદી બીજાઓને તેમાં પાડવાનું કષ્ટદાયક આચરણ કરવામાં આવ્યું હોય તો તેની ક્ષતિપૂર્તિ માટે જેટલો શ્રમ ખાડો ખોદવા માટે કરવામાં આવ્યો હતો તેટલો જ શ્રમ તેને પૂરવા માટે કરવામાં આવે. ખાડો પૂરી દેવામાં આવે તો જ આવા અનર્થકારી આચરણથી થયેલા નુકસાનની ભરપાઈ થઈ શકે. ઘાતક કૃત્ય જેટલું વિધેયાત્મક કાર્ય કરવાથી જ સંતુલન સધાય છે અને ક્ષતિપૂર્તિ થઈ શકે છે. પાપોના વજન જેટલું પુણ્ય કરવાથી જ બંને ત્રાજવાં બરાબર થાય છે.

આપણી ભાવી રીતિનીતિ સજ્જનતાયુક્ત હોવી જોઈએ. આ દિવસોમાં મનઃક્ષેત્રમાં જે દોષદુર્ગુણો ભરેલા હોય તેમને ભવિષ્યમાં ચરિતાર્થ ન થવા દેવાનો નિશ્ચય કરવો જોઈએ. સજ્જનતા દરેક દૃષ્ટિએ લાભકારી નીતિ છે. જો અનીતિ સામે લડવું પડે તો બહાદુરીથી તે ધર્મયુદ્ધમાં ઊતરવું જોઈએ, પરંતુ તે મોરચા પર પણ શાલીનતા ગુમાવવી ન જોઈએ. દ્વેષના સ્થાને સુધારણાનું લક્ષ્ય રાખીને કુમાર્ગગામીઓ સામે લડી શકાય છે. તેમાં અનીતિનો સામનો પણ થઈ જશે અને દ્વેષની જ્વાળાથી પોતાની જાતને બાળવાની, પ્રતિપક્ષી કરતાં પોતાને જ વધારે નુકસાન પહોંચાડવાની વિપત્તિ પોતાના માથે આવી નહિ શકે. જો આત્મરક્ષણની જરૂરિયાત જણાય તો સૌથી પહેલાં પોતાની અંદર ઘૂસી ગયેલા દુર્ભાવો અને વ્યવહારમાં થતાં દુષ્કર્મોથી પીછો છોડાવવો જોઈએ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સરકારી ખજાનાનો કોઈ ખજાનચી પૈસા લઈને ભાગી જાય અને પાછળથી તે પોતાની ભૂલ સ્વીકારી લે તેમ જ પ્રાયશ્ચિત્ત કરવા માગે તો તેણે પહેલું કામ એ કરવું પડશે કે જે રકમ ચોરી હતી તેમાંથી જે કંઈ બચ્યું હોય તેને તાત્કાલિક પાછું જમા કરાવી દેવું અને બાકીની રકમ હપ્તેથી ધીરેધીરે ચૂકવી દેવાની ખાતરી આપવામાં આવે તો સમાધાન થવાની, કોર્ટમાં કેસ ન કરવાની અને જેલની સજા ન ભોગવવાની સંભાવના રહે છે. જે રકમ ચાઉ કરી જવામાં આવી છે તેને હજમ કરી દેવામાં આવે અને આવાં વ્રત-ઉપવાસ કરીને, ક્ષમાયાચના કરીને દંડમાંથી છૂટી જવાય તેવું બની જ ના શકે.

પ્રાયશ્ચિત્તની સાથે દાનપુણ્યનું વિધાન પણ જોડાયેલું છે. તેમાં ધનદાન અને શ્રમદાન બંનેની વ્યવસ્થા છે. ક્ષતિપૂર્તિ એ જ રૂપમાં થઈ શકે છે. શ્રમ અને ધન વાસ્તવમાં એક જ સિક્કાની બે બાજુઓ છે. ક્ષતિપૂર્તિ માટે એક અથવા બંનેનો પ્રયોગ કરી શકાય છે. નુકસાન જો શારીરિક કે માનસિક રીતે કરવામાં આવ્યું હોય તો જરૂરી નથી કે તે રૂપમાં જ તેને પૂરું કરવામાં આવે. ધન સ્વરૂપે પણ તેને ચૂકવી શકાય છે. કારખાનાંમાં અકસ્માતથી કોઈનો હાથપગ કપાઈ જાય તો તેની ક્ષતિપૂર્તિ વળતર રૂપે પૈસા આપીને કરવામાં આવે છે. માનહાનિના ખટલાઓમાં બદલામાં માનહાનિ કરાવવામાં આવતી નથી, પરંતુ ગુનેગાર પાસેથી પૈસા અપાવીને તેની ક્ષતિપૂર્તિ કરવાનું કહેવામાં આવે છે.

જો દંડની રકમ ચૂકવી શકાય તેમ ન હોય તો શ્રમ દ્વારા તેની પૂર્તિ થઈ શકે છે. જામીન ન આપી શકનાર ગુનેગારે અમુક વધારે સમય સુધી જેલમાં રહીને સમાજની ક્ષતિપૂર્તિ કરવી પડે છે. ગુનો ભલે કોઈ વિશેષ વ્યક્તિ કે સંસ્થા સાથે કરવામાં આવ્યો હોય, પરંતુ સરકાર તેનો દંડ વસૂલ કરે છે. એનું કારણ સ્પષ્ટ છે. સરકાર સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. વ્યક્તિ સાથે થયેલો ગુનો એક રીતે સમાજ સાથે કરવામાં આવેલો અનાચાર જ છે. આથી સમાજને અધિકાર છે કે તે પોતાના કોઈ ઘટક સાથે કરવામાં આવેલી અનીતિનો બદલો લે અને શાસનતંત્રના માધ્યમથી તેનો દંડ વસૂલ કરે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જે વ્યક્તિને જેવી રીતનું નુકસાન થયું હોય તેની પૂર્તિ તે જ સ્વરૂપમાં થાય એવું જરૂરી નથી. ઘણી વાર એવું શક્ય પણ હોતું નથી. યૌન સદાચારનો ભંગ કરવામાં આવે તો તેની ક્ષતિપૂર્તિ બિલકુલ એવા જ સ્વરૂપમાં થવી શક્ય હોતી નથી. જે વ્યક્તિ મરી ગઈ હોય અથવા તો કોઈ અજાણ્યા સ્થળે ચાલી ગઈ હોય તેને તે જ સ્વરૂપમાં બદલો કેવી રીતે ચૂકવી શકાય ? અત્રે એવું માનીને ચાલવું પડે છે કે આખો સમાજ એક છે. વ્યક્તિ તેનો જ એક ઘટક છે. શરીરના એક અંગ સાથે કરવામાં આવેલો દુર્વ્યવહાર આખા શરીરને કષ્ટ પહોંચાડે છે. ગાલ પર થપ્પડ મારવાથી માત્ર ગાલને જ કષ્ટ થતું નથી, આખી વ્યક્તિનું અપમાન થાય છે. બિલકુલ એવી જ રીતે વ્યક્તિવિશેષ સાથે કરવામાં આવેલા દુર્વ્યવહારને આખા સમાજનું નુકસાન માની શકાય અને તેનો બદલો સેવાના સ્વરૂપે ચૂકવી શકાય છે. ફેલાવવામાં આવેલી દુષ્પ્રવૃત્તિઓની ભરપાઈ કરવા માટે એટલા જ પ્રમાણમાં સત્પ્રવૃત્તિઓ તથા લોકમંગળનાં કાર્યો કરવામાં આવે એ જરૂરી છે. આ માટે ધન અને શ્રમનો વધુ ને વધુ ઉપયોગ કરવો જોઈએ. જો નુકસાન પહોંચાડવાના બદલામાં તેનાથી વધારે પ્રમાણમાં સેવાકાર્યો કરવામાં આવે તો તેમાં પણ લાભ જ છે. પુણ્યનું વધેલું પ્રમાણ પોતાના માટે ઉજ્જવળ ભવિષ્યનો આધાર બનશે. ચિંતા તો ત્યારે થવી જોઈએ કે જ્યારે પાપની સરખામણીમાં પુણ્ય ઓછા પ્રમાણમાં થયું હોય.

અહીં એવું વિચારવું ન જોઈએ કે પાપો તો ખૂબ ભારે છે અને તેમના બદલામાં એટલું પુણ્ય થઈ શકે તેમ નથી. આથી થોડુંક પુણ્ય કરવાથી શો ફાયદો ? એના કરતાં બિલકુલ ન કરવું વધુ સારું. આપણે એવું વિચારવું જોઈએ કે જેટલું ચૂકવાય તેટલું ચૂકવવા માટે ઈમાનદારી અને પૂરી શક્તિથી પ્રયત્ન કરવો જોઈએ. જો ખરેખર મજબૂરી હોય તો પરમાત્મા પરિસ્થિતિઓને સમજે છે. તેઓ ભાવનાને અનુરૂપ નિર્વાહ પણ કરી શકે છે. ઋણ આપનારાઓ દેવાળિયા પાસેથી એક અંશ લઈને બાકીની રકમ માંડવાળ કરીને તેનો છુટકારો કરી દે છે. બેન્કો પણ પોતાની મૂડી સાવ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ડૂબતી જોઈને લેણદાર સાથે સમાધાન કરે છે અને થોડુંઘણું લઈને પતાવટ કરી દે છે. શાહુકારો જ્યારે જુએ કે આસામી પાસે કશું જ નથી ત્યારે તે જેટલું આપી શકે તેટલું લઈને છુટકારો લખી દેતા હતા, જેથી ભવિષ્યમાં ફરી લેણદેણ શરૂ થઈ શકે. આવી જ વ્યવસ્થા ભગવાનને ત્યાં અને સમાજના વિધાનમાં પણ છે. જો પ્રાયશ્ચિત્ત માટે સાચી વ્યાકુળતા હોય અને ઈમાનદારીપૂર્વક પ્રયાસ કરવામાં આવ્યો હોય તો તે સદ્ભાવનાની યથાર્થતા સમજીને વિધિવિધાનમાં એટલી છૂટછાટ રાખવામાં આવી છે કે તેટલાથી કરેલાં પાપકૃત્યોનું સમાધાન થઈ શકે અને અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર થઈ શકે. તે જ પ્રાયશ્ચિત્ત વિધાનનો મૂળ ઉદ્દેશ્ય છે.

★



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અભિવર્ધન પહેલાં પરિશોધન જરૂરી

અભિવર્ધન પહેલાં પરિશોધનની જરૂરિયાત સામાન્ય જીવનમાં સર્વત્ર સમજવામાં આવે છે, પરંતુ આત્મિક પ્રગતિની જ્યારે વાત આવે છે ત્યારે તો તે બાજુથી મોઢું જ ફેરવી લેવામાં આવે છે. આ ઉપેક્ષાનું એક જ કારણ છે કે પ્રગતિ માટે કરવામાં આવેલા પ્રયાસો મોટેભાગે નિરર્થક નીવડે છે અને એવી ફરિયાદ રહે છે કે આત્મિક ક્ષેત્રની સફળતા માટે જે ઉપાયો જણાવવામાં આવ્યા છે તે સારગર્ભિત નથી. મોટાભાગના સાધકોને આવી જ સ્થિતિમાં ફસાયેલા અને નિરાશાથી ખિન્ન મનઃસ્થિતિ તરફ જતા જોઈ શકાય છે. આરંભિક ઉત્સાહને લાંબા સમય સુધી સ્થિર રાખી શકનારા કોઈક જ વિરલાઓ હોય છે. તેમાં અધીરાઈ તો એક મુખ્ય કારણ છે જ, પરંતુ એ મુશ્કેલીની પણ ઉપેક્ષા થઈ શકે તેમ નથી, જેના કારણે સાધનાનો પોતાનો કોઈ પ્રભાવ જણાતો નથી અને આશાનાં ફૂલો અકાળે જ કરમાઈ જાય છે.

હકીકતોને શોધવાથી એક ભયંકર ભૂલ સમજાય છે કે અભિવર્ધન પહેલાં પરિશોધનના સિદ્ધાંતની ઉપેક્ષા કરવામાં આવે છે. સરળતાપૂર્વક જલદી લાભ મેળવવાના લોભમાં એવી આતુરતા દાખવવામાં આવે છે કે તેના અતિઉત્સાહમાં પરિશોધનની પ્રક્રિયા પૂરી કરવા માટે વિચારવાનું શક્ય બનતું નથી. પરિણામે એકાંગી પ્રયાસો અધૂરા રહે છે. સફળતા માટે તો સમગ્ર પ્રયાસ જોઈએ. અધકચરી પ્રક્રિયા દરેક કાર્યમાં નિષ્ફળતા જ અપાવે છે તો પછી આત્મિક ક્ષેત્ર પણ તેમાં અપવાદરૂપ કેવી રીતે રહી શકે ? સાધનાની નિષ્ફળતાનું મુખ્ય કારણ આ અધૂરપ જ હોય છે, જેમાં પરિશોધન જેવી પ્રાથમિક જરૂરિયાતોને પૂરી કર્યા વગર જ આગળની છલાંગ મારવામાં આવે છે.

દુષ્કર્મોના કારણે ચિત્ત પર જામેલા કુસંસ્કારો આત્મિક પ્રગતિના માર્ગમાં સૌથી મોટો અવરોધ છે. તેમને હઠાવવાને પરિશોધન કહે છે. ઉપાસનાનું મહત્ત્વ ખેતી કરવા કે બગીચો બનાવવા જેવું છે. તેના માટે બીજ વાવતાં પહેલાં ભૂમિશોધનની જરૂર પડે છે. જમીનને સારી રીતે ખેડવી, તેમાંથી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કાંટા તથા પથ્થરો દૂર કરવા, ઘાસ દૂર કરવું, ભેજ જાળવી રાખવો, ખાતર આપવું વગેરે અનેક કામો કરીને જમીનને વાવણીલાયક બનાવવામાં આવે છે. વાવવામાં આવેલાં બીજને અંકુરિત થવાની અને ફળવાફૂલવાની સ્થિતિ સુધી લઈ જવા માટે યોગ્ય ભૂમિની જરૂર પડે છે. જો આટલું કરવાના બદલે જલદીથી પાક લણી લેવાના લોભમાં ભૂમિસાધનાના શ્રમને નકામો સમજવામાં આવે તો તે એક એવી મોટી ભૂલ ગણાશે, જેમાં શરૂઆતમાં તો મહેનત બચાવવાનું ડહાપણ લાગતું હતું, પરંતુ અંતે તો બિયારણ પણ ગુમાવી બેસવાની નિરાશા હાથ લાગે છે.

આત્મિક પ્રગતિની સાધનાનો પૂર્વાર્ધ છે આત્મશોધન અને ઉત્તરાર્ધ છે આત્મવિકાસ. ઉપાસના આત્મવિકાસનું પ્રયોજન પૂરું કરે છે. તેના માટે યોગાભ્યાસ કક્ષાનાં અનેક વિધિવિધાનોનું પ્રચલન છે. પોતાની રુચિ, જરૂરિયાત અને પરંપરા અનુસાર તેમાંથી સાધક પોતાની પસંદગી કરે છે અને પ્રગતિ કરે છે. આ ઉત્તરાર્ધ છે. અત્રે એ ભૂલવું ન જોઈએ કે ઉત્તરાર્ધથી લાભ મેળવવાના નવા આધારો અને દૃશ્યો સામે આવે છે અને કંઈક મેળવવાની આશા તો બંધાય છે, પરંતુ પૂર્વાર્ધની ઉપેક્ષા કરીને મારવામાં આવતી આ છલાંગ મોટેભાગે નિષ્ફળ જતી જોવા મળે છે. સાવ નિષ્ફળ ના જાય તો પણ તેનું પરિણામ એટલું બધું ઓછું હોય છે કે તે સાધકને ઉદાસ કરી દે છે.

ખરેખર તો વિકાસના પ્રયાસો અપનાવવાની સાથે સાથે પરિશોધનનું પણ ધ્યાન રાખવું જોઈએ. તેને તપસાધના કહે છે. તેના હલકા, ભારે એમ અનેક પ્રકારો છે. તેને અપનાવવાથી મનોભૂમિની કુસંસ્કારિતા દૂર થાય છે અને ફળદ્રુપતા પેદા થાય છે. આ જ ભૂમિશોધન છે, જેમાં અંકુર ઉગાડવા જેવાં ઉત્સાહવર્ધક દૃશ્યો તો સામે આવતાં નથી, પરંતુ દૂરદર્શિતાની મદદથી નજીકના ભવિષ્યમાં ઇચ્છિત સફળતા મળવાનું આશ્વાસન જરૂર મળે છે. આથી સાધનાની સનાતન પરંપરામાં આત્મશોધનની તપશ્ચર્યાની યોગસાધનાઓ જેટલી જ જરૂરિયાત અને મહત્તા જણાવવામાં આવી છે. જમીનનું ખેડાણ, નિંદામણ એ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અદૂરદર્શિતાભર્યું અને નકામું જણાય છે અને બીજને અંકુરિત કરવું અથવા રોપ લગાવવા એ લાભકારક જણાય છે, તેમ છતાં હકીકત તો હકીકત જ રહે છે. પરિશોધનની ઉપેક્ષા કરીને માત્ર ઉપાર્જન મેળવવાની ઉતાવળ અંતે નિરાશાજનક જ સાબિત થાય છે.

ઉપાસનાનાં વિધાનોનું પ્રચલન આજકાલ ખૂબ તેજીમાં છે. આવી વિધિઓ બતાવનારા ગુરુઓનું જાણે ઘોડાપૂર આવ્યું છે, જેઓ ઘણી સરળ પૂજાપ્રક્રિયા બતાવીને લાંબાપહોળા લાભો મળવાનું આશ્વાસન આપીને પહેલી જ વારમાં અનેક લોકોને આકર્ષિત કરી લે છે. તેની શરૂઆત કરી દેનારા લોકોની પણ કોઈ કમી રહેતી નથી કારણ કે તે વિધિવિધાનો ખૂબ જ સરળ હોય છે. એટલાં બધાં સરળ કે જેનાથી શારીરિક, માનસિક કે બીજું કોઈ પણ જાતનું દબાણ આવતું નથી. અમસ્તાં જ બાળરમતો જેવાં પૂજાપાઠ કરી દેવાં એ માત્ર ચપટી વગાડવા જેવો ખેલ જણાય છે. માત્ર આટલું જ કરીને દેવતાને પ્રસન્ન કરીને તેમની પાસેથી જાતજાતનાં વરદાનો મેળવવાનો લાભ જો મળતો હોય તો તેને કોણ જતો કરે? લોટરી લાગવાના લાભની કલ્પના કરીને જ્યારે એક રૂપિયાની ટિકિટ ખરીદનારને લાખો રૂપિયા મળી શકતા હોય તો અત્યંત સરળ પૂજાપાઠની મદદથી ભરપૂર લાભ મેળવવાનો લોભ કોણ જતો કરી શકે? તેમણે બતાવેલી વિધિ અપનાવનારાઓને તેનાં ચમત્કારી પરિણામો મળ્યાં છે તેવું કહેનારાઓની કમી હોતી નથી, પરંતુ જણાવેલા લાભો ન મળતાં બાકીનાઓને જે નિરાશા થાય છે તે અંતે અનાસ્થામાં બદલાઈ જાય છે. આવી સ્થિતિમાં સસ્તાપણાની લાલચ એ વિધિ બતાવનારાઓ માટે, ઉપાસનાપદ્ધતિ માટે અને લોકમાન્યતાઓ માટે લાંબેગાળે નુકસાનકારક સાબિત થાય છે.

સાચો માર્ગ એ છે કે સાધનાવિજ્ઞાનને સાચી રીતે અપનાવવામાં આવે. યોગ્ય કિંમત ચૂકવીને જ મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓ મેળવી શકવાના સિદ્ધાંત પર અટલ વિશ્વાસ રાખવામાં આવે. ઉપાસનાત્મક પ્રક્રિયા અપનાવતાં પહેલાં આત્મશોધનની મહત્તા અને આવશ્યકતા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમજવી જોઈએ. પ્રગતિના પ્રયાસોમાં તે અનિવાર્ય છે. યોગ અને તપ બંને એકબીજાનાં પૂરક છે. તેને ધોવાની અને રંગવાની ઉપમા આપી શકાય. તપને ધોવું અને યોગને રંગવું કહી શકાય. મેલાંઘેલાં અને ગંદકીથી ભરેલાં કપડાં પર કોઈ રંગ ચઢી શકતો નથી અને રંગના પૈસા અને રંગવાની મહેનત નકામી જાય છે. એવી જ રીતે સાધનામાર્ગ પર ચાલતાં આત્મિક પ્રગતિની સાથે જોડાયેલી અત્યંત મહત્ત્વપૂર્ણ સફળતાઓ, જેમને સિદ્ધિઓ અને વિભૂતિઓના નામથી ઓળખવામાં આવે છે તે ત્યારે જ મેળવી શકાય છે, જ્યારે આત્મશોધન અને આત્મવિકાસની બંને પ્રક્રિયાઓ સમાંતર રીતે ચાલતી રહે.

ઉપાસનાને યોગપક્ષ કહે છે. તેની વિધિવ્યવસ્થામાં જપ, ધ્યાન, પ્રાણાયામ, મુદ્રા, બંધ, પ્રત્યાહાર, સમાધિ વગેરે પ્રૌઢ સ્તરના અને પૂજાપાઠ, સ્નાન, દેવદર્શન, કથાકીર્તન જેવા બાળસ્તરના અનેક ઉપચારોનો સમાવેશ થાય છે. આત્માને પરમાત્મા સાથે જોડનારી, ક્ષુદ્રતાને મહાનતા સાથે જોડનારી, વ્યવહારમાં આદર્શોનો સમાવેશ કરી દેનારી અને જીવાત્માને પરમાત્મા બનાવી દેનારી આ સમસ્ત પ્રવૃત્તિઓને યોગ કહેવામાં આવે છે. યોગનો અર્થ થાય છે - જોડવું. યોગસાધનાને, ઉપાસના પ્રક્રિયાને આત્મિક પ્રગતિનો ઉત્તરાર્ધ કહે છે.

પરિશોધનને તપશ્ચર્યા કહે છે. આ પ્રકરણમાં આપણી અયોગ્ય આદતો અને માન્યતાઓને બદલવા માટે અંતઃકરણમાં જામેલા કુસંસ્કારો સામે સંઘર્ષ કરવો પડે છે અને આદર્શોના પાલન માટે હસતાં હસતાં કષ્ટ સહન કરવું પડે છે. આવા સ્તરની હળવી કે ભારે ક્રિયાઓને તપશ્ચર્યા કહે છે. વ્રત-ઉપવાસ, બ્રહ્મચર્ય, મૌન, સુવિધાઓનો ત્યાગ, કરકસર અને સાદાઈ અપનાવવાં, સત્કાર્યો માટે શ્રમદાન તથા અંશદાન વગેરે આ વર્ગમાં આવે છે. પરમાર્થ માટે કરવામાં આવેલા બધા જ પુણ્યપ્રયાસો આ શ્રેણીમાં આવે છે. સાધનાની પ્રૌઢતામાં બંને વર્ગોનો સમાવેશ થાય તે જરૂરી છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ધર્મશાસ્ત્રોમાં પાપનિવૃત્તિ અને પુણ્યપ્રવૃત્તિના બંને ઉદ્દેશ્યોને પૂરા કરવા માટે ચાંદ્રાયણ તપને ઉપયુક્ત સાધના ગણાવવામાં આવે છે. આ પુણ્ય પ્રક્રિયાના મુખ્ય પાંચ વિભાગો છે. (૧) એક મહિના સુધી આહારની ક્રમશઃ વધઘટવાળા ઉપવાસ. (૨) ગુપ્ત પાપોનું પ્રગટીકરણ. (૩) આંતરિક પરિવર્તન કરી શકે તેવા વાતાવરણમાં નિવાસ અને અનુશાસનનું પાલન. (૪) અંતઃકરણને શુદ્ધ કરે તેવી યોગાભ્યાસયુક્ત તપસાધના. (૫) દુષ્કર્મોની ક્ષતિપૂર્તિ અને પુણ્ય વધારવાની પરમાર્થપરાયણતા. તેમને પૂરાં કરવાથી ચાંદ્રાયણ તપ પૂરું થાય છે. માત્ર એક મહિનાના ઉપવાસ કરવા એ જ ચાંદ્રાયણ તપ નથી.

એક મહિનાની નિર્ધારિત બ્રહ્મવર્ચસ સાધનાના ક્રમમાં નીચે પ્રમાણે પાંચ બાબતોનો સમન્વય થાય છે :

(૧) પૂનમથી પૂનમ સુધી એક મહિનાના ઉપવાસ હોય છે. પૂનમના દિવસે પૂર્ણ આહાર કરીને કૃષ્ણપક્ષમાં રોજેરોજ તેનો એક ભાગ ઘટાડતા જવાનું અને પછી શુકલ પક્ષમાં ધીરેધીરે વધારતા જવાનું હોય છે. અભ્યાસ ન હોય તેવા લોકોને 'શિશુ ચાંદ્રાયણ,' જ્યારે મનસ્વી લોકોને 'યતિ ચાંદ્રાયણ' કરાવવામાં આવે છે. સ્વાસ્થ્ય સુધારવા માટે આ શારીરિક કાયાકલ્પ જેવો પ્રયોગ છે. તેનાથી રોગનું મૂળ દૂર થાય છે. પરમ સાત્ત્વિક હવિષ્યાન્નની રોટલી જ પેટમાં જવાથી વિચારો શુદ્ધ થાય છે અને સદ્‌ભાવ વધે છે. પંચગવ્યનું સેવન, ગૌમૂત્રથી સંસ્કારિત હવિષ્યાન્નનો આહાર વગેરેના માધ્યમથી ગૌસંપર્ક પણ સધાય છે. તરસ છિપાવવા માટે માત્ર ગંગાજળ પર જ નિર્ભર રહેવામાં આવે છે.

(૨) સાધનાના માર્ગદર્શક સમક્ષ ગુપ્ત પાપોનું પ્રગટીકરણ કરીને ચિત્ત પર જામેલી કપટની જટિલ ગ્રંથિઓને ખોલવામાં આવે છે. માનસિક રોગોના નિરાકરણ માટેનો આ ખૂબ જ ઉત્તમ ઉપચાર છે. જે પાપો આચરવામાં આવ્યાં છે તેમના પરિમાર્જન માટે શું કરવામાં આવે તે વિશેનું માર્ગદર્શન પ્રાપ્ત કરવું એ પણ આ પ્રગટીકરણનો જ એક ભાગ છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શીર્ષ સંસ્કાર આ જ ઉદ્દેશ્યથી કરાવવામાં આવે છે. આખું મુંડન તો કરાવવામાં આવતું નથી,. પરંતુ વાળ થોડાક નાના જરૂર કરાવવામાં આવે છે, જેનું તાત્પર્ય છે - સંચિત દુષ્ટ વિચારોનો ત્યાગ. બાળકોના મુંડન સંસ્કાર પણ જન્મજન્માંતરોની પશુપ્રવૃત્તિને મગજમાંથી દૂર કરવાના ઉદ્દેશ્યથી કરાવવામાં આવે છે. વાળ ટૂંકા કરાવવા ઉપરાંત ગોમૂત્ર, ગોમય વગેરે દ્વારા મંત્રવિધાન સહિત શીર્ષ સંસ્કાર કરાવવામાં આવે છે. સાધક અનુભવ કરે છે કે આ ધર્મકાર્યની સાથે સાથે તેના મનમાં અત્યંત મહત્ત્વપૂર્ણ પરિવર્તન થઈ રહ્યું છે.

(૩) વાતાવરણનો માનવી પર સૌથી વધારે પ્રભાવ પડે છે. વ્યક્તિત્વ પરિવર્તન માટે વાતાવરણના પરિવર્તનને જરૂરી માનવામાં આવ્યું છે. બ્રહ્મવર્ચસ આરણ્યકમાં આવી જ યોગ્ય સુવિધા ઉપલબ્ધ છે પરિમાર્જન, સંરક્ષણ અને અભિવર્ધનના ત્રણેય ઉદ્દેશ્યો પૂરા કરનારી આ ત્રિવેણી અત્રે વિદ્યમાન છે. દિનચર્યામાં સ્વાધ્યાય, સત્સંગ, મનન તથા ચિંતનનાં ચારે તત્ત્વો ગુંથાયેલાં છે. શારીરિક અને માનસિક સંયમની આકરી વિધિવ્યવસ્થાનું પાલન કરવું પડે છે. પ્રવચન અને માર્ગદર્શનનો દૈનિક લાભ મળે છે. દિનચર્યા એટલી બધી અનુશાસિત અને વ્યવસ્થિત રહે છે કે તે માળખામાં ટેવાઈ જનાર ભવિષ્યમાં પોતાની જાતને સર્વતોમુખી પ્રગતિમાં મદદરૂપ માળખામાં ઢાળી દે છે. વાતાવરણનો પ્રભાવ નવીન પરિવર્તનના રૂપમાં સતત અનુભવાય છે.

(૪) અંતઃકરણમાં દૈવી સંસ્કારોનાં મૂળિયાં ઊંડાં ઉતારવા માટે ચાંદ્રાયણની સાથેસાથે યોગાભ્યાસ અને તપસાધના પણ કરવાં પડે છે. સવા લક્ષ ગાયત્રી પુરશ્ચરણ અનિવાર્ય રીતે કરવું પડે છે. ગાયત્રી યજ્ઞમાં રોજેરોજ સામેલ થવું જરૂરી છે. આ ઉપરાંત ઉચ્ચસ્તરીય પંચકોશી સાધના માટે પાંચ યોગાભ્યાસો કરવા પડે છે. જપ અને ધ્યાન ઉપરાંત ત્રાટક, સૂર્યવેધન પ્રાણાયામ, ખેચરી મુદ્રા, સોઽહમ્ સાધના અને શક્તિચાલિની મુદ્રા રોજેરોજ કરવી પડે છે. આ સાધનાઓથી ચેતનાક્ષેત્રના પાંચ પ્રાણ અને શરીરનાં પાંચ તત્ત્વોની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શુદ્ધિ થવાની સાથે સાથે જીવનમાં નવીન પ્રાણસંચાર થાય છે. શાસ્ત્રોમાં તેને પંચીકરણ યોગાભ્યાસ તથા પંચાગ્નિ તપશ્ચર્યા કહે છે. સર્વસાધારણ લોકોથી થઈ શકે તેટલું જ દબાણ આ એક મહિનાના સાધનાક્રમમાં આપવામાં આવે છે. ગાયત્રીની પંચમુખી સાધનામાં પંચકોશોનું અનાવરણ તથા ગ્રંથિવેધનનું રહસ્યમય વિધાન આ પાંચ સાધનાઓની અંતર્ગત જ આવી જાય છે. અંતઃચેતનાના વિકાસના આ પાંચ પ્રયોગો દેવતાઓના વરદાન જેવા જ ચમત્કારી જણાય છે.

(૫) પાપોની ક્ષતિપૂર્તિ તેમ જ પુણ્યસંપદાની વૃદ્ધિ માટે ચાંદ્રાયણ વ્રતની પૂર્ણાહુતિના રૂપમાં કેટલીક બૂરાઈઓનો ત્યાગ તથા કેટલાક પરમાર્થોને અપનાવવાનો સંકલ્પ કરવો પડે છે. સંગ્રહનું અંશદાન, તીર્થયાત્રાના રૂપમાં ધર્મપ્રચારનું શ્રમદાન, પુણ્ય પ્રયોજનોમાં સહકાર, સત્કાર્યોમાં યોગદાન જેવાં કેટલાંક એવાં પગલાં ભરવાં પડે છે, જેની મદદથી અંતઃકરણ પર પરિવર્તનને વ્યવહારમાં ઉતારવાની પ્રત્યક્ષ છાપ પેદા થાય. ચાંદ્રાયણની તપશ્ચર્યાનો ઉદ્દેશ્ય આંતરિક કાયાકલ્પ છે. આ માત્ર કલ્પનાક્ષેત્ર સુધી જ સીમિત ન રહેતાં વ્યવહારમાં પર ઊતરે તે માટે ક્રિયાત્મક પગલાં ભરવા એવી સલાહ આપવામાં આવે છે કે જે હાલની પરિસ્થિતિઓમાં પણ સરળતાપૂર્વક કરી શકાય. આપણી અંદર રહેલા સુસંસ્કારોની પરિપક્વતા માટે, બીજાઓ સમક્ષ પરિવર્તનનું પ્રમાણ રજૂ કરવા માટે કેટલાંક સાહસિક પગલાં ભરવાં પડે છે. આ જ ચાંદ્રાયણ વ્રતની પૂર્ણાહુતિ છે.

બીજને વૃક્ષમાં રૂપાંતરિત કરવું એ એક ચમત્કાર છે. વ્યક્તિને તુચ્છમાંથી મહાન બનાવવી એ પણ એક દૈવી વરદાન છે. બીજ અનાયાસે જ વૃક્ષ બની જતું નથી. તેને ઊગવાથી લઈને ફળવાની પરિપક્વ સ્થિતિ સુધી પહોંચાડવામાં સમય અને સાધનોની જરૂર પડે છે- (૧) જમીન (૨) ખાતર (૩) પાણી (૪) સુરક્ષા અને (૫) ઉત્પાદકની શ્રમશીલતાનો સમન્વય જરૂરી હોય છે. એવી જ રીતે ઈશ્વરની આરાધનાને સફળ બનાવવા માટે પણ પાંચ પરિપોષણોની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જરૂર પડે છે. બ્રહ્મવર્ચસ સાધનામાં આ પાંચેયનો સમન્વય થયેલો છે. આ સુનિયોજિત તપસાધનાની સામૂહિક વ્યવસ્થાથી એવી યુગશક્તિનો ઉદ્ભવ થશે, જેના સામર્થ્યથી નવા યુગના સર્જનની અનેક જરૂરિયાતો પૂર્ણ થઈ શકશે. વ્યક્તિમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગના અવતરણ માટે જે સર્જનાત્મક શક્તિઓએ યુગાંતરકારી ભૂમિકા નિભાવવાની છે તેમની ધાર તેજ કરવા માટે આ એક મહિનાની ચાંદ્રાયણ તપશ્ચર્યા ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે તેમાં બેમત નથી.

**● ચાંદ્રાયણનું સામાન્ય વ્રતવિધાન -**

શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્ત પ્રકરણમાં ઘણી જાતનાં વિધાનોનું વર્ણન છે.

કૃચ્છ્ર, અતિકૃચ્છ્ર, તપ્તકૃચ્છ્ર, સૌમ્યકૃચ્છ્ર, પાદકૃચ્છ્ર, મહાકૃચ્છ્ર, કૃચ્છાતિકૃચ્છ્ર, પર્ણકૃચ્છ્ર, સાંતાપન, કૃચ્છ્ર સાંતાપન, મહા સાંતાપન, પ્રાજાપત્ય, પરાક, બ્રહ્મકૂર્ચ વગેરે વિધાનોનો ઉલ્લેખ છે. આ બધામાં ચાંદ્રાયણ વ્રતને તપમાં સૌથી મુખ્ય માનવામાં આવ્યું છે.

તેની ક્રિયા-પ્રક્રિયા સર્વવિદિત છે. ખાસ ખાસ નિયમો આ પ્રમાણે છે :

**એકૈકં હ્રાસયેત્પિંડં કૃષ્ણે, શુક્લે ચ વર્દ્ધયેત્ ।**
**ઈન્દુક્ષયેન ભુંજીત એવ ચાંદ્રાયણો વિધિ ॥**

- વશિષ્ઠ

પૂર્ણિમાના દિવસે પૂર્ણ ભોજન કરીને રોજ એકએક કોળિયો ઘટાડતા જાઓ. ચંદ્રમા ન દેખાય ત્યારે અમાસ અને એકમના દિવસે નિરાહાર રહો. પછી એક એક કોળિયો વધારતા જઈને શુક્લ પક્ષના ચૌદ દિવસોમાં પૂર્ણ આહાર સુધી પહોંચો. કોળિયાનો અર્થ છે મરઘીના ઈંડા જેટલું તથા મોઢામાં જેટલો ખોરાક એક વાર જઈ શકે તેટલું.

**નિત્ય સ્નાયી મિતાહારી ગુરુદેવ દ્વિજાર્ચકઃ ।**
**પવિત્રાણિ જપેચ્ચૈવ જુહુયાચ્ચૈવ શક્તિઃ ॥**
**વ્રીહિષષ્ટિક મુદ્ગાશ્ચ ગોધૂમ સતીલા યવાઃ ।**
**ચરુભૈક્ષ્યં સક્તુકણાઃ શાકંઘૃતં દધિ પયઃ ॥**

- અગ્નિ પુરાણ ૧૭૫/૧૧



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નિત્ય સ્નાન કરો, ભૂખ કરતાં ઓછું ખાઓ, ગુરુદેવ, બ્રહ્મપરાયણોનું અભિવાદન કરો, પવિત્ર રહો, જપ કરો, હવન કરો. જવ, ચોખા, મગ, તલ, ઘઉં, હવિષ્યાન્ન, સત્તુ, શાક, દૂધ, દહીં, ઘી પર નિર્વાહ કરો.

ચાંદ્રાયણના ચાર પ્રકાર છે. (૧) પિપીલિકા (૨) યવ મધ્ય (૩) યત્તિ (૪) શિશુ. આ ચારેયના બીજા નિયમો સમાન છે, પરંતુ આહાર સંબંધી કઠોરતા ઓછીવત્તી છે. યતિ તપશ્ચર્યા વધારે કઠણ છે, જ્યારે શિશુવ્રત સાધનામાં શરીર અને મનની સ્થિતિને જોતાં સરળતા રાખવામાં આવી છે.

● **પાપ ઉપરથી પડદો હઠાવવામાં આવે -**

પાપોના પ્રગટીકરણની પ્રક્રિયાનું એક સૂક્ષ્મ સ્વરૂપ તો મુંડન કરાવવાના કે વાળ કપાવવાના રૂપમાં પ્રતીકચિહ્ન જેવું છે. તેનું બીજું પાસું છે પ્રગટીકરણ. તે માત્ર કોઈ સત્પાત્ર સમક્ષ જ કરી શકાય. કોઈનામાં જાહેર ઘોષણા કરવાનું સાહસ હોય તો તો વધારે સારું, પરંતુ આ ઘોષણામાં એ બાબતનું ધ્યાન રાખવું જરૂરી છે કે વ્યભિચાર જેવી પ્રક્રિયાઓમાં તેના સાથીદારનું નામ-સરનામું વગેરે જાહેર કરવામાં ન આવે.

પાપો પર પડેલો પડદો ઉઠાવવા અને પ્રગટીકરણની વિધિ પૂરી કરવા માટે શાસ્ત્રોમાં આવો નિર્દેશ કરેલ છે-

**યથા યથા નરોડધર્મ સ્વયં કૃત્વાડનુભાષતે ।**
**તથા તથા ત્વચેવાહિ સ્તેનાધર્મેણ મુચ્યતે ॥**

- મનુસ્મૃતિ ૧૧/૨૨૯

જેમ જેમ મનુષ્ય પોતાનાં પાપો લોકો સમક્ષ યથાવત્ પ્રગટ કરે છે તેમ તેમ તે પાપોમાંથી એવી રીતે મુક્ત થાય છે, જેવી રીતે સાપ કાંચળીમાંથી મુક્ત થાય છે.

**સમત્વે સતિ રાજેન્દ્રઃ તયોઃ સુકૃત પાપયોઃ ।**
**ગૂહિતસ્ય ભવેદ્ વૃદ્ધિઃ કીર્તિતસ્ય ભવેત્ ક્ષયઃ ॥**

-મહાભારત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હે રાજેન્દ્ર ! જ્યારે પાપ-પુણ્ય બંને સમાન હોય છે ત્યારે જેને ગુપ્ત રાખવામાં આવે છે તેની વૃદ્ધિ થાય છે અને જેનું વર્ણન કરી દેવામાં આવે છે તેનો ક્ષય થઈ જાય છે.

**તસ્માત્ પ્રકાશયેત્ પાપં સ્વધર્મં સતતં ચરેત્ ।**
**ક્લીવો દુઃખી ચ કુષ્ઠી ચ સપ્ત જન્માનિ વૈ નરઃ ॥**

- પારાશર સ્મૃતિ

પાપને છુપાવવાથી મનુષ્ય સાત જન્મો સુધી કોઢી, દુઃખી અને નપુંસક બને છે. આથી પાપને પ્રગટ કરી દેવું એ જ ઉત્તમ છે.

**આચક્ષાણેનતત્પાપમેતત્કર્મ્માસ્મિશાધિમામ્ ।**

તે પોતાનાં કરેલાં પાપોને મોઢેથી કહેતો કહેતો દોડે કે હું આવાં કર્મો કરનારો છું, મને દંડ આપવામાં આવે.

**કૃત્વા પાપં ન ગૂહેત ગુહ્યમાનં વિવર્દ્ધતે ।**
**સ્વલ્પં વાથ પ્રભૂતં વા ધર્મવિદ્ભ્યો નિવેદયેત્ ॥**
**તે હિ પાપે કૃતે વેદ્યા હંતારશ્ચૈવ પાપ્મનામ્ ।**
**વ્યાધિતસ્ય યથા વૈદ્યા બુદ્ધિમન્તો રૂજાપહાઃ ॥**

- પારાશર સ્મૃતિ

પાપકર્મો થઈ જાય તો છુપાવવાં ન જોઈએ. છુપાવવાથી તે ઘણાં વધે છે. પાપ નાનું હોય કે મોટું, તેને કોઈ ધર્મજ્ઞ પાસે અવશ્ય જાહેર કરી દેવું જોઈએ. આમ તેને પ્રગટ કરી દેવાથી પાપો એવી રીતે નષ્ટ થઈ જાય છે, જેવી રીતે સારવાર કરાવી લેવાથી રોગો નષ્ટ થઈ જાય છે.

**રહસ્યં પ્રકાશ્યં ચ ।**

-પ્રાયશ્ચિત્તેન્દુ શેખર

**પાપં નશ્યતિ કીર્તનાત્ ।**

- ધર્મસિંધુ

રહસ્યના પડદાને હઠાવી દેવો જોઈએ. પાપના પ્રગટીકરણથી તે ધોવાઈ જાય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**તસ્માત્ પાપં ન ગુહ્યેત ગુહમાનં વિવર્ધયેત્ ।**
**કૃત્વાતત્ સાધુષ્વાખ્યેતેતત્ પ્રશમયન્ત્યુત ॥**

- મહાભારત.અનુ.૧૬૨/૫૯

આથી પોતાનાં પાપો છુપાવવાં ન જોઈએ. છુપાવવામાં આવેલાં પાપો વધે છે. જો ક્યારેક પાપ થઈ ગયું હોય તો તેને સાધુપુરુષો સમક્ષ કહી દેવું જોઈએ. તેઓ તેની શાંતિ કરી દે છે.

પરિશોધન પ્રક્રિયામાં પ્રગટીકરણ પણ એક ઉપચાર છે. જે કુકૃત્યો થઈ ગયાં હોય તેમનું પ્રગટીકરણ જરૂરી છે, પરંતુ તે એવી વ્યક્તિ સામે થવું જોઈએ કે જે એટલી ઉદાર હોય કે ચિકિત્સકની કરુણાથી અપરાધોને ધૈર્યપૂર્વક સાંભળી શકે અને ઘૃણા કર્યા વગર તેને પોતાની અંદર પચાવી શકે. પ્રગટ કરનારની નિંદા ન થવા દે. તેને આવા પ્રગટીકરણના કારણે લોકનિંદા દ્વારા થતું નુકસાન ન થાય, પરંતુ સ્નેહથી સત્પરામર્શ આપીને તેને સુધરવામાં મદદ કરે. આવી વ્યક્તિ જ્યાં સુધી ન મળે ત્યાં સુધી પ્રગટીકરણ ન કરવું એ જ યોગ્ય છે.

## ● ચાંદ્રાયણ દ્વારા શક્તિનું અભિવર્ધન -

ચાંદ્રાયણ તપનું એક નિષેધાત્મક પાસું છે - કષ્ટ સહિષ્ણુતા, જેમાં આહાર ઘટાડવા-વધારવાની તિતિક્ષા મુખ્ય છે. દોષોની જાહેરાતથી પણ પશ્ચાત્તાપ કરવાનું અને લજ્જિત થવાનું માનસિક કષ્ટ છે. ક્ષતિપૂર્તિ માટે દાનપુણ્ય કરવું એ આર્થિક દંડ છે. તીર્થયાત્રા વગેરે સત્કર્મો માટે શ્રમદાન જેવા પરમાર્થોમાં પણ કષ્ટ સહેવાની અને ત્યાગ કરવાની વાત આવે છે. આ બધી વ્યવસ્થા આત્મપ્રતાડના માટે જ છે. પરિશોધનની પ્રક્રિયા નિષેધાત્મક હોવાનું કારણ તેનું કષ્ટસાધ્ય હોવું તે છે.

બીજું વિધેયાત્મક પાસું છે- યોગ, જેમાં ત્યાગ કરવાથી થયેલ ખાલીપો ભરવો પડે છે. આ એક ઉપાર્જન છે. આત્માને પરમાત્મા સાથે જોડવો એ યોગ છે. યોગથી દરેક વસ્તુનું પ્રમાણ વધે છે. વિસ્તાર, મૂલ્ય અને સામર્થ્યમાં વધારો થાય છે. ત્યાગ કરવાથી જે ખોટ પડી હતી તેની ભરપાઈ આ યોગની કમાણી દ્વારા થઈ જાય છે. શૌચ જવાથી પેટ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખાલી થાય છે. તેના કારણે લાગેલી ભૂખની પૂર્તિ ભોજનથી કરવી પડે છે, ત્યારે આ યુગ્મના ઉપક્રમથી શરીરયાત્રાનું પૈડું આગળ ગબડે છે.

બ્રહ્મવર્ચસ સાધનાનો ભૂમિશોધન પક્ષ ચાંદ્રાયણ તપથી જ પૂરો થાય છે. ત્યાર પછી બીજ વાવવાની અને ખાતરપાણી આપવાની પ્રક્રિયા યોગસાધના દ્વારા સંપન્ન થાય છે.

બ્રહ્મવર્ચસ યોગાભ્યાસ એ પંચમુખી ગાયત્રીની પંચકોશી સાધના જ છે. પાંચ પ્રાણોથી ચેતનાનું અને પાંચ તત્ત્વોથી શરીરનું નિર્માણ થયેલું છે. આ બંને પ્રવાહોના દિવ્ય શક્તિસ્રોતોને પંચકોશ કહે છે. યોગશાસ્ત્રના વિદ્યાર્થીઓ જાણે છે કે અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ આ પાંચ શક્તિશાળી આવરણો આત્મા પર ચઢેલાં છે. તેમને સુરક્ષા કવચ, વાહન, આયુધ વગેરે પણ કહી શકાય છે. આ રહસ્યમય રત્નભંડાર છે, જેમાં સિદ્ધિઓ અને વિભૂતિઓનાં મણિમુક્તક પ્રચંડ પ્રમાણમાં રહેલાં છે. ચાવી ન હોય તો તિજોરીમાં ભરેલું અઢળક ધન પણ કોઈ કામમાં આવતું નથી અને તેના માલિકે પણ અભાવગ્રસ્ત રહેવું પડે છે. એવી જ રીતે આ દિવ્ય કોશોનાં દ્વાર બંધ રહેવાથી, આવરણ ચઢેલાં રહેવાથી મનુષ્યે દુ:ખી-દરિદ્રની જેમ સાવ ગયુંગુજર્યું જીવન વિતાવવું પડે છે.

ઉચ્ચસ્તરીય ગાયત્રી ઉપાસનાને પંચકોશોની અનાવરણ સાધના કહેવામાં આવે છે. આ જ યોગાભ્યાસને હઠયોગમાં ચક્રવેધન તથા કુંડલિનીજાગરણ સાધના કહે છે. ષટ્ચક્રોનું નામ સૌ જાણે છે. ભ્રૂમધ્ય ભાગથી મસ્તકની શરૂઆત થાય છે અને તે મેરુદંડમાં થઈને જનનેન્દ્રિય ક્ષેત્ર સુધી ચાલ્યું જાય છે. આ આખો વિસ્તાર બ્રહ્મલોક અથવા બ્રહ્મરંધ્ર કહેવાય છે. તેમાં સાત શક્તિસંસ્થાનો છે. તેમાંથી છ મધ્યવર્તી સક્રિય સ્રોતો ષટ્ચક્રો છે. એક આ બધાનું નિયંત્રક છે, જેને મહાચક્ર, સહસ્રાર ચક્ર કહેવામાં આવે છે. આમ આ આખો પરિકર ગણવામાં આવે તો સપ્તચક્ર બની જાય છે. તેનું જ આધ્યાત્મિક વર્ણન પિંડ રૂપી બ્રહ્માંડમાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહેલા સાત ઋષિઓ, સૂર્યના સાત અશ્વો, સાત લોક, સાત સિંધુઓ, સાત મેરુઓ, સાત દ્વીપો, સાત તીર્થો વગેરે આલંકારિક નામોથી જોવા મળે છે.

સપ્ત ચક્રોનું એક વિવેચન એવું પણ છે કે નીચેનું મૂલાધાર ચક્ર અને ઉપરનું સહસ્રાર ચક્ર બંને ક્રમશઃ પ્રકૃતિ અને પુરુષનાં, શક્તિ અને શિવનાં, રયિ અને પ્રાણનાં, ધરતી અને સ્વર્ગનાં પ્રતીક છે. અલગ હોવાની સ્થિતિમાં તે બંને ખૂબ જ ઓછું કામ કરી શકે છે. મૂલાધાર ચક્ર મોટેભાગે પ્રજનનના જ તાણાવાણા વણતું રહે છે અને શરીરને ઊર્જા, સાહસ, ઉત્સાહ વગેરે પ્રદાન કરે છે. સહસ્રારની અર્ધમૂર્છિત સ્થિતિમાં અચેતન અને ચેતન બંને મળીને શારીરિક પ્રવૃત્તિઓનું સંચાલન અને ચિંતન સ્તરનાં કામો પૂરાં કરે છે. આ તો આ બંનેનું નિર્વાહ માત્ર માટે ચાલતું સાવ સામાન્ય કાર્ય છે. જો આ બંનેની તંદ્રા છોડાવી દેવામાં આવે અને તેઓ સમર્થ તથા સક્રિય થઈ જાય તો પછી અનંત શક્તિઓના, સિદ્ધિઓના સ્રોત ખૂલી જાય છે અને મનુષ્ય સાધારણમાંથી અસાધારણ બની જાય છે. ઋષિઓ, દેવતાઓ અને અવતારી મનુષ્યો આ સ્તરના જ હોય છે. તેમની આંતરિક મૂર્છા જાગૃતિમાં રૂપાંતરિત થઈ ગઈ હોય છે. કુંભકરણનું પૌરાણિક ઉપાખ્યાન આવી સ્થિતિની જ ઝાંખી કરાવે છે. આ દૈત્ય જ્યારે પણ જાગતો હતો ત્યારે પોતાના સામર્થ્યનો હાહાકાર કરાવી મૂકે તેવાં કાર્યો કરતો હતો. મૂલાધારના સામર્થ્યને સર્પિણી કહે છે અને સહસ્રારને મહાસર્પ કહેવામાં આવે છે. આ બંનેના મિલનને કુંડલિની જાગરણ કહે છે. આ સૌભાગ્ય જેમને પણ પ્રાપ્ત થાય છે તેઓ ભૌતિક સિદ્ધિઓ અને આત્મિક વિભૂતિઓથી સુસંપન્ન બની જાય છે. તેઓ આત્મોત્કર્ષનું પરમ લક્ષ્ય પ્રાપ્ત કરે છે અને અપૂર્ણમાંથી પૂર્ણ બને છે. આ સ્થિતિનું નામ જ ઈશ્વરપ્રાપ્તિ છે.

સહસ્રારને મહાસર્પ કહેવામાં આવે છે. વિષ્ણુની શેષશૈયા પણ આ જ છે. શિવનાં અંગો ઉપર પણ તે જ લપેટાયેલ છે. સમુદ્રમંથન સમયે નેતરાનું કામ પણ તે જ કરે છે. સર્પિણીના રૂપમાં મોટેભાગે કુંડલિની શક્તિનું વર્ણન જ થતું રહે છે. તે અધોમુખી અને નિદ્રાધીન સ્થિતિમાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પડેલી હોય છે. જાગૃત થતાં તે ઉપરની તરફ ઊઠે છે અને અગ્નિશિખાના રૂપમાં દેવયાન માર્ગથી બ્રહ્મલોક સુધી પહોંચે છે. આ આલંકારિક વર્ણન એ વાતનું છે કે જનનેન્દ્રિયના મૂળમાં પડેલી આ મહાશક્તિ જ્યારે ઊર્ધ્વગામી બને છે ત્યારે મેરુદંડ માર્ગેથી બ્રહ્મરંધ્ર સુધી પહોંચે છે અને તે ક્ષેત્રમાં રહેલી અગણિત દિવ્યતાઓને અનાયાસે જ જાગૃત કરી દે છે. આવી સ્થિતિમાં અતીન્દ્રિય ક્ષમતાઓનું જાગરણ થાય છે. સમુદ્રમંથનથી ચૌદ રત્નો નીકળ્યાં હોવાના ઉપાખ્યાનમાં મૂલાધારના ક્ષેત્રને સમુદ્ર, મેરુદંડને સુમેરુ પર્વત, સૂર્યવેધન પ્રાણાયામને ઈડાપિંગળા અને સંઘર્ષને મંથન માનવામાં આવે છે. સમુદ્રમંથન કુંડલિનીજાગરણનો મહાપુરુષાર્થ છે, જેમાં ચેતનાના દેવપક્ષે અને શરીરના દૈત્ય પક્ષે હળીમળીને સાધનારત થવાનું હોય છે. તેનું સત્પરિણામ સમુદ્રમંથનમાંથી નીકળેલાં પ્રસિદ્ધ ચૌદ રત્નોની જેમ સાધકને દિવ્ય વિભૂતિઓના રૂપમાં પ્રાપ્ત થાય છે.

મૂલાધાર અને સહસ્રાર મહાચક્રોને જો કુંડલિનીજાગરણ સાધનાના વિશેષ વર્ગમાં ગણી લેવામાં આવે તો બાકીનાં પાંચ ચક્રો જ રહે છે. તેમને પાંચ કોશો અથવા પાંચ ચક્રો કહી શકાય છે. કોશની વ્યાખ્યામાં તેમને જ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કહે છે. ચક્રવર્ણનમાં તેમને જ સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્ર કહેવામાં આવે છે. આ એક જ હકીકતનું બે સ્વરૂપમાં વર્ણન તથા વિવેચન કરવામાં આવેલું છે. વાસ્તવમાં બંને એક જ છે. ચક્રોનું જાગરણ કે કોશોનું અનાવરણ બંને એક જ વાત છે. સંખ્યાની દૃષ્ટિએ પાંચ, છ કે સાતની ગણતરીથી કોઈએ ભ્રમમાં પડવાની જરૂર નથી. ગાયત્રી માતાનાં પાંચ મુખની ઉચ્ચસ્તરીય સાધના પરમ શાંતિદાયક અને મહાન શક્તિચાલિની સાધના છે. આ જ પ્રક્રિયાને બ્રહ્મવર્ચસનો યોગાભ્યાસ અથવા સાધનાપક્ષ માનવો જોઈએ.

★



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ઈષ્ટપૂર્તિ તથા તીર્થયાત્રા

પરિશોધનમાં પ્રાયશ્ચિત્ત સાધના તથા ક્ષતિપૂર્તિનો સમાવેશ કરવામાં આવેલો છે. ચાંદ્રાયણ તપ જેવી વિશિષ્ટ સાધનાઓ પરિવર્તનની સાથે સાથે અભિવર્ધન તથા આત્મવિકાસનો પણ આધાર બને છે. પાપોના મુખ્યત્વે ત્રણ વર્ગ છે. (૧) કોઈને વાંકગુના વગર હેરાન કરવા, આક્રમણ કરવું. (૨) વ્યભિચાર, બળાત્કાર. (૩) આર્થિક શોષણ, અપહરણ, ચોરી, બેઈમાની.

પાપકર્મોનું પ્રાયશ્ચિત્ત કરવામાં પશ્ચાત્તાપ વર્ગની પૂર્તિ વ્રત-ઉપવાસથી, શારીરિક કષ્ટ સહન કરવાથી, તિતિક્ષા કાર્યોથી થાય છે, પરંતુ ક્ષતિપૂર્તિનો સવાલ ઊભો જ રહે છે. તેના માટે પુણ્યકર્મો કરવાં પડે છે, જેથી પાપના રૂપમાં જે ખાડો ખોદવામાં આવ્યો હતો તેને પૂરી શકાય, પાપ-પુણ્યનું પલ્લું બરાબર થઈ શકે. દુષ્પ્રવૃત્તિઓને સત્પ્રવૃત્તિઓથી જ દૂર કરી શકાય છે. આથી દુષ્કર્મ કરીને વ્યક્તિવિશેષને જે નુકસાન પહોંચાડવામાં આવ્યું, સમાજમાં ભ્રષ્ટ અનુકરણની જે પરંપરા ચલાવવામાં આવી, વાતાવરણમાં જે ઝેરી પ્રવાહ ફેલાવવામાં આવ્યો તેને ત્યારે જ નાબૂદ કરી શકાય છે કે જ્યારે સત્પ્રવૃત્તિઓ વધારનારાં પુણ્યકર્મો કરીને તેની પૂર્તિ કરવામાં આવે, સમાજને સુખી તથા સમુન્નત બનાવનારી સત્પ્રવૃત્તિઓ કરવામાં આવે. તેના માટે સમય, શ્રમ અને મનોયોગ લગાવવામાં આવે. ધર્મપ્રચારની પદયાત્રા કરીને લોકપ્રેરણા આપનારાં તીર્થયાત્રા જેવાં પુણ્યકર્મો કરવામાં આવે. જે ઘટનાઓ બની ચૂકી છે તેમને હવે ટાળી શકાય તેમ નથી. આક્રમક કુકર્મોની ક્ષતિપૂર્તિ લગભગ એટલા જ પ્રમાણમાં સત્કર્મો કરવાથી થઈ શકે છે. તેને જ શાસ્ત્રીય ભાષામાં ઇષ્ટપૂર્તિ કહેવામાં આવે છે.

વ્યભિચારજન્ય પાપોનું પ્રાયશ્ચિત એ છે કે નારીને નિમ્ન સ્તરેથી ઊંચે ઉઠાવવા માટે, તેને સમર્થ અને સુયોગ્ય બનાવવા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માટે શક્ય હોય તેટલો પુરુષાર્થ કરવાનો સાચા મનથી પ્રયત્ન કરવામાં આવે.

આર્થિક અપરાધોનું પ્રાયશ્ચિત્ત એ છે કે અનીતિ દ્વારા મેળવેલું ધન તેના માલિકને પરત કરવામાં આવે અથવા સત્પ્રવૃત્તિઓ માટે, શ્રેષ્ઠ કાર્યો પાછળ ખર્ચવામાં આવે. આ અર્થદાનને પ્રાયશ્ચિત્ત વિધાનનું એક અનિવાર્ય અંગ એટલા માટે માનવામાં આવે છે કે મોટાભાગનાં પાપો ધનના લોભથી કરવામાં આવે છે અને તેમાં ઓછાવત્તા પ્રમાણમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભૌતિક લાભ મેળવવાનો ઉદ્દેશ્ય જ રહેલો હોય છે. આ અનીતિ દ્વારા મેળવેલું ધન પોતાના માટે અને પોતાના પરિવાર માટે સમય જતાં ભયંકર વિપત્તિઓ જ પેદા કરે છે. પછી ભલે તેમાં કોઈ તાત્કાલિક કમાણી થવાનો કે સુવિધા મળવાનો લાભ કેમ જણાતો ન હોય !

જે કમાવામાં આવ્યું છે તેને દબાવી રાખવામાં આવે, અનીતિ દ્વારા મેળવેલી સુવિધાઓને છોડવામાં ન આવે અને માત્ર મગરનાં આંસુ જ વહાવીને વ્રત, ઉપવાસ જેવી ઔપચારિકતા પૂરી કરવામાં આવે તેટલાથી વાત બનતી નથી. વ્રત, ઉપવાસ તો અનીતિ અપનાવવાથી આત્મા પર ચઢેલ દોષોને ધોવા માટે છે ક્ષતિપૂર્તિનો સવાલ તો જ્યાંનો ત્યાં જ રહે છે. જે અનીતિ કરવામાં આવી છે તેના નુકસાનની ભરપાઈ કરવા માટે હાલની પરિસ્થિતિમાં જેટલું વધારે શક્ય હોય તેટલું ઉદાર સાહસ કરવું જોઈએ. ઘટનાઓની ક્ષતિપૂર્તિ આર્થિક દંડ ભોગવવાથી પણ થઈ શકે છે. રેલ દુર્ઘટના વગેરે થવાથી મરનારાઓનાં ઘરવાળાંને સરકાર વળતર આપે છે. તેમાં થયેલા નુકસાનની ભરપાઈ માટે આર્થિક જોગવાઈને પણ એક ઉપાય માનવામાં આવેલ છે. પ્રાયશ્ચિત્ત વિધાનોથી ક્ષતિપૂર્તિની દૃષ્ટિએ દાનને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આવાં દાનોમાં ગૌદાન, અનાજનું દાન, ઉપયોગી નિર્માણ વગેરે કેટલાય ઉપાયો સૂચવવામાં આવ્યા છે. તેમાંથી જેનાથી જેટલું થઈ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકે તેટલા દાન કરવું જોઈએ. કંઈ પણ ના થઈ શકે તો શ્રમદાન, સત્કર્મોમાં યોગદાન તો દરેક જણ આપી શકે છે.

શાસ્ત્રો કહે છે-

**સર્વસ્વ દાનં વિધિવત્સર્વ પાપ વિશોધનમ્ ॥**

- કુર્મપુરાણ ૩૪/૯૪

અનીતિથી સંઘરેલા ધનનું દાન કરી દેવાથી પાપોનું નિવારણ થાય છે.

**દત્વૈ વાપહૃતં દ્રવ્યં ધનિકસ્યાપ્યુ પાયતઃ ।**
**પ્રાયશ્ચિત્તં તતઃ કુર્ય્યાત્ કલ્મષસ્યાપનુત્તએ ॥**

- વિષ્ણુસ્મૃતિ - ૫૨

જેનું જે ધન ચોરવામાં આવ્યું હોય તેને તે પરત કરો અને તે ચોરીકર્મ કરવા બદલ પ્રાયશ્ચિત્ત કરો.

ધન પરત કરવું શક્ય ન હોય અથવા જરૂરી ન હોય તો આવી અનીતિ દ્વારા મેળવેલી કમાણીનો મોટામાં મોટો ભાગ શ્રેષ્ઠ સત્કર્મોમાં ખર્ચી નાખવો જોઈએ. આચાર્ય બૃહસ્પતિએ કહ્યું છે-

**ઉપવાસઃ તથા દાનઃ ઉભૌ અન્યોન્યાશ્રિતઃ ॥**

પ્રાયશ્ચિત્તમાં ઉપવાસની જેમ દાન પણ અનિવાર્ય છે. બંને એકબીજાની સાથે પરસ્પર રીતે જોડાયેલાં રહે છે.

**પ્રાજ્ઞઃ પ્રતિગ્રહં કૃત્વા તદ્ધનં સદ્ગતિં નયેત્ । યજ્ઞાદ્વા પતિતોદ્ધાર પુન્યાત્ ન્યાય રક્ષણેવાપી કૂપ તડાગેષુ બ્રહ્મકર્મ સમુત્સૃજેત્ ॥**

- અરુણ સ્મૃતિ -૧૩૯

અનુચિત ધન ભેગું થઈ ગયું હોય તો તેને યજ્ઞ, પતિતોદ્ધાર, પુણ્યકર્મ, ન્યાયરક્ષણ, વાવ-કૂવો-તળાવ વગેરે ખોદાવવામાં તથા બ્રહ્મકર્મોમાં વાપરી નાખવું જોઈએ. અનુચિત ધનની સદ્ગતિ આવી રીતે થાય છે.

**તેનોદપાનં કર્ત્તવ્યં રોપણીયસ્તથા વટઃ ॥**

- શાતાતપ ૩/૧૩

**સચ્છાસ્ત્ર પુસ્તકં દદ્યાત્ વિપ્રાય સદક્ષિણમ્ ॥**

- પારાશર સ્મૃતિ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

**વાપીકૂપતડાગાનિ દેવતાયતનાનિ ચ ।**
**પતિતાન્યુદ્ધરેદ્યસ્તુ વ્રતં પૂર્ણ સમાચરેત્ ॥** - લઘુ યમ

**સોડપિ પાપ વિશુદ્ધયર્થં ચરેચ્ચાંદ્રાયણ વ્રતમ્ ।**
**વ્રતાન્તે પુસ્તકં દદ્યાત્ ધેનુવત્સસમન્વિતમ્ ॥**

- શાતાતપ ૨/૨૬

**સુવર્ણદાનં ગોદાનં ભૂમિદાનં તથૈવ ચ ।**
**નાશયન્ત્યાશુ પાપાનિ હ્યન્યજન્મકૃતાન્યપિ ॥**

- સંવર્ત ૨૦૧

આ અભિવચનોમાં સત્સાહિત્ય વિતરણ, વિદ્યાદાન, વૃક્ષારોપણ, કૂવા-તળાવ-દેવાલય વગેરેનું નિર્માણ, યજ્ઞ, દુઃખીઓની સેવા, અન્યાયથી પીડિતો માટે સંઘર્ષ વગેરે અનેક શુભ કાર્યોમાં ક્ષતિપૂર્તિના રૂપમાં ઉદારતાપૂર્વક વધુમાં વધુ દાન આપવાનું વિધાન છે. આ દાનની શૃંખલામાં ગૌદાનને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ગાયની ગરિમાને શાસ્ત્રોમાં ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આથી ગૌદાનનો મહિમા જણાવીને પ્રાયશ્ચિત્ત વ્રતોની સાથે તેને પણ જોડી દેવામાં આવ્યું છે. જેમ કે -

**ગોદાનં ચ તથા તેષુ કર્તવ્યં પાપ શોધનમ્ ।**

- વૃદ્ધ સૂર્યારુણ

અર્થાત્ પાપશોધનની સાથે ગોદાન પણ કરવું જોઈએ.

## ● ધર્મપ્રચારની પદયાત્રા- તીર્થયાત્રા

પાપનિવૃત્તિ અને પુણ્યવૃદ્ધિનો બેવડો હેતુ પૂરો કરવા માટે તીર્થયાત્રાને શાસ્ત્રકારોએ પ્રાયશ્ચિત્તની તપસાધનામાં સામેલ કરી છે. તીર્થયાત્રાનો મૂળ ઉદ્દેશ્ય છે- ધર્મપ્રચાર માટે કરવામાં આવેલી પદયાત્રા. દૂરદૂરનાં ક્ષેત્રોમાં જનસંપર્ક સાધવો અને ધર્મધારણાને લોકમાનસમાં હૃદયંગમ કરાવવાના શ્રમદાનને તીર્થયાત્રા કહે છે. શ્રેષ્ઠ સત્પુરુષોના સાંનિધ્યમાં પ્રેરણાપ્રદ વાતાવરણમાં રહીને આત્મોત્કર્ષનો અભ્યાસ કરવો એ પણ તીર્થ કહેવાય છે. આમ તો ગુણ, કર્મ અને સ્વભાવને શુદ્ધ તથા પવિત્ર કરવા માટે કરવામાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવેલા પ્રયાસોને પણ તીર્થ કહેવામાં આવે છે. તીર્થનું તાત્પર્ય છે તરવું. પોતાની સાથેસાથે બીજાઓને પણ તારવાના પ્રયાસોને તીર્થ કહે છે. પ્રાયશ્ચિત્ત વિધાનમાં તીર્થયાત્રાની આવશ્યકતા દર્શાવવામાં આવી છે.

આજની કહેવાતી તીર્થયાત્રાઓ માત્ર મંદિરોનાં દર્શન અને નદી-સરોવરમાં સ્નાન કરવા સુધી જ સીમિત થઈ ગઈ છે. આ માત્ર પર્યટન જ છે. માત્ર આટલું કરવાથી તીર્થયાત્રાનો ઉદ્દેશ્ય પૂરો થતો નથી. સત્પ્રવૃત્તિઓ વધારવા માટે કરવામાં આવેલું પગપાળા પરિભ્રમણ જ સાચી તીર્થયાત્રા કહેવાય છે. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય વધારવા માટેનો એ શ્રેષ્ઠ ઉપચાર પણ છે. ધર્મપ્રચાર માટે જનસંપર્ક સાધવા માટેનું પગપાળા પરિભ્રમણ જનસમાજને જરૂરી પ્રેરણાઓ પૂરી પાડે છે. સાથે સાથે તેના શ્રમદાનથી કર્તાની સત્પ્રવૃત્તિઓનો વિકાસ પણ થતો જાય છે. આવાં જ અનેક કારણોને ધ્યાનમાં રાખીને તીર્થયાત્રાને એવો પરમાર્થ કહેવામાં આવે છે કે જે કરી શકવો દરેક વ્યક્તિ માટે સંભવ છે. તીર્થયાત્રાનું સ્વરૂપ અને માહાત્મ્ય શાસ્ત્રકારોએ આ પ્રમાણે દર્શાવ્યું છે-

**નૃણા પાપકૃતાં તીર્થે પાપસ્ય શમનં ભવેત્ ।**
**યથોક્ત ફલદં તીર્થં ભવેચ્છુદ્ધાત્મનાં નૃણામ્ ॥**

પાપી મનુષ્યોના તીર્થમાં જવાથી તેમનાં પાપોની શાંતિ થાય છે, જેમનું અંતઃકરણ શુદ્ધ છે તેવા માણસો માટે તીર્થયાત્રા યથોક્ત ફળ આપનારી નીવડે છે.

**તીર્થાન્યનુસરન્ ધીરઃ શ્રદ્ધાયુક્તઃ સમાહિતઃ ।**
**કૃતપાપો વિશુદ્ધશ્ચેત્ કિં પુનઃ શુદ્ધકર્મકૃત્ ॥**

જે તીર્થોનું સેવન કરનાર, ધૈર્યવાન, શ્રદ્ધાયુક્ત અને એકાગ્રચિત્ત છે તે પહેલાં પાપાચારી હોય તો પણ શુદ્ધ થઈ જાય છે, તો પછી જે શુદ્ધ કર્મ કરનારો છે તેની તો વાત જ શી કરવી ?

**તીર્થાનિ ચ યથોક્તેન વિધિના સંચરન્તિ યે ।**
**સર્વદ્વન્દ્વસહા ધીરાસ્તે નરાઃ સ્વર્ગગામિનઃ ॥**



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેઓ યથોક્ત વિધિથી તીર્થયાત્રા કરે છે તેઓ સંપૂર્ણ દ્વંદ્વોને સહન કરનારા છે. તેવા ધીર પુરુષો સ્વર્ગમાં જાય છે.

**યાવત્ સ્વસ્થોઽસ્તિ મે દેહો યાવન્નેન્દ્રિયવિક્લવઃ ।**
**તાવત્ સ્વશ્રેયસાં હેતુઃ તીર્થયાત્રા કરોમ્યહમ્ ॥**

જ્યાં સુધી મારું શરીર સ્વસ્થ છે, જ્યાં સુધી આંખ, કાન વગેરે ઇન્દ્રિયો સક્રિય છે ત્યાં સુધી શ્રેયપ્રાપ્તિ માટે તીર્થયાત્રા કરતા રહેવાનો નિશ્ચય કરું છું.

તીર્થયાત્રાના પુણ્યફળનું વર્ણન ધર્મશાસ્ત્રોમાં ઠેરઠેર જોવા મળે છે. તેના કારણે પાપપ્રવૃત્તિઓના નાશ અને ઉત્કૃષ્ટ સત્પ્રવૃત્તિઓના વિકાસનો જે પ્રયાસ થઈ શકે છે તે જ પુણ્યફળ બનીને પરમ કલ્યાણકારી સાબિત થાય છે. તીર્થયાત્રાનું પુણ્યફળ જણાવતાં કહેવાયું છે-

**નિષ્પાપત્વં ફલં બિદ્ધિં તીર્થસ્ય મુનિસત્તમ ।**
**કૃષેઃ ફલં યથા લોકે નિષ્પભન્નાન્નસ્ય ભક્ષણમ્ ॥**

- દેવી ભાગવત

જેવી રીતે ખેતીનું ફળ અનાજનું ઉત્પાદન છે, તેવી રીતે નિષ્પાપ બનવું એ જ તીર્થયાત્રાનું પ્રતિફળ છે.

**તીર્થૈસ્તરન્તિ પ્રવતો મહીરિતિ યજ્ઞકૃતઃ સુકૃતો એન યન્તિ ।**
**અત્રાદધુર્યજમાનાય લોકં દિશો ભૂતાનિ યદકલ્પયન્ત ॥**

- અથર્વવેદ ૧૮/૪/૭

જેવી રીતે યજ્ઞ કરનાર યજમાન યજ્ઞાદિ દ્વારા મોટીમોટી આપત્તિઓમાંથી મુક્ત થઈને પુણ્યલોકની પ્રાપ્તિ કરે છે, તેવી જ રીતે તીર્થયાત્રા કરનાર તીર્થયાત્રી તીર્થાદિ દ્વારા મોટાંમોટાં પાપો અને આપત્તિઓમાંથી મુક્ત થઈને પુણ્યલોકની પ્રાપ્તિ કરે છે.

**અનુપાતકિનસ્ત્વેતે મહાપાતકિનો યથા ।**
**અશ્વમેધેન શુદ્ધયન્તિ તીર્થાનુસરણેન ચ ॥**

- વિષ્ણુ સ્મૃતિ ૬૩

મહાપાપી અને ઉપપાપીને શુદ્ધ કરનારાં બે જ સાધનો છે - યજ્ઞ અને તીર્થાટન. મહાભારતમાં કહ્યું છે -



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**અનુપોષ્ય ત્રિરાત્રાણિ તીર્થાન્યનભિગમ્ય ચ ।**
**અદત્વા કાંચનં ગાશ્ચ દરિદ્રો નામ જાયતે ॥**

જેઓ ત્રણ રાત્રી સુધી ઉપવાસ કરી શક્યા નથી, જેમણે ક્યારેય તીર્થયાત્રા કરી નથી, જેમણે પરમાર્થ માટે દાન કર્યું નથી એવા લોકો દરિદ્ર હોય છે.

**ઋષીણાં પરમં ગુહ્યમિદં ભરતસત્તમ ।**
**તીર્થાભિગમનં પુણ્યં યજ્ઞૈરપિ વિશિષ્યતે ॥**

– મહાભારત

ઋષિઓનો ગુહ્ય મત એ છે કે યજ્ઞોમાં પણ તીર્થયાત્રાની વિશેષતા છે. તીર્થાટનના મહિમાનાં વખાણ કરતા ઘણા પ્રસંગો તુલસીકૃત રામચરિત માનસમાં આવે છે.

**તીર્થાટન સાધન સમુદાઈ,**
**વિદ્યા વિનય વિવેક બડાઈ ।**
**જહેં લગિ સાધન વેદ બખાની,**
**સબ કર ફલ હરિ ભગતિ ભવાની ॥**

– ઉત્તરકાંડ

**ચરન રામ તીરથ ચલિ જાહી ।**
**રામ બસહુ તિન્હ કે ઉર માહી ॥**

– અયોધ્યા કાંડ

સુરસાગરમાં મહાત્મા સુરદાસ તીર્થયાત્રા ન કરી શકવાને એક દુર્ભાગ્ય માને છે અને તેનો સુયોગ ન બનતાં દુઃખ વ્યક્ત કરીને કહે છે –

**મનકી મન હી માંહિ રહી,**
**ના હરિ ભજે ન તીરથ સેયે, ચોટી કાલ ગહી ॥**

–સુરદાસ

વિધિપૂર્વક તીર્થયાત્રા કરવાનું તાત્પર્ય એ છે કે તે પરિભ્રમણની સાથે સાથે આપણી દુષ્પ્રવૃત્તિઓને છોડવા અને સત્પ્રવૃત્તિઓને અપનાવવા માટે ભાવભર્યો પ્રબળ પ્રયાસ કરવો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**તીર્થાનિ ચ યથોક્તેન વિધિના સંચરન્તિ યે ।**
**સર્વદ્વન્દ્વ સહા ધીરાસ્તે નરાઃ સ્વર્ગગામિનઃ ॥**

- નારદપુરાણ

જેઓ યોગ્ય વિધિથી તીર્થયાત્રા કરે છે તેવા સંપૂર્ણ દ્વંદ્વોને સહન કરનારા ધીર પુરુષો સ્વર્ગમાં જાય છે.

**કામં ક્રોધં ચ લોભં ચ યો જિત્વા તીર્થમાવિશેત્ ।**
**ન તેન કિંચિદપ્રાપ્તં તીર્થાભિગમનાદ્ ભવેત્ ॥**

- નારદપુરાણ

જેઓ કામ, ક્રોધ અને લોભને જીતીને તીર્થમાં પ્રવેશ કરે છે તેમને તીર્થયાત્રાથી બધું જ પ્રાપ્ત થાય છે.

જો તીર્થાટન માત્ર પર્યટન કે મનોરંજન માટે જ કરવામાં આવ્યું હશે તો તેનો એટલો જ લાભ મળશે, પરંતુ જો તેને આત્મશુદ્ધિ માટે પ્રબળ પ્રયત્ન કરીને કરવામાં આવ્યું હશે તો તેનું પરિણામ શ્રદ્ધાને અનુરૂપ જ મળશે. ધર્મપ્રયોજનોમાં આ શ્રદ્ધા જ મુખ્ય નિમિત્ત છે.

**મન્ત્રે તીર્થે દ્વિજે દેવે દૈવેજ્ઞે ભેષજે ગુરૌ ।**
**યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદૃશી ॥**

તીર્થ, મંત્ર, બ્રાહ્મણ, દેવતા, ઔષધિ, ગુરુ તથા જ્યોતિષીમાં જેની જેવી, જેટલી શ્રદ્ધાભાવના હોય છે તેવું જ તેનું ફળ મળે છે.

**યેનૈકાદશ સંખ્યાનિ યન્ત્રિતાનીન્દ્રિયાણિ વૈ ।**
**સ તીર્થ-ફલમાપ્નોતિ નરોઽન્યઃ ક્લેશભાગ્ ભવેત્ ॥**

જેણે પોતાની અગિયાર (દસ ઇન્દ્રિયો અને મન) ઇન્દ્રિયોને વશમાં કરી લીધી છે તેઓ જ તીર્થયાત્રાનું સાચું ફળ મેળવી શકે છે. બીજા અજિતેન્દ્રિય મનુષ્યો તો માત્ર કલેશના જ ભાગીદાર બને છે.

તીર્થમાં વ્યક્તિની શુદ્ધિ થાય છે એ સાચું છે, પરંતુ એ પણ સત્ય છે કે ઉત્કૃષ્ટ સ્તરના બ્રહ્મજ્ઞાનીઓ કોઈ પણ સ્થાનને તીર્થ બનાવી દે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**યો ન ક્લિષ્ટોઽપિ ભિક્ષેત બ્રાહ્મણતીર્થ સેવકઃ ।**
**સત્યવાદી સમાધિસ્થઃ સ તીર્થસ્યોપકારકઃ ॥**

જે તીર્થસેવી બ્રાહ્મણ અત્યંત ક્લેશ થવા છતાં પણ કોઈની પાસેથી દાન લેતો નથી, સત્ય બોલે છે અને મનને વશમાં રાખે છે તે તીર્થનો મહિમા વધારનાર છે.

**ભવદ્વિધા ભાગવતાસ્તીર્થભૂતાઃ સ્વયં વિભો ।**
**તીર્થો કુર્વન્તિ તીર્થાનિ સ્વાંતઃસ્થેન ગદાભૃતા ॥**

- ભાગવત

યુધિષ્ઠિર વિદુરને કહે છે, "આપ જેવા ભક્ત પોતે જ તીર્થ રૂપ હોય છે. તમે પોતાના હૃદયમાં વિરાજિત ભગવાન દ્વારા તીર્થોને મહાતીર્થ બનાવતા વિચરણ કરો છો."

તીર્થયાત્રાનો એક ઉદ્દેશ્ય છે - તે ક્ષેત્રોમાં નિવાસ કરતા મનીષીઓ પાસેથી આત્મકલ્યાણ અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત કરવું.

**તીર્થેષુ લભ્યતે સાધૂર્બ્રહ્મજ્ઞાનપરાયણઃ ।**
**યદ્દર્શનં નૃણાં પાપરાશિદાહાશુશુક્ષણિઃ ॥**

- પદ્મપુરાણ

તીર્થોમાં બ્રહ્મપરાયણ સજ્જનો મળે છે. તેમનાં દર્શન મનુષ્યોનાં પાપોને બાળી નાખનાર અગ્નિ સમાન હોય છે.

**તસ્માત્ તીર્થેષુ ગંતવ્યં નરૈઃ સંસારભીરુભિઃ ।**
**પુણ્યોદકેષુ સતતં સાધુશ્રોણિવિરાજિષુ ॥**

- પદ્મપુરાણ

આથી જે લોકો પાપથી ડરેલા છે અને તેનાં બંધનોથી છૂટવા માગે છે તેમણે પવિત્ર જળવાળાં તીર્થોમાં, જે સાધુસજ્જનોના સમૂહથી સુશોભિત છે ત્યાં અવશ્ય જવું જોઈએ.

**'તરતિ અનેન ઈતિ તીર્થ'**



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તારનારને તીર્થ કહેવામાં આવે છે. સત્કર્મો, સદ્ભાવનાઓ, સદ્વિચારો અને સજ્જનો દ્વારા જ તરી શકાય છે. આથી તેમને જ તીર્થ કહેવાય છે. જે સ્થાનોમાં આવી પ્રવૃત્તિઓ વધારનારું વાતાવરણ હોય છે તેમને જ તીર્થસ્થાન કહેવામાં આવ્યાં છે.

**સાધૂનાં દર્શનં પુણ્યં તીર્થભૂતા હિ સાધવઃ ।**
**તીર્થં ફલતિ કાલેન સદ્યઃ સાધુસમાગમઃ ॥**

સાધુઓનાં દર્શન ખૂબ જ પુણ્યકારી હોય છે કારણ કે સાધુ તીર્થરૂપ જ હોય છે. તીર્થ તો સમય પર ફળ આપે છે, પરંતુ સાધુનો સમાગમ તો તરત જ ફળ આપનારો નીવડે છે.

**મુખ્યા પુરુષ યાત્રા હિ તીર્થ યાત્રા નુસંગતઃ ।**
**સદ્ભિઃ સમાશ્રિતો ભૂમિભાગસ્તીર્થં તથોચ્ય તે ॥**

– સ્કંદપુરાણ

તીર્થયાત્રાના પ્રસંગથી મહાપુરુષોનાં દર્શન માટે જવું એ જ તીર્થયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આથી જે ક્ષેત્રોમાં સજ્જનો નિવાસ કરતા હોય તેને તીર્થ કહેવાય છે.

**બ્રાહ્મણા જંગમ તીર્થં નિર્જલં સાર્વકામિકમ્ ।**
**યેષાં વાક્યોદકેનૈવ શુદ્ધયન્તિ મલિના જનાઃ ॥**

– શાતાતપ સ્મૃતિ ૧/૩૦

સાધુ-બ્રાહ્મણો હરતાંફરતાં તીર્થ છે, જેમના સદ્વાક્યરૂપી નિર્મળ જળથી મલિન લોકો પણ શુદ્ધ થઈ જાય છે.

સંપૂર્ણ ભારતવર્ષ જ તીર્થસ્વરૂપ છે. તેના કોઈ પણ ભાગની યાત્રા કરવામાં આવે તેને તીર્થયાત્રા જ માનવી જોઈએ.

**ત્રયાણામપિ લોકાનાં તીર્થં મધ્યમુદાહૃતમ્ ।**
**જામ્બવે ભારતં વર્ષં તીર્થં ત્રૈલોક્ય વિશ્રુતમ ।**
**કર્મ ભૂમિર્યતઃ પુત્ર તસ્માત્તીર્થં તદુચ્યતે ॥**

– બ્રહ્મપુરાણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ત્રણે લોકોની મધ્યમાં આવેલ કર્મભૂમિ ભારત સાક્ષાત્ તીર્થસ્વરૂપ છે. નાનાઓ માટે તેમ જ મોટા શિષ્યો માટે અજ્ઞાનનું નિવારણ કરનારા ગુરુજનો પણ તીર્થની જેમ જ શ્રદ્ધાસ્પદ હોય છે.

**અજ્ઞાનાખ્યં તમસ્તસ્યં ગુરુઃ સર્વ પ્રણાશયેત્ ।**
**તસ્માદ્ ગુરુઃ પરં તીર્થં શિષ્યાણામવની યતે ॥**

- પદ્મપુરાણ

હે રાજન્ ! શિષ્યના હૃદયના અજ્ઞાનરૂપી અંધકારને નષ્ટ કરનારા ગુરુઓ શિષ્યો માટે પરમ તીર્થ સમાન છે.

તીર્થસ્થાનમાં જઈને પાપોના ત્યાગનો અભ્યાસ કરવો જોઈએ. ત્યાં આપણી ઉપર કડક નિયંત્રણ રાખીને એવો પ્રયત્ન કરવો જોઈએ. તે પુણ્ય ક્ષેત્રમાં કોઈ અભ્યસ્ત દુષ્પ્રવૃત્તિ પણ સક્રિય થઈ ના જાય તેનું ધ્યાન રાખવું જોઈએ. તીર્થની મર્યાદાનું ઉલ્લંઘન કરીને ત્યાં કરવામાં આવેલાં પાપો તો વધારે દુ:ખદ અને દુર્ભાગ્યપૂર્ણ સાબિત થાય છે.

**યદન્યત્ર કૃતં પાપં તીર્થે તદ્ યાતિ લાઘવમ્ ।**
**ન તીર્થકૃતમન્યત્ર ક્વચિદેવ વ્યપોહતિ ॥**

બીજા સ્થાને કરવામાં આવેલાં પાપો તીર્થમાં ક્ષીણ થઈ જાય છે, પરંતુ તીર્થમાં કરવામાં આવેલાં પાપો બીજા કોઈ પણ સ્થાને ક્યારેય નષ્ટ થતાં નથી.

**અન્ય ક્ષેત્રે કૃતં પાપં પુણ્ય ક્ષેત્રે વિનશ્યતિ ।**
**પુણ્ય ક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ ॥**

- સ્કંદપુરાણ

બીજા ક્ષેત્રોનાં પાપો પુણ્ય ક્ષેત્રમાં નષ્ટ થઈ જાય છે, પરંતુ પુણ્ય ક્ષેત્રમાં કરવામાં આવેલાં પાપો ક્યારેય નષ્ટ થતાં નથી.

તીર્થયાત્રા પદયાત્રાના રૂપમાં જ થવી જોઈએ, વાહન દ્વારા નહિ. ત્યારે જ તેનો યોગ્ય લાભ મળે છે.

**ઈતિ બ્રુવન્ રસનયા મનસા ચ હરિં સ્મરન્ ।**
**પાદચારી ગતિં કુર્યાત્ તીર્થં પ્રતિ મહોદયઃ ॥**



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાણીથી કીર્તન કરતાં કરતાં તથા મનમાં ભગવાનનું સ્મરણ કરતાં કરતાં પગપાળા તીર્થયાત્રા કરનારનો મહાન અભ્યુદય થાય છે.

**ઐશ્વર્ય લોભમોહાદ્ વા ગચ્છેદ્ યાનેન યો નરઃ ।**
**નિષ્ફલં તસ્ય તત્સર્વં તસ્માદ્યાનં વિવર્જયેત્ ॥**

– મત્સ્યપુરાણ ૧૦૬/૭

ઐશ્વર્યના ગર્વથી, મોહથી કે લોભથી જેઓ વાહનો દ્વારા તીર્થયાત્રા કરે છે તેમની તીર્થયાત્રા નિષ્ફળ જાય છે.

આજની સ્થિતિમાં બ્રહ્મવર્ચસ સાધનાની અંતર્ગત શરૂ કરવામાં આવેલી ધર્મપ્રચારયાત્રા મંડળીઓ જ તીર્થયાત્રાનો વાસ્તવિક ઉદ્દેશ્ય પૂરો કરી શકે છે. ઋષિપ્રણીત આ પુણ્યપરંપરાને નવજીવન આપવા માટે આવી જ સાર્થક તીર્થયાત્રા દેશના ખૂણેખૂણામાં શરૂ થવી જોઈએ.

પ્રાચીનકાળમાં બ્રાહ્મણો જ્ઞાન માટે, ક્ષત્રિયો રાજ્ય માટે અને વૈશ્યો વેપાર માટે યાત્રા કરતા હતા. યાત્રાના મહત્ત્વને નકારી શકાય તેમ નથી. પંદરમી તથા સોળમી સદીથી જ યુરોપના વિવિધ દેશોમાં જ્ઞાનપિપાસા, નવાનવા દેશોની શોધખોળ અને જ્યોતિષ, ભૂસ્તરશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, રસાયણ, ચિકિત્સા વગેરે વિવિધ ક્ષેત્રોમાં સંશોધનની એક હોડ લાગી ગઈ હતી. સત્યના જ્ઞાન અને પ્રકૃતિનાં રહસ્યોના ઉદ્દ્ઘાટન માટે વૈજ્ઞાનિકો અને બીજા યાત્રીઓએ પોતાનો જીવ જોખમમાં મૂકીને સાહસનાં અનેક કાર્યો કર્યાં હતાં. સાહસિક યાત્રીઓની ગૌરવગાથા સર્વત્ર ગાવામાં આવે છે પ્રગતિશીલતાનું બીજું નામ યાત્રા છે. વાસ્તવમાં જીવનનો સાદ જ 'ચરૈવેતિ ચરૈવેતિ' ચાલતા રહેવાનો છે. ચાલતા રહેવાનું છે, સૌ ચાલે છે, જીવન ગતિમાન છે.

યાત્રાથી મનુષ્યની દૃષ્ટિ વિસ્તૃત થઈને ઉદાર બને છે. યાત્રાથી મગજ વિરાટ બને છે અને હૃદય વિશાળ બને છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રાચીનકાળમાં આ જ દષ્ટિએ ૧૨ વર્ષ સુધી ગુરુકુળમાં અધ્યયન કર્યા પછી બે વર્ષ માટે આખા દેશમાં પરિભ્રમણ કરવાની વ્યવસ્થા રહેતી હતી. પ્રકૃતિની વિવિધતા, તેના સૌંદર્ય અને ભયાનકતાથી યાત્રીઓ આનંદ પ્રાપ્ત કરે છે, તો સાથે સાથે જ્ઞાનની વૃદ્ધિ પણ થાય છે. આ પ્રાકૃતિક આદાનપ્રદાનથી મનુષ્યમાં આધ્યાત્મિકતાની શક્તિ તથા સત્યં, શિવં, સુંદરમ્‌ની ભાવના જાગૃત થાય છે.

વૈદિક ઋષિએ ગાયું છે- "જે મનુષ્યો ચાલતા રહે છે તેમની જંઘાઓમાં ફૂલો ખીલે છે, તેમના આત્મામાં ફળોનાં ગુચ્છ લાગે છે અને તેમનાં પાપો થાકીને સૂઈ જાય છે, માટે ચાલતા રહો, ચાલતા રહો.' તીર્થયાત્રા એ માતૃભૂમિ પ્રત્યે ઉત્કટ પ્રેમની આગવી અભિવ્યક્તિ છે. આ દેશપૂજાની એવી વિધિ છે, જેનાથી ધાર્મિક ભાવોને બળ મળે છે. સાથે સાથે ભૌગોલિક ચેતના વધે છે. તીર્થયાત્રાથી મળતા પુણ્યલાભની પાછળ બીજા કેટલા બધા લાભો છુપાયેલા છે.

યાત્રા માત્ર પગે ચાલવાથી જ થતી નથી, પરંતુ મન, બુદ્ધિ, ચિત્ત બધાં જ યાત્રા કરે છે. આ સૃષ્ટિનો વિકાસ છે. તન, મન બધું જ ધોવાઈને ચોખ્ખું થઈ જાય છે.

સ્કંદપુરાણના કાશી ખંડમાં કહેવામાં આવ્યું છે કે તીર્થોના બે પ્રકાર છે. માનસતીર્થ અને ભૌમતીર્થ. જેમનાં મન શુદ્ધ છે, જેઓ આચરણવાન, જ્ઞાની અને તપસ્વી છે તેવા લોકો માનસતીર્થ છે. જિતેન્દ્રિય લોકો જ્યાં રહે છે ત્યાં તેઓ તીર્થ બનાવે છે. ભૌમતીર્થના ચાર પ્રકાર છે :

(૧) અર્થતીર્થ - નદીઓના કિનારે અને સંગમ પરનાં વેપાર કેન્દ્રો.

(૨) ધર્મતીર્થ - પ્રજાઓના ધર્મપાલન માટેનાં પવિત્ર ધર્મનીતિ કેન્દ્રો.

(૩) કામતીર્થ - કલા અને સૌંદર્ય સાધનાનાં કેન્દ્રો.

(૪) મોક્ષતીર્થ - વિદ્યા, જ્ઞાન અને અધ્યાત્મનાં કેન્દ્રો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ્યાં આ ચારેયનો સમન્વય હોય અને જીવનની બહુમુખી પ્રવૃત્તિઓનાં સૂત્રો મળતાં હોય તેવાં મોટાં તીર્થો મહાપુરીઓના રૂપમાં પ્રસિદ્ધ થઈ જાય છે. જેમ કે કાશી, પ્રયાગ, મથુરા, ઉજ્જયિની વગેરે.

મહાભારતકારે વનપર્વ ૮૦/૩૪/૪૦માં કહ્યું છે કે ઋષિઓએ વેદોમાં ઘણાબધા યજ્ઞો વર્ણવ્યા છે. તેમનું ફળ જીવતે જીવ અને મર્યા પછી લોકોને મળે છે, પરંતુ સાવ ગરીબ જનતાને તેનું ફળ કેવી રીતે મળી શકે ? યજ્ઞો માટે તો વિદ્વાનો, વિધિના પારંગતો તથા સાધનસામગ્રીની જરૂર પડે છે. ગરીબ લોકો ઓછા ખર્ચામાં યજ્ઞોનું ફળ પામી શકે તે માટેનો ઉપાય તીર્થયાત્રા છે. તીર્થોમાં જવાનું પુણ્ય યજ્ઞો કરતાં પણ વધારે છે.

આવી રીતે જનતાને સાંસ્કૃતિક આંદોલનમાં સામેલ કરવા માટે તીર્થયાત્રા ખૂબ જ સહાયક નીવડે છે. ખૂબ દૂરનાં ક્ષેત્રો, ગામો કે જંગલોમાં રહેતા લોકો, જેઓ ધર્મ, સંસ્કૃતિ, ક્રિયા અને સદાચારની પ્રવૃત્તિઓથી અપરિચિત રહેતા હતા તેઓ પણ તીર્થયાત્રા નિમિત્તે સ્વેચ્છાએ તીર્થકેન્દ્રોમાં આવતા અને ત્યાંના સંસ્કારો લઈ જતા હતા.

ઋષિઓની જીવનપ્રક્રિયાનું અધ્યયન કરતાં જણાય છે કે તેમનો મોટાભાગનો સમય પરિભ્રમણમાં જ વીતતો હતો. આ જ કારણે બીજા વર્ગના મહાપુરુષોનાં સ્થાન અને સ્મારકોનાં ચિહ્નો મળે છે, પરંતુ ઋષિઓનાં આટલાં મહત્ત્વપૂર્ણ વ્યક્તિત્વો હોવા છતાં પણ ન તો કોઈ સ્થાનવિશેષ પર તેઓ ટક્યા કે ન તો તેમનાં કોઈ સ્થાન બન્યાં. મધ્યકાલીન સંતોમાંથી મોટાભાગનાની ક્રિયાપ્રક્રિયા આવી જ હતી. તેમને અધ્યયન તથા વિશિષ્ટ તપસાધના માટે જેટલો સમય ત્યાં રોકાવું જરૂરી લાગ્યું તેટલું જ ત્યાં રોકાયા અને ત્યાર પછી પરિભ્રમણ માટે ચાલી નીકળ્યા. શીખવું અને શીખવવું એ જ તેમની મુખ્ય પ્રવૃત્તિ હતી.

તીર્થયાત્રાનું પુણ્ય તે હેતુ માટે બનેલાં નગરો, મંદિરો તથા નદી-સરોવરો સાથે જોડીને મોટી ભૂલ થઈ ગઈ છે. વાસ્તવમાં તીર્થયાત્રા



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ધર્મપ્રચારની એક સુવ્યવસ્થિત યોજના છે, જેમાં વિશ્રામ માટે પ્રાકૃતિક તથા ઐતિહાસિક મહત્ત્વનાં સ્થાનો પસંદ કરવામાં આવ્યાં છે. આ યાત્રાળુઓ માટે અનેક જાતની સુવિધાઓ સાધનસંપન્ન લોકો પૂરી પાડતા હતા. ભોજન, વસ્ત્ર, પાત્ર, રસ્તામાં થતો ખર્ચ, પુસ્તકો, પૂજાનાં સાધનો, ઔષધિઓ વગેરે જે વસ્તુઓની જરૂર પડતી તે બધી જ આવાં તીર્થો કે મઠોમાં સંગ્રહિત કરવામાં આવતી હતી અને ધર્મપ્રચારકોને જરૂરિયાત પ્રમાણેનાં સાધનો સરળતાથી મળી જતાં હતાં. સત્સંગ, શિક્ષણ અને બીજાં જરૂરી સાધનો ત્યાં રહેતાં હતાં અને આગળની યાત્રા માટે સાથીદારો, સહયોગીઓની હેરાફેરી પણ ત્યાંથી જ થઈ જતી હતી. આ જ કારણોને લીધે અમુક સ્થાનોને તીર્થ જાહેર કરવામાં આવ્યાં હતાં. આવાં વિરામસ્થળોએ પ્રચારકોનું પારસ્પરિક મિલન, સંપર્ક તથા અનેક જાતનાં આદાનપ્રદાન પણ થતાં રહેતાં હતાં. જંકશનની જેમ અનેક સ્થાનોના યાત્રાળુઓ ત્યાંથી પસાર થતા અને પારસ્પરિક સંપર્ક સાધીને લાભ લેતા હતા. સ્થાનોને મહત્ત્વ મળવા પાછળ કંઈક આવાં કારણો હતાં, તેમ છતાં પણ સ્થાનવિશેષ પર જઈને કંઈક જોવા-કરવાને નહિ, પરંતુ ધર્મપ્રચાર માટે પગપાળા યાત્રા કરવાને જ તીર્થયાત્રાનું મુખ્ય લક્ષ્ય અને પ્રયોજન માનવામાં આવ્યું છે. અહીંયાં જો આ ઉદ્દેશ્ય ન સરતો હોય તો માત્ર પ્રાણ વગરનું ખોળિયું જ બાકી રહ્યું છે તેમ સમજવું.

પ્રાચીનકાળની તીર્થયાત્રામંડળીઓમાં બે પ્રકારના લોકો રહેતા હતા. એક એવા મનીષીઓ કે જેઓ પોતાના સાથીદારો અને સંપર્કક્ષેત્રોને પોતાનું જ્ઞાન અને અનુભવોનો લાભ પહોંચાડતા હતા. બીજા એવા જિજ્ઞાસુઓ કે જેઓ મંડળીના વાતાવરણમાં પોતાને શ્રેષ્ઠતા માટે પ્રશિક્ષિત કરતા હતા, જેથી ભવિષ્યમાં તેઓ પ્રાપ્ત કરેલ જ્ઞાન,ચરિત્ર અને કૌશલ્યની મદદથી પ્રચારકોની ભૂમિકા નિભાવી શકે. યાત્રામાં અનેક વ્યક્તિઓ સાથે રહેવાથી સુવિધા પણ રહે છે અને શોભા પણ રહે છે. ભોજન વગેરેની દૈનિક વ્યવસ્થા અને કોઈ બીમાર પડી જાય તો સારવાર તથા સેવાનો લાભ પણ મંડળીમાંથી જ મળી રહે છે. અનેક લોકો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંપર્કમાં આવતાં તેમની સાથે વાર્તાલાપનું આદાનપ્રદાન કરવું પડે છે. તેમાં વધારે લોકો હોય એટલું જ સારું હોય છે. એકાદ-બે વ્યક્તિઓ હોય તો અંગત વ્યવસ્થા તથા સમસ્યાઓને ઉકેલવી મુશ્કેલ થઈ જાય. આ બધાં કારણોને ધ્યાનમાં રાખીને તીર્થયાત્રા એકાકી નહિ, પરંતુ ટોળીઓના રૂપમાં નીકળતી હતી. આમ તો એકલા નીકળવાનો પણ કોઈ નિષેધ નથી. ઝડપી ગતિનાં વાહનોના ઉપયોગથી શારીરિક સુવિધા તો રહે છે, પરંતુ વધારે લોકોનો સંપર્ક થઈ શકતો નથી. પગપાળા ચાલતી વખતે રસ્તામાં ઘણા લોકો સાથે વાતચીત ચાલતી રહે છે. વાહનમાં મુસાફરી કરનાર લોકો માટે આવું શક્ય હોતું નથી.

નદીઓ, પર્વતો તથા પુણ્યક્ષેત્રોની પરિક્રમાઓ તો આજે પણ થાય છે. નર્મદાના ઉદ્ગમકેન્દ્રથી લઈને તેના અંત સુધીની પરિક્રમા દર વર્ષે નીકળે છે. ગિરનાર અને ગોવર્ધન પર્વતની પરિક્રમાનું પુણ્ય છે. વ્રજની ચોર્યાસી કોસ તથા પ્રયાગની પંચકોશી પરિક્રમાઓ પ્રસિદ્ધ છે. શિવરાત્રી પર લોકો ખભા પર ગંગાજળની કાવડ લે છે અને અમુક શિવાલય પર તે ચઢાવે છે. રસ્તામાં આ યાત્રાળુઓ ભજનકીર્તન ગાતા ચાલ્યા જાય છે, જેથી ચાલતાં ચાલતાં પણ ઉદ્બોધનનો હેતુ સરે છે. આજે તો ચિહ્નપૂજા રહી ગઈ છે, લક્ષ્ય સાવ દૂર જતું રહ્યું છે.જો લક્ષ્યને મુખ્ય અને ચિહ્નપૂજાને ગૌણ બનાવી લેવામાં આવે તો તીર્થયાત્રાની પુણ્યપરંપરા આપણા યુગની જરૂરિયાતો પૂરી કરવામાં પ્રાચીનકાળની જેમ ખૂબ જ શ્રેયસ્કર સાબિત થઈ શકે તેમ છે.

ભક્તિ અને તીર્થયાત્રા પ્રાચીનકાળમાં પરસ્પર સઘનતાપૂર્વક જોડાયેલાં હતાં. તપશ્ચર્યાઓમાં તેમને મુખ્ય માનવામાં આવે છે. તિતિક્ષાનાં અન્ય સાધનો પણ તપના રૂપમાં દર્શાવવામાં આવ્યાં છે, પરંતુ તીર્થયાત્રાથી વ્યક્તિ અને સમાજનું હિત સધાય છે તેને ધ્યાનમાં રાખીને તેનું પ્રચલન ઘણું વધ્યું છે અને તેને મહત્ત્વ પણ વધારે મળ્યું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. પ્રખ્યાત ધાર્મિક પુરુષોમાંથી મોટાભાગનાએ પોતાની કાર્યપદ્ધતિમાં તીર્થયાત્રારૂપી તપને મુખ્યરૂપે સામેલ કર્યું છે. નાના કે મોટા સંતોની જીવનચર્યા પર નજર નાખવાથી આ હકીકત સ્પષ્ટ થાય છે.

દેવર્ષિ નારદજી સતત યાત્રા કરતા રહેતા હતા. એવું કહેવાય છે કે બે ઘડી કરતાં વધારે ક્યાંય ન રોકાવાનો તેમને શાપ હતો. દેવર્ષિ નારદજી નિત્ય પરિવ્રાજક છે, તેમનું કામ જ પોતાની વીણાના મનોહર ઝંકારથી ભગવાનના ગુણોનું ગાન કરતાં કરતાં સતત યાત્રા કરવાનું હતું. ભક્તિસૂત્રના નિર્માતા નારદજીની બાબતમાં એવું પણ કહેવાય છે કે તેમણે આખી પૃથ્વી પર ઘેરઘેર જઈને લોકોમાં ભક્તિની સ્થાપના કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

દક્ષિણમાં અસુરોના વધતા જતા અત્યાચારને રોકવા માટે અગસ્ત્ય ઋષિએ દક્ષિણની યાત્રા કરીને ત્યાં પોતાનો આશ્રમ બનાવ્યો હતો. લક્ષ્મણને અગસ્ત્ય ઋષિના આશ્રમનો પરિચય આપતાં રામ કહે છે-

**યદા પ્રભૃતિ ચક્રાન્તા દિગિયં પુણ્ય કર્મણા ।**
**તદા પ્રભૃતિ નિર્વૈરાઃ પ્રશાન્તા રજનીચરાઃ ॥**

– વાલ્મીકિ રામાયણ

આવા પુણ્યકર્મા મહર્ષિ અગસ્ત્યે જ્યારથી આ દક્ષિણ દિશામાં પદાર્પણ કર્યું છે ત્યારથી અહીંના રાક્ષસો શાંત થઈ ગયા છે તથા તેમણે બીજાઓ સાથે વેરવિરોધ કરવાનું છોડી દીધું છે.

ભગવાન શ્રીરામનો તીર્થયાત્રા પ્રેમ અદ્‌ભુત હતો. તેમની તીર્થયાત્રા વિશે સ્કંદ, પદ્‌મ, અગ્નિ, બ્રહ્મ, ગરુડ,વાયુ વગેરે પુરાણોમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

'યોગવાશિષ્ઠ' માં રામના બાળપણમાં જ વશિષ્ઠ વગેરે બ્રાહ્મણોની સાથે અનેક નદીઓ તથા માનસરોવર વગેરે તીર્થોમાં ભ્રમણ કરવાનું વિસ્તારથી વર્ણન આવે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

'આનંદ રામાયણ' માં ભગવાન રામની તેમના અનુચરો સાથે કરવામાં આવેલી તીર્થયાત્રાનું 'યાત્રાકાંડ'માં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. આ યાત્રામાં ભગવાન રામે દેશનાં બધાં જ તીર્થોનું ભ્રમણ કર્યું હતું. ભગવાન રામ આખું જીવન યાત્રા જ કરતા રહ્યા. આ યાત્રામાં જૂનાં તીર્થોનો ઉદ્ધાર, નવાં તીર્થોની સ્થાપના, ધર્મપ્રચાર, દુષ્ટતાનો નાશ વગેરે અનેક ઉદ્દેશ્યો સમાયેલા હતા. ચૌદ વર્ષના વનવાસકાળ દરમ્યાન ભગવાન રામ જ્યાં જ્યાં ગયા ત્યાં તીર્થસ્થાનો બની ગયાં.

**વનવાસ ગતો રામો યત્ર યત્ર વ્યવસ્થિતઃ ।**
**તાનિ ચોક્તાનિ તીર્થાનિ શતમષ્ટોત્તરં ક્ષિતૌ ॥**

– કુર્મપુરાણ

વનવાસ સમયે રામ જ્યાં જ્યાં રહ્યા ત્યાં તીર્થો બની ગયાં. આવાં તીર્થોની સંખ્યા ૧૦૮ થઈ ગઈ હતી.

લોકકલ્યાણનું વ્રત લેનાર મહાત્મા બુદ્ધે સતત ૪૫ વર્ષો સુધી દેશભરમાં ભ્રમણ કરીને જનતાને સત્યધર્મનો ઉપદેશ આપ્યો અને અનેક લોકોને કુરિવાજો અને અંધવિશ્વાસમાંથી છોડાવીને કલ્યાણકારી માર્ગે ચાલવાની પ્રેરણા આપી.

સમ્રાટ અશોકે ત્રેવીસ વર્ષ સુધી રાજ્ય કર્યા પછી ઈ.સ.પૂર્વે ૨૪૯માં પોતાના રાજયનાં તીર્થસ્થાનોનું ભ્રમણ કર્યું. પાંચ શિલાસ્તંભોમાં અંકિત લખાણ ઉપરથી એ ખબર પડે છે કે તેઓ મુઝફ્ફરપુર અને ચંપારણ થઈને હિમાલયની તળેટી સુધી ગયા હતા અને ત્યાંથી પશ્ચિમ તરફ વળીને લુંબિનીવન પહોંચ્યા હતા, જ્યાં તથાગતનો જન્મ થયો હતો. પોતાની યાત્રાના સ્મારક રૂપે તેમણે લુંબિનીવનમાં પણ એક શિલાસ્તંભ સ્થાપિત કર્યો હતો. આચાર્ય ઉપગુપ્ત સાથે ફરી કપિલવસ્તુ, સારનાથ તથા શ્રાવસ્તી ગયા. આવી રીતે બૌદ્ધતીર્થોની યાત્રા કરતાં કરતાં સમ્રાટ અશોક કુશીનગર પહોંચ્યા. તીર્થયાત્રા પછી અશોકે સંન્યાસ ધારણ કર્યો તથા બધો જ સમય ધર્મચર્યા અને ધર્મોપદેશમાં વિતાવ્યો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જગદ્‌ગુરુ આદ્યશંકરાચાર્યે દિગ્વિજયનો આરંભ કર્યો. અનંતશયન, અયોધ્યા, ઇન્દ્રપ્રસ્થપુર, ઉજ્જયિની, કર્ણાટક, કાંચી, ચિદંબર, બદરી, પ્રયાગ વગેરે તીર્થક્ષેત્રો અને મહાનગરોમાં આત્મજ્ઞાન અને ધર્મનો પ્રચાર કર્યો. કાશ્મીરથી રામેશ્વર સુધીની વિદ્વાન મંડળીઓએ તેમની વિદ્વત્તા સામે મસ્તક ઝુકાવ્યું. તેમણે પદયાત્રા દરમ્યાન દક્ષિણમાં શૃંગેરી, પૂર્વમાં જગન્નાથપુરીમાં ગોવર્ધન, પશ્ચિમમાં દ્વારકામાં શારદા અને ઉત્તર બદ્રિકાશ્રમમાં જ્યોતિર્મઠની સ્થાપના કરી.

સંત જ્ઞાનેશ્વરે આલંદીથી, નેવાથી પાછા આવીને પંદર વર્ષની ઉંમરે વિક્રમ સંવત ૧૩૪૭માં 'જ્ઞાનેશ્વરી ગીતા'નું સંકલન કર્યું, ત્યાર પછી તીર્થયાત્રા શરૂ કરી. તેમની સાથે નિવૃત્તિનાથ, સોપાનદેવ, મુક્તાબાઈ, નરહરિ સોનાર, ચોખામેલા વગેરે તત્કાલીન સંતો હતા. તેઓ પંઢરપુર ગયા. ત્યાંથી સંત નામદેવ તેમની સાથે જોડાઈ ગયા. પછી ઉપરોક્ત મંડળીએ ઉજ્જૈન, પ્રયાગ, કાશી, અયોધ્યા, ગયા, ગોકુળ, વૃંદાવન, ગિરનાર વગેરે તીર્થક્ષેત્રોની યાત્રા કરી. લોકોને પોતાના સત્સંગથી સચેત કરીને સર્વત્ર જાગરણનો સંદેશ સંભળાવ્યો. સંત જ્ઞાનેશ્વરની આ ઐતિહાસિક, લોકશિક્ષણપરક તીર્થયાત્રાની આસપાસનાં તથા દૂરનાં ક્ષેત્રોમાં ખૂબ જ ખ્યાતિ ફેલાઈ ગઈ. તેઓ મારવાડ અને પંજાબ તરફ પણ ગયા. તીર્થયાત્રાએથી પાછા આવ્યા પછી પંઢરપુરમાં સંત નામદેવે આ યાત્રાયજ્ઞની પૂર્તિ સ્વરૂપે એક વિશાળ ઉત્સવનું આયોજન કર્યું.

સંત એકનાથ પોતાનું અનુષ્ઠાન પૂરું કર્યા પછી ગુરુની આજ્ઞાથી તીર્થયાત્રા માટે નીકળી પડ્યા. તેમની તીર્થયાત્રામાં જનાર્દન પંતે નાસિક ત્ર્યંબકેશ્વર સુધી તેમને સાથ આપ્યો. બ્રહ્મગિરિની પરિક્રમા પછી ગોદાવરી, તાપી, ગંગા અને યમુનામાં સ્નાન કર્યું. આઠ વિનાયક અને બાર જ્યોતિર્લિંગનાં દર્શન કર્યાં. વૃંદાવન, કાશી, પ્રયાગ, ગયા, બદરિકાશ્રમ તથા દ્વારિકાની યાત્રા કરી. સંત એકનાથે ૧૩ વર્ષ સુધી યાત્રા કરી. ૨૫ વર્ષની ઉંમરે તેઓ પેઠા પાછા ફર્યા.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચૈતન્ય મહાપ્રભુએ પણ સામૂહિક તથા એકાકી રીતે અનેક સ્થળોનું પરિભ્રમણ કર્યું. ગયા પહોંચ્યા, પછી નીલાંચલ થઈને દક્ષિણની યાત્રા કરી. પોતાના ભક્ત અને શિષ્ય ગોવિંદને લઈને તેઓ હાજીપુર, મિદનાપુર થઈને નયનગઢ ગયા. ચૈતન્યે અલૌકિક પ્રેમભાવનો જ ઉપદેશ આપ્યો. ઢલેશ્વર, જલેશ્વર, હરિહરપુર તથા બલશોર થઈને  નીલગઢ ગયા. પોતાની તીર્થયાત્રામાં તેમણે જનમાનસની શુદ્ધિ કરી. સત્યાબાઈ અને કમલાબાઈ જેવી વેશ્યાઓનું હૃદયપરિવર્તન કર્યું. મહાપ્રભુ કાંચીપુરમ્ ગયા. શિવકાંચી, પક્ષી- તીર્થ, કાલતીર્થ, સંધિતીર્થ વગેરે પવિત્ર તીર્થોનાં દર્શન કરીને તેઓ તિરુચિરાપલ્લી પહોંચ્યા. તંજાવુર, કુંતી, કર્ણ, પડા, પહનકોટ, ત્રિપત્ર, શ્રીરંગમ, રામેશ્વર વગેરે દક્ષિણ ભારતનાં અનેક તીર્થોનું મહાપ્રભુએ ભ્રમણ કર્યું. મહારાષ્ટ્ર પછી ગુજરાતના દ્વારિકા, સોમનાથ, જૂનાગઢ તથા પ્રભાસક્ષેત્ર થઈને મધ્ય ભારતનાં અનેક સ્થળોના દર્શનાર્થે ગયા. અંતમાં ઉત્તર ભારતની પગપાળા યાત્રા કરી. મથુરા, વૃંદાવન, પ્રયાગ તથા કાશી ગયા. કાશીનું મન જીતીને શ્રી ચૈતન્યજીએ ભારતનું મન જીતી લીધું. માત્ર ૪૮ વર્ષની ઉંમરે તેમણે તીર્થયાત્રા દ્વારા લાખો પતિત અને કચડાયેલા લોકોનો ઉદ્ધાર કર્યો. જેઓ સમાજમાં પદચ્યુત હતા તેમને નવો દરજ્જો આપ્યો. સમગ્ર સમાજને જીવવા માટે એક નવી આસ્થા પ્રદાન કરી.

ગોસ્વામી તુલસીદાસે ૧૪ વર્ષની ઉંમર સુધી તીર્થયાત્રાઓ કરી. તેઓ પ્રયાગ, જગન્નાથપુરી, રામેશ્વર, દ્વારિકા, બદરિકાશ્રમ વગેરે પાવન સ્થળોના દર્શનાર્થે ગયા. તીર્થયાત્રા પછી તેઓ કાશીમાં રહીને સંતોનો સંગ અને શ્રીરામની કથા કહેવા લાગ્યા.

સંત તુકારામે તત્કાલીન મહારાષ્ટ્રને જ નહિ, પરંતુ સંપૂર્ણ રાષ્ટ્રને આત્મદર્શન તથા ભગવદ્દર્શન પ્રદાન કર્યું.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગુરુ નાનકજી લગભગ ત્રીસ વર્ષની ઉંમરે સાંસારિક બંધનોમાંથી મુક્ત થઈને ભટકતી માનવતાને સત્યમાર્ગનો ઉપદેશ આપવા ચાલી નીકળ્યા. ગુરુ નાનકે દેશવિદેશની વ્યાપક યાત્રાઓ કરી. તેમણે ૧૫ વર્ષ સુધી ભારતવર્ષની ચારે દિશાઓમાં બધાં જ મુખ્ય સ્થળોની યાત્રાઓ કરી અને અંતમાં અફઘાનિસ્તાન, ઈરાન, અરબસ્તાન અને ઇરાક સુધી ગયા.

સમર્થ ગુરુ રામદાસે ૧૨ વર્ષના તપ પછી ૧૨ વર્ષ સુધી તીર્થયાત્રાઓ કરી તથા સંવત ૧૭૦૧ના વૈશાખ માસમાં કૃષ્ણા નદીના કિનારે આવ્યા. તીર્થયાત્રામાં શ્રી સમર્થ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમણે મઠ સ્થાપિત કર્યા. લોકકલ્યાણની ભાવનાથી ધર્મની સ્થાપના અર્થે તે યુગમાં જ્યારે રેલવે, તાર, જહાજ, અખબાર, પ્રેસ વગેરેનો સાવ અભાવ હતો ત્યારે તેઓ આખા દેશમાં ફર્યા. તેઓ સૌપ્રથમ કાશી ગયા. પછી મથુરા-વૃંદાવનથી પંજાબ, શ્રીનગર તથા કાશ્મીર પહોંચ્યા. ત્યાંથી ચાલીને હિમાલયના કેદારનાથ, બદરીનાથની યાત્રા કરી. ઉત્તરાખંડ પછી જગન્નાથ ગયા. લંકાથી પાછા ફરતાં તેઓ કેરળ, મૈસુર અને પછી મહારાષ્ટ્ર આવી ગયા. અહીં તેમણે ગોકર્ણ, વેંકટેશ, મલ્લિકાર્જુન, બાલ નરસિંહ તથા પાલન નરસિંહનાં દર્શન કર્યાં. ત્યાર પછી પઠ્યસર, શિષ્યમૂક, કરવીર ક્ષેત્ર, પંઢરપુર વગેરે થઈને પંચવટી પાછા ફર્યા.

પુષ્ટિમાર્ગી સંત સ્વામી વિઠ્ઠલનાથે દક્ષિણ ગુજરાત અને મધ્યભારતની યાત્રા કરી. બાદશાહ અકબર, માનસિંહ, બીરબલ, મહારાણી દુર્ગાવતી, રાજા આસકરણ વગેરે તેમને ખૂબ જ સન્માન અને આદરની દૃષ્ટિએ જોતા હતા.

કૃષ્ણોપાસક સંત દયારામભાઈએ તીર્થયાત્રા કરી. દયારામભાઈ શ્રીનાથદ્વારાથી નીકળી કાંકરોલી ગયા. કાંકરોલીથી મથુરા, ગોકુળ, વૃંદાવન વગેરેની યાત્રા કરી. તેમણે આખા વ્રજમંડળના ચોર્યાસી કોસની પરિક્રમા કરી. તીર્થયાત્રાથી પરત આવીને દયારામભાઈએ વડોદરાના ગોસ્વામી શ્રી વલ્લભલાલજી મહારાજ સાથે બ્રહ્મસંબંધ જોડી દીધો.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સને ૧૮૮૮માં સ્વામી વિવેકાનંદ દેશભ્રમણ માટે નીકળ્યા. તેમણે સતત ઘણાં વર્ષો સુધી દેશવ્યાપી યાત્રાઓ કરી. આ યાત્રાઓથી તેમણે ભારતના વિભિન્ન વર્ગોની સારી જાણકારી પ્રાપ્ત કરી. રાજસ્થાનમાં પહેલાં તેઓ અલ્વર ગયા. ફરતાં ફરતાં જ્ઞાનોપદેશ આપતાં આપતાં લીંબડી-કાઠિયાવાડ ગયા. પછી મૈસુર પહોંચ્યા. ત્યાંથી રામેશ્વર થઈને કન્યાકુમારી પહોંચ્યા. ત્યાર બાદ અમેરિકા, ઈંગ્લેન્ડ અને બીજા પાશ્ચાત્ય દેશોની યાત્રા કરી.

સ્વામી રામતીર્થે પોતાની દેશવિદેશની યાત્રાઓમાં અધ્યાત્મનું સાચું સ્વરૂપ પ્રતિપાદિત કર્યું. સનાતન ધર્મસભાના પ્રસિદ્ધ ઉપદેશક દીનદયાળ શર્માની સાથે તેમણે વ્રજ, પ્રયાગ અને કાશીની તીર્થયાત્રા કરી. ઉત્તરાખંડની પણ યાત્રા કરી. હિમાલયના અંચલથી મેદાનમાં ઊતરીને તેમણે મથુરા, ફૈજાબાદ, લખનૌ વગેરેની યાત્રા કરી વેદાંત પર મહત્ત્વપૂર્ણ પ્રવચનો કર્યાં. સ્વામી રામતીર્થે અમેરિકા, જાપાન, ઇજિપ્ત વગેરે દેશોની જનતાને સત્ય, શાંતિ અને પ્રેમનો સંદેશ આપ્યો.

સ્વામી દયાનંદ વિદ્યાધ્યયન પછી મોટેભાગે પરિભ્રમણ કરતા રહ્યા. આર્યસમાજોની સ્થાપના, તેમને ગતિ આપવી, શાસ્ત્રાર્થ, સાહિત્યલેખન વગેરે કાર્યો તેમણે પોતાના પ્રવાસ કાર્યની સાથે સાથે જ સંપન્ન કર્યાં.

કવિ રવીન્દ્રનાથ ટાગોરે વિલાયતથી પાછા આવીને તીર્થયાત્રા કરી. તેમણે દેશના ગરીબોની સ્થિતિનું અધ્યયન કરવા માટે કલકત્તાથી પેશાવર સુધી બળદગાડામાં યાત્રા કરી. જો કે તે સમયે રેલગાડી ચાલતી હતી, પરંતુ રેલયાત્રાથી પછાત ગામો અને ભૂખ્યા કિસાનોની હાલત વિશે કેવી રીતે ખબર પડી શકે ?

આફ્રિકાથી પાછા આવીને ગાંધીજીએ એક વર્ષ સુધી સમસ્ત દેશનું પરિભ્રમણ કર્યું. એક વર્ષ સુધી દેશની યાત્રા કર્યા પછી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગાંધીજી અમદાવાદ આવ્યા અને ત્યાં સાબરમતી નદીના કિનારે તેમણે પોતાના સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી. તેમની દાંડી સુધીની મીઠાના સત્યાગ્રહની યાત્રા તથા નોઆખલીની સાંપ્રદાયિક સદ્ભાવ યાત્રા ખૂબ જ પ્રસિદ્ધ છે.

સંત વિનોબાએ આખા દેશમાં પગપાળા ફરીને લાખો ગરીબોની આજીવિકાની વ્યવસ્થા કરવાની સાથે સાથે ભારતીય જનતાની સ્થિતિનું નિરીક્ષણ કર્યું અને તેમની સમસ્યાઓને સમજવાનો પ્રયત્ન કર્યો. પાકિસ્તાનની પણ પદયાત્રા કરી. સને ૧૯૫૧ થી ૧૯૬૪ સુધી લગભગ ૪૩ લાખ માઈલની પદયાત્રા કરીને વિનોબાએ જયારે ફરી પોતાના આશ્રમમાં પ્રવેશ કર્યો ત્યારે તેમને ૪૨,૩૬,૮૨૭ એકર જમીન ભૂદાનમાં પ્રાપ્ત થઈ અને ૭૫૬૦ ગ્રામ સોનું દાનમાં મળ્યું.

ઈસુ ખ્રિસ્તે તેમની આધ્યાત્મિક જિજ્ઞાસાની પૂર્તિ માટે વિદેશોની યાત્રા કરી હતી. ડૉ.નોટોવિચની રચના 'ઈસુ ખ્રિસ્તનું અજ્ઞાત જીવનચરિત્ર' પ્રમાણે ચૌદ વર્ષની ઉંમરે ઈસુ સોદાગરોના એક દળ સાથે ભારત (સિંધ) આવી પહોંચ્યા. ત્યાર પછી તેઓ જગન્નાથ ગયા. ત્યાં તેમણે વેદશાસ્ત્રનું અધ્યયન કર્યું. પછી બનારસ વગેરે સ્થળોની યાત્રામાં છ વર્ષો પસાર કર્યાં. પછી કપિલવસ્તુ પહોંચ્યા. બૌદ્ધશાસ્ત્રોનું પણ તેમણે અધ્યયન કર્યું. ત્યાર પછી તેઓ નેપાળ અને હિમાલય થઈને ઈરાન પહોંચ્યા. ત્યાર પછી સ્વદેશ પહોંચીને સ્વજાતીય ભાઈઓમાં વર્ષોના અધ્યયન અને સ્વાનુભાવથી મેળવેલા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર કરવા લાગ્યા.

બીજા ધર્મોના સંસ્થાપકોએ પણ આવું જ કર્યું. ઇસ્લામ ધર્મના પયગંબર હજરત મહંમદ સાહેબે પોતાની ધર્મપ્રચાર યાત્રા જાળવી રાખી. પારસી, યહુદી, તાઓ વગેરે સંસારના મુખ્ય ધર્મસંપ્રદાયોના સ્થાપકો તથા પ્રચારકોએ તેમનો મોટાભાગનો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમય ધર્મપ્રચારની તીર્થયાત્રાઓમાં જ પસાર કરવો પડ્યો હતો.

આ તો માત્ર કેટલાંક ઉદાહરણો જ છે. તેમની ગણના કરવામાં આવે અને યાદી બનાવવામાં આવે તો એવા પ્રખ્યાત ધર્માત્મા કહેવાતા મોટાભાગના બધા જ લોકોએ ધર્મપ્રચારની તીર્થયાત્રાઓ કરેલી જોવા મળે છે. જેમને એક જ સ્થળે બેસીને સંશોધનો, લેખન કે શૈક્ષણિક કાર્યો કરવાં પડ્યાં હોય તેમણે પણ ક્યારેક ક્યારેક આવી લાંબી તીર્થયાત્રાઓનું પુણ્ય પ્રાપ્ત કર્યું છે. સામાન્ય ગૃહસ્થો પણ પોતાની વ્યસ્તતામાંથી સમય કાઢીને આ પુણ્યલાભ મેળવતા રહે છે. પોતાના અને બીજાના કલ્યાણનું આનાથી વધારે સારું, રોચક અને ઉપયોગી ધર્મકાર્ય બીજું કોઈ જ નથી.

તીર્થયાત્રાના નામે સ્થળોના દર્શનને આજે વધારે મહત્ત્વ મળી રહ્યું છે. આ દોડાદોડીમાં માત્ર સ્વાર્થી તત્ત્વોને જ ધન કમાવાનો લાભ મળે છે. પર્યટનનું આગવું મહત્ત્વ છે, પરંતુ તેને તીર્થયાત્રાનું નામ ન આપવું જોઈએ. આવી પરંપરાને બદલી શકાય અને યુગની આવશ્યકતાઓ પૂરી થઈ શકે તેવી તીર્થયાત્રા પ્રક્રિયાને યોજનાબદ્ધ રીતે સુનિયોજિત કરી શકાય તો આ મહાન ધર્મપરંપરા આજની સ્થિતિમાં પણ પ્રાચીનકાળની જેમ વ્યક્તિ અને સમાજ માટે દરેક રીતે લાભદાયી સાબિત થઈ શકે તેમ છે.

આવી રીતે તપસાધના, તીર્થયાત્રા, ક્ષતિપૂર્તિ કે ઇષ્ટપૂર્તિ દ્વારા પ્રાયશ્ચિત્ત પ્રક્રિયા સંપન્ન કરીને જે સાધકો આત્મશુદ્ધિ કરી લે છે તેમની જ ચાંદ્રાયણ સાધના તથા અન્ય યોગસાધનાઓ શક્તિસંવર્ધન, આત્મવિકાસ અને જીવનલક્ષ્યની પ્રાપ્તિનો આધાર બને છે. આથી આત્મવિકાસ ઇચ્છતા સાધકોએ, જીવનને સાર્થક બનાવવા માટેની આકાંક્ષા ધરાવનાર દરેક વ્યક્તિએ કર્મફળનો અટલ સિદ્ધાંત તથા પ્રારબ્ધનું વાસ્તવિક



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્વરૂપ બરાબર સમજી લેવું જોઈએ તથા પોતાની સ્થિતિનું ચિંતનમનન કરીને આત્મશોધન, આત્મનિર્માણ તથા આત્મવિકાસના માર્ગે સંકલ્પપૂર્વક આગળ વધવું જોઈએ. જરૂરી પ્રાયશ્ચિત્ત પ્રક્રિયાને અપનાવ્યા વગર પ્રારબ્ધના અશુભ ફળમાંથી બચવા માટે અપનાવવામાં આવેલી સસ્તી રીતરસમો અને ક્રિયાકાંડો મુશ્કેલીઓ અને કલેશને વધારતાં જ રહેશે અને ત્યારે નસીબને નકામો દોષ દેવાથી આપણી પરેશાની વધશે. પ્રાયશ્ચિત્તની શાસ્ત્રીય પ્રક્રિયાનું સાચું સ્વરૂપ સમજીને તેને અપનાવવાથી જ ઇચ્છિત સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે અને પોતાનાં પૂર્વકૃત પાપોનો ક્ષય થઈ શકે.છે. એટલું જ નહિ, બીજાઓને પણ પુણ્ય પ્રવૃત્તિઓમાં જોતરવાની, બીજાઓની સેવાસહાયતા કરવાની તથા જીવનને ધન્ય બનાવવાની શક્તિ પ્રાપ્ત કરી શકાય છે.

★

મુદ્રક : યુગનિર્માણ યોજના પ્રેસ, મથુરા

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org